ગુજરાત સરકાર

પંચાયત અને આરોગ્ય વિભાગ

# ઉદ્યોગનગર સમિતિનો અહેવાલ

*

અમદાવાદ
સરકારી મધ્યસ્થ પ્રેસ,
૧૯૬૮
( કિંમત : ૦—૫૫ પૈસા )

ગુજરાત સરકાર

પંચાયત અને આરોગ્ય વિભાગ

# ઉદ્યોગનગર સમિતિનો અહેવાલ

*

અમદાવાદ
સરકારી મધ્યસ્થ પ્રેસ,
૧૯૬૮

# વિષયસૂચિ


| | | પાનું |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના ... ... ... ... | ૧ |
| ૨. | ઔદ્યોગિક વિકાસ ... ... ... | ૫ |
| ૩. | ઉદ્યોગનગરો અને વસાહતોના પ્રશ્નો ... ... | ૭ |
| ૪. | અલગ એકમ તરીકે રચી શકાય તેવા ઔદ્યોગિક વિસ્તારો ... | ૧૪ |
| ૫. | ઉદ્યોગનગર તરીકે ઓળખાતા અલગ એકમ માટે સ્થાનિક તંત્ર ... | ૧૭ |
| ૬. | ઉદ્યોગનગર પંચાયતનું બંધારણ, તેનાં કાર્યો તથા તેની સત્તાઓ ... | ૧૯ |
| ૭. | ઉદ્યોગનગરની રચનાથી અસર પામેલી ગ્રામ પંચાયતોને નાણાકીય સહાય... | ૨૩ |
| ૮. | ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં ઉદ્યોગનગર પંચાયતો માટે ખાસ જોગવાઈઓ ... ... ... | ૨૫ |
| ૯. | સમિતિએ વિચારવાના મુખ્ય મુદ્દાઓના જવાબ ... ... | ૨૮ |
| ૧૦. | મુખ્ય ભલામણો અથવા નિર્ણય ... ... | ૩૧ |
| પરિશિષ્ટ ૧-૫. | | ૩૪ થી ૪૩ |

## પ્રકરણ ૧

# પ્રસ્તાવના

૧.૧. ઉદ્યોગનગરોના પ્રશ્નોનો સર્વાંગી અભ્યાસ કરવા માટે ગુજરાત સરકારે, ખેતી અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૬૩ના સરકારી ઠરાવ નં. ડીડીડી-૧૯૬૩-જી, થી એક સમિતિ નીમી હતી. આ ઠરાવ નીચે પ્રમાણે છે :—

"ગુજરાત પંચાયત અધિનિયમ, ડાંગ સિવાયના રાજ્યના બધા જિલ્લામાં અમલમાં છે. અમુક નગરપાલિકા અને કોર્પોરેશનને બાદ કરતાં બધા વિસ્તારોને તે આવરી લે છે. હાલમાં અને હવે પછી વિકાસ પામનારાં કેટલાંક ઉદ્યોગનગરો, પંચાયત રાજના ઢાંચામાં કઈ રીતે બંધ બેસતાં થાય તે પ્રશ્ન ઊભો થયો છે. કેટલાંક નગરો એકથી વધુ પંચાયતના ક્ષેત્રાધિકાર હેઠળના વિસ્તારો આવરી લે છે. કેટલાંક નગરો, જે પંચાયતના ક્ષેત્રાધિકારમાં આવેલાં છે, તેના બાકીના વિસ્તારની વસ્તી કરતાં ઘણી મોટી વસ્તી ધરાવતાં હોય છે. આવાં નગરોમાં, સામાન્ય રીતે, દીવાબત્તી, પાણી, (આરોગ્યલક્ષી) સ્વચ્છતા, વગેરે જેવી આગવી નાગરિક સવલતો હોય છે. કેટલાંક નગરોમાં તબીબી અને શૈક્ષણિક સવલતો પણ સારી એવી હોય છે. આ નગરોની વસ્તી, સામાન્યત: ઉદ્યોગોના કર્મચારીઓની બનેલી હોય છે. જ્યાં પેઢીઓથી વસતા રહેવાસીઓના હિત સંકળાયેલાં હોય તેવા સામાન્ય શહેર કે ગામમાં જોવા મળતા સામાજિક, આર્થિક માળખાં કરતાં આ ઉદ્યોગનગરોનું માળખું સર્વથા ભિન્ન હોય છે. આ નગરો અને તેના વિસ્તાર સાથે અમુક પ્રકારનો વ્યવહાર કરવાનાં સૂચનો, સરકાર સમક્ષ આવતાં રહે છે. આમ છતાં, ખાસ કરીને ક્રમશ: વધુને વધુ ઔદ્યોગિકરણની રાષ્ટ્રીય નીતિની ભૂમિકા જોતાં, પંચાયત રાજના માળખામાં ઉદ્યોગનગરોનું સાચું સ્થાન નક્કી કરવાનો આ વિષય ઘણો અગત્યનો હોવાનું સરકાર માને છે.

આ પ્રશ્નને અનેક પાસાં છે અને જે કંઈ નિર્ણય લેવામાં આવે તેની દૂરગામી અસર થવાની. તેથી, એક સમિતિ આ પ્રશ્નનો સર્વાંગી અભ્યાસ કરે, એવું સરકારે ઠરાવ્યું છે."

૧.૨. આ માટે, સરકારે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમી હતી:—

| | |
|---|---|
| (૧) શ્રી માલદેવજીભાઈ ઓડેદરા,<br>નાયબ મંત્રી, નાણાં અને આયોજન | ચેરમેન |
| (૨) નાયબ સચિવ,<br>ખેતી અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| (૩) નાયબ સચિવ,<br>મહેસૂલ અને ઉદ્યોગ વિભાગ | સભ્ય |
| (૪) નાયબ સચિવ,<br>સામાન્ય વહીવટ વિભાગ | સભ્ય |
| (૫) નાયબ સચિવ,<br>શિક્ષણ અને મજૂર વિભાગ | સભ્ય |
| (૬) ઉપ-સચિવ,<br>ખેતી અને ગ્રામ વિકાસ વિભાગ | સેક્રેટરી: |

૧.૩. આ વિષયનો સર્વાંગી અભ્યાસ કરતી વેળા, ખાસ કરીને નીચેના મુદ્દા પરત્વે તેની ભલામણ આપવા સમિતિને જણાવવામાં આવ્યું હતું :—

(૧) કોઈ એક ઉદ્યોગનો વિસ્તાર, એટલે કે, કારખાનાનો તેમ જ તેના કામદાર અને અન્ય કર્મચારીઓ વસતા હોય એવો આજુબાજુનો વિસ્તાર તથા તેની પ્રવૃત્તિ સંબંધે ઉદ્યોગ માટે જરૂરી કે તેની માલિકીનો બીજો વિસ્તાર અથવા ઔદ્યોગિક વસાહત, સમગ્ર રીતે, એક જ પંચાયતના ક્ષેત્રાધિકારમાં આવતા હોય ત્યાં—

(ક) કોઈ ખાસ દષ્ટિએ વિચારણામાં લેવાનું જરૂરી ન હોય એવા ઉદ્યોગનું કદ અને તેનો પ્રકાર કેવો હોવો જોઇએ, અને

(ખ) કેટલા કદથી મોટા ઉદ્યોગને કેટલીક ખાસ છૂટછાટ મળી શકે, અને તેમ હોય તો, આવી ખાસ માન્યતા કેવા પ્રકારની હોઈ શકે.

(૨) જે ગ્રામ પંચાયતના ક્ષેત્રાધિકારમાં ઉદ્યોગ આવેલ હોય તે ગામની વસ્તી કરતાં ઉદ્યોગની વસ્તી ઘણી વધારે હોય તો ઉદ્યોગના વિસ્તારને ગ્રામ વિસ્તારથી અલગ કરી, નવા મહેસૂલી ગામમાં ફેરવવો જોઇએ ?

(૩) કોઇ ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો વિસ્તાર, એકથી વધુ પંચાયતના ક્ષેત્રાધિકારમાં આવતો હોય ત્યાં જે તે પંચાયતોના જે તે વિસ્તારોમાંથી અલગ વિસ્તાર જુદો પાડી, ઉદ્યોગનગરના જ વિસ્તારને આવરી લેતું નવું મહેસૂલી ગામ બનાવી શકાય કે કેમ ?

(૪) ખાનગી પેઢી કે કંપની કે કોર્પોરેશનની માલિકી હેઠળ હોય તો ઔદ્યોગિક વિસ્તાર અથવા ઔદ્યોગિક વિકાસની સારી એવી શક્યતાવાળો બીજો કોઈ સ્થાનિક વિસ્તાર કે જેને અલગ વહીવટી વિસ્તાર બનાવી શકાય, તેને ગ્રામ પંચાયત વિસ્તારથી અલગ પાડવા પડે તેમ હોય તો, તેને ગ્રામ કે નગર પંચાયતમાં ફેરવવો કે સ્વતંત્ર ઔદ્યોગિક એકમ તરીકે રહેવા દેવો જોઇએ ?

(૫) આવા ઔદ્યોગિક વિસ્તારને સ્વતંત્ર એકમ તરીકે ગણવાનું સૂચન સ્વીકારવામાં આવે તો તેને પંચાયત રાજ સાથે સુસંગત બનાવવા, કયું રૂપ આપવું જોઈએ ?

આવા એકમનું યોગ્ય નામ શું હોઈ શકે? તેની રચના કઈ રીતે કરવી? તેની ફરજો અને જવાબદારીઓ શું હોઈ શકે? આવા એકમની રચના માટે ચૂંટણી કરવી? તેમ ન હોય તો, નિયુક્તિનો સિધ્ધાંત અપનાવી શકાય ? તે અપનાવી શકાતો હોય તો કોણ, કોને નિયુક્ત કરે ?

(૬) આવું ઔદ્યોગિક એકમ રચવામાં આવે તો તેને ગ્રામ કે નગર પંચાયત સાથે જોડવાને બદલે સીધું તાલુકા પંચાયત સાથે જોડવું જોઇએ? જો હા, તો, આવાં ઔદ્યોગિક એકમો પાસેથી સીધી રીતે વેરા વસૂલ કરવાની સત્તા તાલુકા પંચાયતને આપવી જોઇએ?

(૭) આવાં ખાસ એકમોને સીધાં જ તાલુકા પંચાયતો સાથે જોડવાની ભલામણ કરવામાં આવે તો,—

(ક) તાલુકા પંચાયતમાં તેમનું પ્રતિનિધિત્વ કેટલા પ્રમાણમાં અને કયા પ્રકારનું હોવું જોઇએ ?

(ખ) આવા ઔદ્યોગિક એકમ પર તાલુકા પંચાયતની દેખરેખ અને નિયંત્રણનું પ્રમાણ શું હોઇ શકે ?

(ધ) આવા ઔદ્યોગિક એકમ પ્રત્યે તાલુકા પંચાયતની અને તાલુકા પંચાયત પ્રત્યે આવા એકમની ફરજો અને જવાબદારીઓ શું હોવી જોઇએ ? આ તથા તાલુકા પંચાયત સાથેનો સંબંધ સ્પષ્ટ કરવામાં સહાયરૂપ અન્ય સંબંધિત પાસાં વિચારણામાં લેવાં.

(૮) ઔદ્યોગિક એકમો પાસેથી લેવાના કરવેરા પેટે તાલુકા પંચાયતે સંભાળવાનાં ખાસ કાર્ય શાં હોઇ શકે? તાલુકા પંચાયતે વસૂલ કરેલ આવા કરવેરાના અમુક ટકા જેટલી રકમ જે વિસ્તારમાં

આવાં ઔદ્યોગિક એકમ અસલમાં આવેલાં હતાં તે વિસ્તારની અથવા જે વિસ્તારમાંથી આવાં ઔદ્યોગિક એકમ અલગ રીતે રચવામાં આવ્યાં તે વિસ્તારની ગ્રામ પંચાયતને આપવી જોઈએ ?

(૯) સમિતિએ કરેલ જુદી જુદી ભલામણોના અમલ માટે, ૧૯૬૧ ના ગુજરાત પંચાયત અધિનિયમમાં કયા કયા ખાસ સુધારા કરવા પડે ?

(૧૦) સમિતિએ કરેલ ભલામણોને અમલમાં મૂકવામાં રાજ્ય પર કોઈ આર્થિક જવાબદારી આવતી હોય તો તે કેટલી હશે ?

(૧૧) ઔદ્યોગિક વસ્તી, સામાન્ય રીતે, માલિકો, કર્મચારીઓ તથા થોડા પ્રમાણમાં વેપારીઓ, ધંધાદારીઓ તથા અન્ય વર્ગોની બનેલી હોઈ, આવાં નગરનું પ્રતિનિધિત્વ, આખા નગરને એક મતદાર મંડળ ગણીને પુખ્ત મતાધિકારના સાદાં ધોરણે રાખવું કે જુદા જુદા હિત પર આધારિત જુદાં જુદાં મતદાર મંડળ દ્વારા જુદા જુદા હિતનું પ્રતિનિધિત્વ રાખવું તે વિચારવું જોઈએ. જો આમ કરવાનું હોય તો આવું પ્રતિનિધિત્વ મુકરર કરવા માટેનો આધાર અને તેનાં પ્રમાણ શું હોઈ શકે ?

૧.૪. એક વિભાગમાંથી બીજા વિભાગમાં સભ્યોની બદલી થવાને કારણે, સમિતિની રચનામાં વખતોવખત કેટલાક ફેરફાર થયા હતા. આખરે, સમિતિમાં નીચેની વ્યકિતઓ હતી :

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી | માલદેવજીભાઈ ઓડેદરા,<br>નાણામંત્રી. | ચેરમેન |
| (૨) | શ્રી | એમ. જી. શાહ, આઈ. એ. એસ.,<br>વાઈસ-ચેરમેન અને જનરલ મેનેજર<br>ગુજરાત રાજ્ય, માર્ગ વાહન વ્યવહાર,<br>કોરપોરેશન. | સભ્ય |
| (૩) | શ્રી | બી. બી. બ્રહ્મભટ્ટ,<br>નાયબ સચિવ,<br>શિક્ષણ અને મજૂર વિભાગ | સભ્ય |
| (૪) | શ્રી | પી. વી. ભટ્ટ,<br>નાયબ સચિવ,<br>પંચાયત અને આરોગ્ય વિભાગ. | સભ્ય |
| (૫) | શ્રી | બી. બી. શાહ,<br>ઉપ-સચિવ,<br>પંચાયત અને આરોગ્ય વિભાગ. | સેક્રેટરી |

૧૯૬૭ના માર્ચ પછી મંત્રી ન રહેતા શ્રી માલદેવજીભાઈ ઓડેદરા સમિતિના ચેરમેન તરીકે ચાલુ રહ્યા હતા.

૧.૫. ઓગસ્ટ, ૧૯૬૩માં તેની નિમણૂક થયા બાદ, સમિતિએ, રાજ્યમાંના ઉદ્યોગનગરો તથા ઔદ્યોગિક વિસ્તારો અંગે વિગતવાર માહિતી એકઠી કરવાનું તેમ જ ઉદ્યોગ અને મજૂર વર્ગ, પંચાયત અને નગરપાલિકાઓ, સરકારી ખાતાં અને ઉદ્યોગનગર અને વિસ્તારોના પ્રશ્નોમાં રસ ધરાવનારાંઓના મંતવ્ય જાણવાનું નક્કી કર્યું હતું. તે અનુસાર, એક પ્રશ્નાવલિ તૈયાર કરી, સપ્ટેમ્બર, ૧૯૬૩માં બહાર પાડવામાં આવી હતી. આ પ્રશ્નાવલિની નકલ પરિશિષ્ટ-૧ તરીકે આપી છે. આ પ્રશ્નાવલિ, બધા અગત્યના ઉદ્યોગો, ઔદ્યોગિક એસ્ટેટ, મહત્ત્વનાં મજૂર સંઘટનો, જિલ્લા અને તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ, ચેમ્બર ઓફ કોમર્સ, બધાં સરકારી ખાતાં, બધા ખાતાંના વડા, કલેક્ટર, સંસદ સભ્યો, ગુજરાત રાજ્યના વિધાનસભાના સભ્યો અને કેટલીયે બીજી સંસ્થાઓને મોકલવામાં આવી હતી. આની યાદી પરિશિષ્ટ-૨માં આપી છે.

૧.૬. આ પ્રશ્નાવલિના ઉત્તર ઓકટોબર, ૧૯૬૩થી મળવા માંડયા અને જૂન ૧૯૬૫ સુધી મળતા રહ્યા. જેમણે પ્રશ્નાવલિના વિગતવાર ઉત્તર આપ્યા તે ઉદ્યોગો, સંસ્થા, અધિકારીઓ, વગેરેની યાદી પરિશિષ્ટ-૩માં આપી છે. સમિતિને મેમોરેન્ડમ (નિવેદન) આપતી વ્યકિત-સંસ્થાની યાદી પરિશિષ્ટ-૪માં આપી છે. ઉત્તર મોકલનાર વ્યકિત અને સંસ્થાઓની કુલ સંખ્યા ૧૪૩ છે, પરંતુ ઘણા થોડાએ સમિતિને ઉપયોગી થાય તેવી માહિતી કે મંતવ્ય મોકલ્યાં છે. તાતા કેમિકલ્સ લિ. મીઠાપુર, અતુલ પ્રોડકટસ લિ. અતુલ, એસોસિયેટેડ સિમેન્ટ કું. લિ., દ્વારકા, બરોડા રેયોન લિ. ઉધના, દિગ્વિજય સિમેન્ટ કું. લિ., જામનગર, ગુજરાત વીજળી બોર્ડ, ધુવારણ, અખિલ ભારત સ્થાનિક સ્વરાજ સંસ્થા, મુંબઈ. અમદાવાદ તથા વડોદરા વિભાગના કમિશનરો-એ પૂરી વિચારણા બાદ મોકલાવેલ વિગતવાર ઉત્તરો ખાસ, ઉલ્લેખ પાત્ર છે. સમિતિને તેમાંથી જોઈતી બધી જ માહિતી સાંપડી છે, તે ઉપરાંત પ્રશ્નાવલિમાં દર્શાવેલ જુદા જુદા મુદ્દા પરત્વે ઘણાં કિંમતી અને રચનાત્મક સૂચનો તથા મંતવ્યો તેમાં આપવામાં આવ્યાં છે.

૧.૭. આ ઉત્તરો પર વિચારણા કર્યા બાદ, સમિતિએ, જુદાં જુદા ઔદ્યોગિક કેન્દ્રોમાં પ્રવર્તતી પરિસ્થિતિની જાત માહિતી મેળવવા તથા આ ઉદ્યોગોનો હવાલો ધરાવતી સ્થાનિક વ્યકિતઓ, મજૂર પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ, ગ્રામ પંચાયતના સરપંચો, તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખો તથા આ પ્રશ્નમાં રસ ધરાવતી અન્ય વ્યકિતઓને મળવા તથા તેમના વિચારો જાણવા રાજયનાં કેટલાંયે ઔદ્યોગિક કેન્દ્રોની મુલાકાત લીધી. સમિતિએ મુલાકાત લીધેલ કેન્દ્રોની યાદી પરિશિષ્ટ-૫માં આપી છે. જૂન, ૧૯૬૫ સુધીમાં આ મુલાકાતો પૂરી થઈ હતી. આ કેન્દ્રો ખાતે ઉપયોગી ચર્ચા થઈ હતી. આવી મુલાકાતોથી, ઔદ્યોગિક વિસ્તારના પ્રશ્નો વધુ સ્પષ્ટ થયા હતા તથા જુદા જુદા હિત ધરાવનારાઓનાં મંતવ્ય વધુ ચોકકસ રીતે જાણી શકાયાં હતાં.

૧.૮. સમિતિની ૧૨ બેઠક મળી હતી તેમ જ ઔદ્યોગિક વિસ્તારો તથા ઉદ્યોગનગરના પ્રશ્નોનાં જુદાં જુદાં પાસાં અંગે મળેલ માહિતી, મંતવ્યો અને સૂચનોના સંદર્ભમાં જુદા જુદા મુદ્દા વિચારવા માટે, સભ્યો પણ અવિધિસર રીતે કેટલીયવાર મળ્યા હતા અને સમિતિએ જે કેટલાક નિર્ણયો લીધા, તે હવે પછીનાં પ્રકરણોમાં આપ્યા છે.

૧.૯. સમિતિ ઓગસ્ટ, ૧૯૬૩માં રચવામાં આવી હોવા છતાં, મુખ્યત્વે માહિતી ઉપલભ્ય ન બનતાં તથા સમિતિના બધા સભ્યો પોતાના સરકારી કામકાજમાં પૂરેપૂરા રોકાયેલા હોઈ તેમની અનુકૂળતા પ્રમાણે મુલાકાતો ગોઠવવાની મુશ્કેલીને લીધે જુદાં જુદાં ઔદ્યોગિક કેન્દ્રોની મુલાકાતમાં ગયેલ સમયને કારણે સમિતિ મે, ૧૯૬૭ સુધી સરકારને પોતાનો હેવાલ આપી શકી ન હતી. સમિતિને સ્ટાફ વગર પોતાનું કાર્ય કરવું પડયું હતું. તેમ છતાં, સમિતિએ સમસ્યાનાં બધાં પાસાંનો અભ્યાસ કરવા તથા વિચારવાના મુદ્દાઓમાં સમાવિષ્ટ બધા મુદ્દા પર પોતાની ભલામણો આપવા પ્રયત્ન કર્યો છે. ઉદ્યોગનગર અંગે નીતિ ઘડવામાં સરકારને સમિતિની ભલામણો ઉપયોગી જણાશે એવી આશા છે.

૧.૧૦. જાત માહિતીથી પ્રશ્નનો અભ્યાસ કરવા જરૂરી બધી સગવડ આપવા માટે, મુલાકાત હેઠળનાં જુદાં જુદાં ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓની તથા સમિતિની પ્રશ્નાવલિના ઉત્તરમાં માહિતી મોકલનાર અને સમય ફાજલ પાડી અગવડ વેઠી રૂબરૂ ચર્ચા માટે સમિતિને મળનાર સૌની આ સમિતિ ઋણી છે. હેવાલ તૈયાર કરવામાં સહાય કરવા માટે, સમિતિના સેક્રેટરી તરીકે કામગીરી બજાવનારશ્રી જે. એન. રાવળ અને શ્રી બી બી. શાહનો, મળેલ માહિતીનું સંકલન કરનાર મદદનીશ શ્રી આર. એમ. પીઠડિયાનો અને ટાઈપિસ્ટ કુ. જે. આર. ભાટિયાનો પણ સમિતિ આભાર માને છે.

## પ્રકરણ—૨

# ઔદ્યોગિક વિકાસ

૨.૧. સ્વતંત્રતા મળ્યા બાદ તુરત, રાષ્ટ્રીય સરકારે દેશની ગરીબીના પ્રશ્નને હલ કરવા નિર્ણય કર્યો. દેશની સાધનસંપત્તિના ઈષ્ટતમ ઉપયોગ માટે આયોજન કમિશન રચવામાં આવ્યું અને પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી. સમાજવાદી સમાજરચના ધ્યેયને સિધ્ધ કરવા સાથે સુસંગત રહે તે રીતે દેશના ઝડપી ઔદ્યોગિકરણ પર ભાર મૂકવામાં આવ્યો. ઝડપી ઔદ્યોગિકરણ માટે બાજી પંચવર્ષીય યોજનામાં, દેશમાં પોલાદ, ભારે વીજ-સામગ્રી અને રસાયણ, યંત્ર નિર્માણ વગેરે જેવા પાયાના ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા હતા. પ્રથમ ૧૯૪૮ માં અને ફરી ૧૯૫૬માં ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી હતી. લોન અને ગ્રાન્ટના રૂપમાં મળેલ વિદેશી સહાયથી પણ ઔદ્યોગિકરણમાં વેગ આવ્યો છે. પરિણામે, જાહેર તેમજ ખાનગી ક્ષેત્રમાં કેટલાયે ઉદ્યોગ સ્થાપવામાં આવ્યા છે. જાહેર અને ખાનગી ક્ષેત્રમાં વધેલ ઉદ્યોગોની સંખ્યા બાજુએ રાખતાં, ઉદ્યોગોનું કદ પણ સારા પ્રમાણમાં વધ્યું છે. લોખંડના જંગી પ્લાન્ટ, બહુલક્ષી યોજનાકામ, રસાયણી ખાતરનાં કારખાના, લોકોમોટિવ અને કોચના કારખાનાં, ભારે વીજ-સામગ્રી, યંત્ર-નિર્માણ પ્લાન્ટ, રિફાઈનરી, પેટ્રો-કેમિકલ સંકુલ અને બીજા કેટલાયે ઉદ્યોગોમાં સંખ્યાબંધ કર્મચારીઓ નોકરી કરે છે. આ ઉદ્યોગોની સ્થાપના, વિકાસ અને વિસ્તરણ માટે મોટા વિસ્તાર જોઈએ. ઉદ્યોગ વિસ્તરણની નીતિએ પણ અર્ધશહેરી અને ગ્રામ વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપવામાં સહાય કરી છે. આ વલણ ગુજરાતમાં પણ જોવા મળે છે. પોરબંદર શહેરની હદ એક સોડા એશ અને કોસ્ટિક સોડા પ્લાન્ટ, આદિત્યાણા ગામ નજીક સિમેન્ટનું એક કારખાનું તથા વેરાવળ અને ઉંધના નજીક બે રેયોન કારખાનાં કામગીરી બજાવી રહ્યાં છે. અતુલ ખાતે રંગ અને રસાયણનું એક કારખાનું નંખાયું છે. ગુજરાતમાં તેલ મળતાં, કોયલી ખાતે રિફાઈનરીનું ઉત્પાદન શરૂ થયું છે અને રસાયણી ખાતરનું કારખાનું બાજવા નજીક ટૂંક સમયમાં ઉત્પાદન શરૂ કરશે. રાજ્યમાં એક મોટા-પેટ્રો-કેમિકલ સંકુલનું આયોજન થઈ રહ્યું છે. ખાંડના કારખાનાં, ડેરી, કાગળ અને કાગળના માવાના પ્લાન્ટ જેવા ખેતી-ઉદ્યોગો રાજ્યમાં સ્થપાઈ રહ્યાં છે.

૨.૨. ખાનગી તથા જાહેર ક્ષેત્ર, એ બંનેમાં તથા મોટેભાગે મોટાં શહેરોની બહાર આવા મોટા ઉદ્યોગોની સ્થાપનાથી કેટલીયે સમસ્યા ઊભી થઈ છે. કર્મચારીઓનાં રહેઠાણ માટે, મીઠાપુર, સિક્કા, પોરબંદર, રાણાવાવ, ધુવારણ, સેવાલિયા, કોયલી, બાજવા, દ્વારકા, અતુલ વગેરે જેવાં જુદાં જુદાં સ્થળોએ ઉપ-નગર વિકસ્યા છે. આ ઉપ-નગરોમાં વ્યવસ્થાપક મંડળ, પાણી પુરવઠો, ડ્રેનેજ, શેરીમાં દીવાબત્તી, સેનિટેશન અને સફાઈ, રસ્તા, વગેરે જેવી આવશ્યક સેવાઓની જોગવાઈ કરે છે.

૨.૩. ભારત જેવા વિશાળ દેશમાં, નાના ઉદ્યોગો સ્થાપીને મોટા પ્રમાણમાં બેકારી ઘટાડી શકાય. નાના ઉદ્યોગોના વિકાસને ઉત્તેજન આપવા, રાજ્ય સરકાર તરફથી નાણાંસહિત કેટલીયે સવલતો આપવામાં આવી રહી છે. આ દિશામાં પહેલ કરવા, ઔદ્યોગિક વસાહત સ્થાપવાનો કાર્યક્રમ બીજી પંચવર્ષીય યોજનાના સમય દરમિયાન શરૂ કરવામાં આવ્યો હતો. આ વસાહતોનો મુખ્ય ઉદેશ, આ વિસ્તારોમાં નાના ઉદ્યોગો માટે અનુકૂળ વાતાવરણ પેદા કરી તેનો વિકાસ કરવાનો, શહેર અને નગરમાં ગીચતા ઘટાડવાનો તથા ગ્રામ અને અવિકસિત વિસ્તારોમાં જીવનધોરણ ઊંચું લાવવા માટે તે વિસ્તારોમાં ઉદ્યોગો નખાય તે માટે ઔદ્યોગિક વસાહતના માધ્યમનો ઉપયોગ કરવાનો છે. આ વસાહતોમાં, વીજળી, રસ્તા, પાણી પુરવઠો, ડ્રેનેજ, ગંદા પાણીનો નિકાલ, ગોદામ, બેન્કની સવલત, ટુલ રૂમ, મરામત માટેની દૂકાનો વગેરે જેવી તમામ આવશ્યક સેવાઓ સાથે આરોગ્યપ્રદ વાતાવરણમાં યોગ્ય રીતે આયોજિત કારખાનાંની સગવડ હોય છે. બીજી યોજનામાં ગાંધીધામ, રાજકોટ, ભાવનગર, વડોદરા, અમદાવાદ અને સુરત જેવાં સ્થળો ખાતે અથવા તેની નજીકમાં આવી છ ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવી છે. ગાંધીધામ, રાજકોટ અને ભાવનગર ખાતેની વસાહતો સરકારે સ્થાપી છે, વડોદરા ખાતેની વસાહત, વડોદરા ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન લિ. નામની ખાનગી પેઢીની વ્યવસ્થા હેઠળ છે. અમદાવાદ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને વસાહત સ્થાપી છે અને સુરત નજીક ઉધના ખાતેની વસાહત સહકારી ધોરણે વિકસાવાઈ રહી છે. પંચવર્ષીય યોજના દરમિયાન, ગોધરા, મહેસાણા, અમરેલી, હિંમતનગર, ખંભાળિયા, લિંબડી, પાલનપુર, ઠાસરા અને રાજપીપળા જેવાં સ્થળો ખાતે કે તેની નજીક વધુ નવ ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવેલ છે. જૂનાગઢ અને સંજાણ ખાતે ઔદ્યોગિક વસાહતો શરૂ કરવા પગલાં લેવાઈ રહ્યાં છે.

૨.૪. ઉપરાંત, નાના ઉદ્યોગના સાહસિકોએ ભેગા મળી, સુરેન્દ્રનગર, જામનગર, અમદાવાદ, ભરૂચ, નવસારી, વલસાડ, આણંદ, વડોદરા, પાલનપુર, ગોધરા, નડિયાદ, મહુવા, તલોદ અને ગોંડળ જેવાં સ્થળો ખાતે અથવા તેની નજીકમાં સહકારી ધોરણે ૧૯ સહકારી ઔદ્યોગિક વસાહતોની નોંધણી કરાવી છે. વડોદરા, મહેમદાવાદ, ખંભાત અને અમદાવાદ ખાતે આવી ચાર વધુ વસાહતો જોઈન્ટ સ્ટોક કંપનીના ધોરણે સ્થાપવામાં આવી છે. રેડિયોના ભાગો માટે, વડોદરા ખાતે એક કાર્યકારી વસાહત સ્થાપવામાં આવી છે.

૨.૫. ઔદ્યોગીકરણની ઝડપ વધતાં, સામાન્ય સવલતો સાથે ઉદ્યોગનગર અને ઔદ્યોગિક વસાહત સાથે મોટા ઉદ્યોગો સ્થાપવાનું પૂરતું ન હોવાનું જણાયું હતું. નગર આયોજન સિધ્ધાંતો અનુસાર, જુદા જુદા ઉદ્યોગના વ્યવસ્થિત વિકાસ માટે કેટલોક વિસ્તાર ઔદ્યોગિક ઝોન તરીકે વિકસાવવા પસંદ કરવા સારું એક એજન્સી હોવી જોઈએ, એમ જણાયું હતું. ઔદ્યોગિક ઝોન પસંદ કરવા જમીન સંપાદન કરવી, પ્લોટ પાડવા તથા રસ્તા, વીજળી, પાણી પુરવઠો અને ડ્રેનેજ જેવી સામાન્ય સવલતોની જોગવાઈ. વગેરે જેવી અનેક કામગીરી કરવાની હોય છે. આ હેતુથી, ૧૯૬૨માં રાજ્ય વિધાનસભાના અધિનિયમથી જાહેર ક્ષેત્રમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનની સ્થાપના કરવામાં આવી હતી. કોરપોરેશને નરોડા, ઓઢવ, વટવા, વલ્લભવિદ્યાનગર, નાંદેસરી, વડોદરા, ઉંબરગામ, ઉધના, સૈજ-શેરથા, ભાવનગર, પોરબંદર વગેરે ખાતે વિકાસ માટે તથા ઉદ્યોગનગર સ્થાપવા માટે કેટલાયે વિસ્તાર હાથમાં લીધાં છે.

૨.૬. ૧૯૫૪ના મુંબઈ નગર આયોજન અધિનિયમ અન્વયે, દરેક સ્થાનિક સત્તાએ વિકાસ નકશો તૈયાર કરવો પડે છે. આવા નકશામાં, સ્થાનિક સત્તાના અધિકારક્ષેત્રમાં આવતા તમામ વિસ્તારનો વિકાસ અને સુધારણા કઈ રીતે કરવાની છે અને તેનું નિયમન કેવી રીતે કરવાનું છે તે દર્શાવવું જોઈએ. ખાસ કરીને તેમાં રહેઠાણ, ઔદ્યોગિક, વાણિજ્યિક તથા ખેતી જેવા હેતુ માટે અને બાગ-બગીચા, રમતગમતનાં મેદાન, શાળા, રસ્તા અને ધોરી માર્ગ, વગેરે જેવા જાહેર હેતુઓ માટે જમીનનો ઉપયોગ કરવા અંગેની દરખાસ્તો હોવી જોઈએ. ૫૧ સ્થાનિક સત્તાએ વિકાસ નકશા તૈયાર કર્યા છે કે તૈયાર કરી રહેલ છે અને તેમાં ઔદ્યોગિક વિકાસ માટે વિસ્તારો અનામત રખાયા છે, કેટલીક સ્થાનિક સત્તાઓએ તૈયાર કરેલ માસ્ટર પ્લાન જોતાં જણાય છે કે ઔદ્યોગિક વિકાસ ઘણો ઝડપી હોય એવી શકયતાવાળાં શહેરો પણ ઊભાં થશે.

૨.૭. આમ, સ્વતંત્રતા પછી અનુસરાતી ઝડપી ઔદ્યોગિકરણની નીતિથી, જાહેર, સહકારી અને ખાનગી ક્ષેત્રે કેટલાંયે ઉદ્યોગનગર અને ઔદ્યોગિક વસાહત ઊભી થઈ છે. આગામી વર્ષોમાં હજી તેનો વેગ વધશે. તેમ છતાં, આવાં નગર અને વસાહતની સ્થાપનાથી સંખ્યાબંધ સમસ્યાઓ ઊભી થઈ છે. જેની છણાવટ હવે પછીનાં પ્રકરણોમાં જોવા મળશે.

## પ્રકરણ ૩

# ઉદ્યોગ નગરો અને વસાહતોના પ્રશ્નો

૩.૧. કેટલીયે કંપનીઓએ ઉદ્યોગનગરના તેમના પ્રશ્નો સરકાર સમક્ષ રજૂ કર્યા છે. તેમાંની કેટલીક કંપનીઓએ સમિતિની પ્રશ્નાવલિના ઉત્તરમાં કે મેમોરેન્ડમમાં સમિતિ સમક્ષ તેમની મુશ્કેલીઓ રજૂ કરી છે. સમિતિએ જુદાં જુદાં કેન્દ્રોની મુલાકાત સમયે ઉદ્યોગનગર અને વસાહતના પ્રશ્નોની ચર્ચા સંબંધિત હિત ધરાવનારાઓ સાથે કરી હતી. તેમાંના કેટલાંક અગત્યના મુદ્દા નીચે વર્ણવ્યા છે.

### (ક) ઉદ્યોગો દ્વારા રજૂઆત

૩.૨. નિવેદન મોકલનાર કંપનીઓમાં તાતા કેમિકલ્સ લિ., મીઠાપુર પણ છે. ૧૨ ગામમાં આવેલી આશરે ૮,૬૬૦ એકર જમીન કંપનીના શાશ્વત કબજા ભોગવટામાં છે. આમાંથી, ૫,૯૪૧ એકર જમીન છ ગામોની પડોશની જમીન છે. મીઠાપુર નગરની વસ્તી આશરે ૧૨,૦૦૦ની છે. કર્મચારીઓની સંખ્યા ૩,૦૦૦ની છે. કંપનીએ ૩૦૮ સ્ટાફ ક્વાટર્સ અને કામદારો માટે ૧,૬૯૦ ક્વાટર્સ બાંધ્યાં છે. કંપની, દીવાબત્તી, પીવાનું પાણી, રસ્તા, ડ્રેનેજ અને સેનિટેશન, સફાઈ, મફત તબીબી સેવા, પુસ્તકાલય, વાચનખંડ, કલબ, જાહેર બગીચા, બજાર અને મનોરંજનની બીજી સવલતો જેવી તમામ મ્યુનિસિપલ સગવડો પૂરી પાડે છે, કંપની પ્રાથમિક અને માધ્યમિક શાળા, કિંડરગાર્ટન, બાલવાડી, બાલમંદિર, ઉમેદવારી શિક્ષણ શાળા તથા હોસ્પિટલની સગવડો પણ પૂરી પાડે છે. આ સેવાઓ પાછળનું વાર્ષિક ખર્ચ આશરે રૂ. ૪ થી ૫ લાખ આવે છે. કંપનીએ ભૂતપૂર્વ વડોદરા રાજ્યની સરકાર સાથે કરાર કરેલ હોઈ તેણે તૈયાર માલ પર હકસાઈ આપવી પડે છે. બીજા ગામ કે નગરની જરૂરિયાતો કરતાં કારખાના અને કારખાનાના નગરની જરૂરિયાતો સર્વથા ભિન્ન હોઈ અને કંપની, નગર પંચાયતની ફરજ તથા કર્તવ્ય બજાવતી હોઈ મીઠાપુરમાં નગર પંચાયત સ્થાપવાનું બિન-જરૂરી થશે એવી રજૂઆત કરવામાં આવી છે. તેમણે સરકાર સમક્ષ પણ રજૂઆત કરી હતી કે મીઠાપુરનું કારખાનું અને નગર જે જમીન પર આવેલ છે તે જમીન કેટલીયે પંચાયતની હદમાં આવતી હોવાથી, મીઠાપુરનું કારખાનું તેમના અધિકાર ક્ષેત્રમાં આવે છે. અને આ બધી પંચાયતો કરવેરા નાખવા, અધિકૃત હોઈ, કંપની તે તમામને આવા કરવેરા ચૂકવવાપાત્ર બને છે. વધુમાં, એવી રજૂઆત કરવામાં આવેલ કે ગુજરાત પંચાયત અધિનિયમ અનુસાર ચૂંટણીથી નગર પંચાયત સ્થાપવામાં આવે તો કંપની અને પંચાયત વચ્ચે વિવાદ ઊભા થશે, ઔદ્યોગિક શાંતિ જોખમાશે અને ઔદ્યોગિક ઉત્પાદનને સહન કરવું પડશે તથા આવી વ્યવસ્થાથી ભવિષ્યમાં ગુજરાતમાં ઉદ્યોગનગરો સ્થપાતાં અટકશે. તેથી, ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમના અમલમાંથી કંપનીના વિસ્તારને બાકાત રાખવાની વિનંતિ કરવામાં આવી હતી.

૩.૩. એસોસિયેટેડ સિમેન્ટ કું. એ જણાવ્યું છે કે દ્વારકા ખાતેના તેમના કારખાનામાં ૧,૩૨૨ કર્મચારીઓ કામ કરે છે અને કંપનીએ બાંધેલા ૨૯૬ મકાનમાં તે રહે છે. પાણી, સેનિટેશન રસ્તા, ડ્રેનેજ, શેરીના દીવાબત્તી, જેવી આવશ્યક સેવાઓ તે વિના મૂલ્યે આપે છે. આ સેવાઓ પાછળનું મૂડી ખર્ચ રૂ. ૪ લાખથી વધુ હતું અને વાર્ષિક નિભાવ ખર્ચ રૂ. ૧ લાખ થાય છે. આ નગર, તમામ કર્મચારીઓને મફત તબીબી સહાય તથા તેમના બાળકોને ધોરણ ૭ સુધી મફત શિક્ષણ પણ આપે છે. જાન્યુઆરી ૧૯૬૪માં દ્વારકા નગર પંચાયતની હદ, ગામની મહેસૂલી હદ બરાબર કરવામાં આવી ત્યારે સિમેન્ટનું કારખાનું અને તેનું નગર, દ્વારકા નગર પંચાયતના અધિકાર-ક્ષેત્રમાં આવ્યાં અને કરવેરાના પ્રશ્નો ઊભા થયા. નગર પંચાયતે નાખેલ તમામ કરવેરાને બદલે કંપનીએ ચૂકવવા જોગ ઊચક રકમ-ફાળો નક્કી કરવા માટે, કંપનીએ ૧૯૬૪ના ગુજરાત પંચાયત (કારખાના દ્વારા, કરવેરાને બદલે ઊચક રકમ ફાળાની ચુકવણી) નિયમોના નિયમ ૩ (૧) હેઠળ નગર પંચાયતને અરજી કરી ચર્ચા બાદ, નગર પંચાયત અને કંપની વચ્ચે કબૂલત થઈ કે કંપનીએ, તે સમયે નાખવામાં આવેલા છ કરવેરા, ચાર ફી અને એક સેસને બદલે તથા કરારની મુદત દરમિયાન બીજા જે કંઈ કરવેરા, ફી કે સેસ નાખવામાં આવે તેને બદલે પંચાયતને ૩ વર્ષ સુધી દર વર્ષે રૂ. ૫૦,૦૦૦ની રકમ ચૂકવવી. રાજ્ય સરકારે, ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૭૯ (૧) અન્વયે આ કરારને બહાલી આપી હતી.

૩.૪. હવે કંપનીએ રજૂઆત કરી છે કે ૫૦૦ કે તેથી વધુ કર્મચારીને કામે રોકતા અને રહેઠાણ, નાગરિક સવલતો મનોરંજનની સગવડ અને તબીબી સહાય તથા વસાહતોમાં રહેતા કર્મચારીઓનાં બાળકો અને તેમના આશ્રિતો માટે શિક્ષણની સવલત આપતા તમામ મોટા ઉદ્યોગો, જે વ્યકિતગત ધોરણે વિચારતાં નાનું નગર કે ગ્રામ્ય બને છે, તેમની સાથે જુદી રીતે વ્યવહાર કરવો જોઈએ. ઔદ્યોગિક વિસ્તારને મહેસૂલી ગામ કે ગામોથી અલગ કરી, તેને માટે અલગ સ્થાનિક મંડળ રચવાનું સૂચન થયું છે. કંપનીએ જણાવ્યું છે કે ઉદ્યોગોની સ્થાપના અને વિકાસને પંચાયતોની દેખરેખ અને નિયંત્રણને અધીન રાખવા ન જોઈએ, કારણ, આજની ગ્રામપ્રજા સુશિક્ષિત નથી તેમજ દેશ, ઔદ્યોગિકરણના પ્રાથમિક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે પંચાયત સમિતિઓ પર પ્રતિનિધિત્વ ધરાવતા ગ્રામજનો પાસેથી, નવા ઉદ્યોગોનો વિકાસ સાધવાની તથા સ્થાપિત ઉદ્યોગો ચલાવવા જોઈતી કુશળતાની કદર કરવાની અપેક્ષા રાખવાનું વધુ પડતું બનશે. તેમણે સૂચવ્યું છે કે પંચાયત અધિનિયમના ઉદ્દેશો આગળ વધારવા માટે ઔદ્યોગિક વસાહતમાં લોકશાહી તંત્ર હોવાનું જરૂરી જણાય તો મોટી ઔદ્યોગિક વસાહતો માટે, જે તે મોટા ઉદ્યોગોના નામ પરથી નગર કે નિર્દિષ્ટ વિસ્તાર સ્થાપવાની જોગવાઈ કરવા અધિનિયમમાં સુધારો કરી શકાય અને સમિતિ પર યોગ્ય વ્યકિતઓ નિયુકત કરીને તથા આવી સમિતિમાં જે તે ઉદ્યોગને પૂરતું પ્રતિનિધિત્વ આપીને સ્થાનિક મંડળોની રચના કરી શકાય. રાજ્ય સરકાર, ઔદ્યોગિક વસાહતમાં પ્રવર્તતી પરિસ્થિતિ મુજબ સ્થાનિક સંસ્થાની ફરજો અને જવાબદારીઓ નક્કી કરી શકે.

૩.૫. કંપનીએ વધુમાં સૂચવ્યું છે કે સરકારની નીતિ, ક્રમશ: વધુને વધુ ઔદ્યોગિકરણ કરવાની હોવાથી અને આ ધ્યેય, ઔદ્યોગિક એકમોને સ્થાનિક રાજકારણ તથા સ્થાનિક મંડળની દખલગીરીથી દૂર રાખીને જ સિધ્ધ કરી શકાય તેમ હોવાથી, ઉદ્યોગ માટે રચવામાં આવેલ સ્થાનિક મંડળને તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત સાથે ન જોડતાં, તેને, નગરપાલિકાની જેમ રાજ્ય સરકારની સીધી દેખરેખ નીચે સ્વતંત્રપણે કામ કરવા દેવું જોઈએ.

૩.૬. મુખ્યત્વે ઉદ્યોગના જ કર્મચારીઓના બનેલા નગરનું સામાજિક-આર્થિક માળખું, આસપાસના વિસ્તારના માળખાથી ઘણું ભિન્ન હોય છે અને તેથી, ખાસ કરીને ક્રમશ: વધુને વધુ ઔદ્યોગિકરણની રાષ્ટ્રીય નીતિ ધ્યાનમાં રાખતાં, આવા નગરને પડોશના સ્થાનિક મંડળ સાથે જોડવું, એ આવા નગરના હિતમાં ન હોવાનું કંપનીએ જણાવ્યું છે. ઉલટું આવા નગરમાં અપાતી સવલતોનું ધોરણ જાળવી રાખવાનું જે તે સ્થાનિક મંડળ માટે મુશ્કેલ બને તેમ હોઈ, આવું જોડાણ ઔદ્યોગિક શાંતિનો ભંગ કરવાનાં પરિણામે એમ પણ બને.

૩.૭. અમારી સમક્ષ રજૂઆત કરનાર બીજો ઉદ્યોગ વલસાડ જિલ્લાનો અતુલ પ્રોડકટસ લિ. છે. તેનો નગર વિસ્તાર ૧૦૦૦ એકર જેટલો છે. આ નગર, અતુલ ગ્રામ પંચાયતની હદમાં આવેલું છે. વિસ્તારની મધ્યમાં આવેલ આશરે ૧૦૦ એકર જમીન બાદ કરતાં લગભગ આખું ગામ અતુલ પ્રોડકટસ લિ. નું છે. ગામમાં ચૂંટાયેલ ગ્રામ પંચાયત છે. નગરની વસ્તી ૩,૦૦૦ જેટલી છે. અતુલના કર્મચારીઓની સંખ્યા આશરે ૨,૦૦૦ છે. અતુલના કર્મચારીઓ માટે આશરે ૨૫૦ કવાટર્સ બાંધવામાં આવ્યાં છે. પાણી પુરવઠો, સેનિટેશન, રસ્તા, વીજળી, વગેરે જેવી મ્યુનિસિપલ સેવા નગરમાં મળી રહે છે. નગરમાં પ્રાથમિક અને માધ્યમિક શાળા પણ છે. તમામ અદ્યતન સવલતોવાળુ દવાખાનું પણ છે. બાળકો માટે રમતગમતના મેદાન તથા ઓપનએર થિયેટર તેમજ સ્વિમિંગ પુલ પણ છે. પંચાયત, ઔદ્યોગિક નિવાસો તથા બીજા મકાનો પાસેથી અનુક્રમે રૂા. ૯,૦૦૦ અને રૂા. ૩૦,૦૦૦ જેટલો વેરો મેળવે છે. પહેલા, કંપનીનો વિસ્તાર એકથી વધુ ગામની અધિકાર-ક્ષેત્રમાં હતો, પરંતુ કંપનીની વિનંતિથી બીજાઓની માલિકીની આશરે ૧૦૦ એકર જમીન સહિત કંપનીની માલિકીના વિસ્તારનું બનેલું "અતુલ" નામનું અલગ મહેસૂલી ગામ રચવામાં આવ્યું હતું. ચૂંટાયેલી ગ્રામ પંચાયત વાસ્તવમાં તો કંપનીની દોરવણી અને નિયંત્રણ હેઠળ કામ કરે છે.

૩.૮. અતુલ પ્રોડકસ લિ. એ વિચારણાર્થે કેટલાક અગત્યના મુદ્દા સૂચવ્યા છે:—

(૧) ગામમાં ઔદ્યોગિક એકમની મિલકત સૌથી વધુ હશે અને તે પોતાના ઉપયોગ માટે મોટા પ્રમાણમાં ચીજવસ્તુઓ ખરીદશે. જે સ્થાનિક પંચાયતના કરવેરાને અધીન રહેશે. ઔદ્યોગિક

એકમની સ્થાપનાથી જ સ્થાયી રોજગાર ઊંચી આવક અને આનુષંગિક વ્યવસાયનો વિકાસ જેવા કેટલાક લાભ સમાજને મળે છે તેમજ ઔદ્યોગિક એકમ સ્થપાયું ન હોત તો જે મળ્યા ન હોત તેવા, પોસ્ટ ઓફિસ, રેલવે સ્ટેશન, વીજળી શકિત તથા બેંકની સવલત જેવા બીજા ઘણા લાભ આડકતરી રીતે મળે છે.

ઉપર દર્શાવેલ લાભ સામે, પંચાયત તેની રાજેતા મુજબની કામગીરી હેઠળ ઔદ્યોગિક એકમને આપી શકે તેવા બીજા કોઈ લાભ હોય તો તે જૂજ છે. શિક્ષણ પૂરતું, શાળાને સરકાર તરફથી ગ્રાન્ટ મળતી હોવાથી પંચાયતને શાળા સ્થાપવા અંગે કંઈ વધારાનો ખાસ બોજો ઉપાડવો પડશે નહિ. ઔદ્યોગિક વસ્તીની અપેક્ષાના પ્રમાણમાં પંચાયત તબીબી સવલત પણ પૂરી પાડી શકશે નહિ. વીજળી પૂરી પાડવાની ગોઠવણ કરવાનું દરેક પંચાયત માટે શકય ન પણ બને.

(૨) પંચાયત રાજનો ઉદ્દેશ, ગ્રામજનોને જવાબદારીની ભાવના સાથે નાગરિકોને લગતા પ્રશ્નો હાથ ધરતા કરવાનો છે. ઔદ્યોગિક એકમ પૂરતું, તે વિસ્તાર માટે અલગ ઔદ્યોગિક પંચાયત સ્થાપીને આ ઉદ્દેશ સારી રીતે સિધ્ધ કરી શકાય.

(૩) સરેરાશ ગ્રામ પંચાયતની વાર્ષિક આવક ગ્રાન્ટ સહિત રૂા. ૫,૦૦૦-જેટલી હોય અને તેની વસ્તી આશરે ૧,૦૦૦ ની હોય એમ માનીએ તો ૨૫૦-૩૦૦ કુટુંબની હાઉસિંગ કોલોનીવાળા અને વર્ષે રૂા. ૧,૦૦૦-જેટલો બિન-ખેતી આકાર ચૂકવતા ઔદ્યોગિક એકમ કે એકમોના જૂથને અલગ પંચાયત રચવા યોગ્ય ગણવા જોઈએ અને તેને તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત સાથે સીધો સંબંધ હોવો જોઈએ.

(૪) ઔદ્યોગિક એકમની શરૂઆતથી અથવા તેમાં અમુક પ્રમાણમાં વસ્તી થયેથી તેને સહાય કરી, અલગ નગર બનવાની છૂટ આપવી જોઈએ. ઔદ્યોગિક એકમને પંચાયત રચવાનો અધિકાર આપવામાં આવે તો આવા અધિકાર સાથે જોઈન્ટ સ્ટોક કંપનીએ અથવા ઔદ્યોગિક એકમના જે માલિક હોય તેણે પરિપૂર્ણ કરવાની કેટલીક ઓછામાં ઓછી જવાબદારીઓ સંકળાયેલી હોવી જોઈએ. આવી જવાબદારીઓ રસ્તા, પાણી દીવાબત્તી અને સેનિટેશનને લગતી હોવી જોઈએ. કામગીરીનું અપેક્ષિત ધોરણ, સામાન્ય ગ્રામ પંચાયતના ધોરણ કરતાં સહેજ ઊચું હોવું જોઈએ ઔદ્યોગિક એકમે તેનાં પોતાનાં નાણામાંથી આ સવલતોની જોગવાઈ કરવી જોઈએ અને આમ કરવામાં આવે ત્યાં પંચાયતના પોતાના વિસ્તારમાં આવી સવલતો પૂરી પાડવા માટે પંચાયતે લેવાના કોઈપણ કરવેરા, આવા ઔદ્યોગિક એકમ પર નાંખવા ન જોઈએ.

(૫) ઔદ્યોગિક એકમ માટેની પંચાયત "કંપની સંચાલિત" પંચાયત ન હોવી જોઈએ અને સલામતિની જોગવાઈ સાથે, માલિક કે કામદારના ખાસ પ્રતિનિધિત્વને લગતા કોઈ પણ નિયમ સિવાય તે ચૂંટાયેલી પંચાયત હોવી જોઈએ. તેમ છતાં અત્રે એ દર્શાવવું ઘટે કે આવી પંચાયતમાં નીચલી કક્ષાના કામદારોનું વત્તેઓછે અંશે વર્ચસ્વ રહેવાનું અને મજૂર રાજકારણ પંચાયતના વહીવટ પર પકડ ન જમાવે તે જોવાની કાળજી રાખવી જોઈએ.

૩.૯. ગુજરાત વીજળી બોર્ડ પણ ખાસ કરીને ધુવારણ થર્મલ પાવર સ્ટેશન સંબંધમાં આ પ્રશ્નાવલિનો જવાબ મોકલ્યો છે. આ સ્ટેશનમાં આશરે ૧૫૦૦ ની વસ્તી છે અને તેનો વિસ્તાર ૯૦૦ એકરનો છે. બોર્ડ સ્ટાફ કોલોની સહિત આનુષંગિક બાંધકામો સાથે થર્મલ પાવર પ્લાન્ટ બાંધવા માટે સરકાર મારફત જમીન સંપાદિત કરી હતી. બોર્ડે આશરે ૪૦૦ વ્યકિતને રહેઠાણની સગવડ આપી છે અને વધુ ૩૦૦ જેટલા નિવાસ બાંધવાનું વિચારણા હેઠળ છે આ કોલોનીમાં, રસ્તા, પાણી-પુરવઠો, વીજળી, સેનિટેશન, શિક્ષણ, હોસ્પિટલ, વગેરે જેવી તમામ નાગરિક સવલતો પૂરી પાડવામાં આવી છે. ઓપન-એર થિયેટર તથા નિવાસીઓની સગવડ ખાતર નાનું બજાર પણ છે. ધુવારણ ગ્રામ પંચાયતના અધિકારીક્ષેત્રમાં આ થર્મલ પાવર સ્ટેશન આવેલું છે. તે પંચાયત થર્મલ સ્ટેશન ઊભું કરવા માટે બોર્ડ દ્વારા આયાત કરતા સ્ટોર તથા માન્ય સામગ્રી પર ઓકટ્રોય લેવાનું નકકી કર્યું હતું. પરંતુ બોર્ડ આ ઓકટ્રોય સામે વાંધો લઈ, ધુવારણ ગ્રામ પંચાયતના વિસ્તારમાંથી ધુવારણ પ્રોજેકટનો વિસ્તાર અલગ પાડી, તેને માટે અલગ ગ્રામ

પંચાયત રચવા રાજ્ય સરકારને વિનંતી કરી હતી. સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સાથે ચર્ચા વિચારણા કરીને, બોર્ડની આ વિનંતી પર વિચારણા કર્યા બાદ સરકારે બોર્ડ ની માલિકીના ધુવારણ થર્મલ પાવર સ્ટેશનના વિસ્તારની બનેલી અલગ ગ્રામ પંચાયત રચી છે. પરંતુ યોગ્ય રીતે ચૂંટાયેલ ગ્રામ પંચાયત રચવાનું હજી સુધી શકય બન્યું નથી. આનું કારણ એ છે કે આ આખા ગામની વસ્તી બોર્ડ હેઠળ નોકરી કરતા કર્મચારીઓની અને કોન્ટ્રાકટરોએ રોકેલા રોજમદાર પર કામ કરતા થોડા કામદારોની બનેલી છે. અને બોર્ડની નોકરીની શરતો અનુસાર બોર્ડનો કોઈ કર્મચારી કોઈ સ્થાનિક સંસ્થાની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભો ન રહી શકે કે આવી કોઈ સંસ્થાના સભ્ય તરીકે ચાલુ રહી ન શકે. આમ, બોર્ડના નોકરીના નિયમો સુધારવામાં આવે કે આ વિસ્તાર માટે સ્થાનિક તંત્ર રચવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે તે સિવાય ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં, વિચારાયા પ્રમાણે આ વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતું ચૂંટાયેલ મંડળ શકય નથી.

૩.૧૦. વિસ્તારના સ્થાનિક વહીવટ માટે બોર્ડે નીચેની વ્યવસ્થા સૂચવી છે :—

(૧) ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ગ્રામ પંચાયત રચવા માટે સભ્યોની નિયુકિત;

(૨) પંચાયત પોતાની સત્તા વાપરીને કરવેરા, વગેરે, નાખીને જરૂરી નાણાં ઊભાં કરે તેને બદલે તેની કામગીરી માટે જરૂરી નાણાં બોર્ડે આપવાં;

(૩) ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ગ્રામ પંચાયત પોતાની નાગરિક જવાબદારીઓ અદા કરી શકે તે માટે જરૂરી હોય તેવી, બોર્ડની બીજી સત્તા અને કર્તવ્યો તેને સોંપવાં.

## (ખ) ચેમ્બર ઓફ કોમર્સ-દ્વારા રજૂઆત

૩.૧૧. અમદાવાદના ગુજરાત વેપારી મહામંડળે, સૂચવ્યું છે કે ઉદ્યોગને લાઈસન્સ આપવા ભારત સરકારે વખતોવખત સ્વીકારેલા સિધ્ધાંત અનુસાર "જે નાના ઉદ્યોગ" માં આવતો ન હોય અથવા જેનું વાર્ષિક ઉત્પાદન રૂ. ૧૦ લાખથી વધુ હોય કે જે ૧૦ એકરથી વધુ વિસ્તાર ધરાવતો હોય તેવા ઉદ્યોગને ખાસ વિચારણામાં લઈ, જિલ્લા પચાયત સાથે સીધા જોડાયેલા અલગ ઔદ્યોગિક એકમ તરીકે રચવો જોઈએ. ઔદ્યોગિક એકમને જિલ્લા પંચાયતમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ. અને દર રૂ. ૧૦ લાખના વાર્ષિક ઉત્પાદન દીઠ એક પ્રતિનિધિ નિયુકત કરવાની છૂટ આપવી જોઈએ. આ એકમ હાલની ગ્રામ પંચાયતમાંથી અલગ પડયું હોય તો તેણે જુદા પડયા પછી પહેલા વર્ષે તેણે કબજે રાખેલ અને પંચાયતના વિસ્તારમાંથી અલગ પાડેલ જમીન પર ચૂકવવાપાત્ર જમીન મહેસૂલના ૨૦ ટકાથી વધે નહિ તેટલી રકમ ચૂકવવી અને આ રકમમાં દર વર્ષે ૫ ટકાનો ક્રમિક ઘટાડો કરતા જવું, જેથી પાંચમા વર્ષથી ઔદ્યોગિક એકમે પંચાયતને કંઈ ચૂકવવાપણું ન રહે. જિલ્લા પંચાયતે ગ્રામ પંચાયત માટે જેની જોગવાઈ કરવી પડે તેવી બધી સગવડો, જિલ્લામાં આવેલા આવા ઔદ્યોગિક એકમને પણ પૂરી પાડવી જોઈએ.

## (ગ) મજૂરવર્ગ દ્વારા રજૂઆત.

૩.૧૨. ધી દ્વારકા સિમેન્ટ વકર્સ એમ્પ્લોઈઝ યુનિયને, ઔદ્યોગિક એકમને પંચાયત વિસ્તારથી અલગ ન પાડવા વિનંતી કરી છે. તેમના મતે, ઉદ્યોગ માટે જમીન આપતા અને ઉદ્યોગને કારણે ધુમાડો, ધૂળ અને ગેસનો ત્રાસ ખમી લેતા પંચાયત વિસ્તારને તેના અધિકારક્ષેત્રમાં ઉદ્યોગ નખાતાં લાભ મળવો જોઈએ. તાલુકા કે જિલ્લા પંચાયત સાથેના આવા ઔદ્યોગિક એકમના સીધા જોડાણનો પણ તેમને વિરોધ કર્યો છે. તેમના મતે, ઔદ્યોગિક એકમ માટે અલગ પંચાયત રચવાથી અને આવી પંચાયતમાં ઉદ્યોગના પ્રતિનિધિઓ નિયુકત કરાવવાથી, લોકશાહી વિકેન્દ્રીકરણના સિધ્ધાંતના મૂળમાં ઘા થશે. તેમ છતાં, આવા ઔદ્યોગિક વિસ્તાર માટે અલગ પંચાયત રચવાનું નકકી કરવામાં આવે તો તે સીધી ચૂંટણી અને પુખ્ત મતાધિકારના ધોરણે રચવાનું તેમણે જણાવ્યું છે.

૩.૧૩. ધી ગુજરાત સ્ટેટ ઈલેકિટ્રસિટી બોર્ડ એમ્પ્લોઈઝ યુનિયને સૂચવ્યું છે કે પોતાના કર્મચારીઓ માટે નગર કે કોલોની ઊભા કરતા ઉદ્યોગે, જુદા જુદા વર્ગના કર્મચારીઓ માટે મકાન બાંધવા ગૃહ નિર્માણ બોર્ડે અપનાવેલા ધોરણે કર્મચારીઓ માટે મકાન બાંધવા જોઈએ તથા રમત ગમતનાં મેદાન, બાગ, દવાખાનાં, મનોરંજન કેન્દ્ર, પોસ્ટ ઓફિસ, આનંદપ્રમોદનાં કેન્દ્ર, કલબનાં મકાન, વગેરે જેવી સવલતોની જોગવાઈ કરવી જોઈએ.

## (ઘ) સ્થાનિક સંસ્થાઓ દ્વારા રજૂઆત

૩.૧૪. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને જણાવ્યું છે કે પ્રશ્નાવલિ, ગ્રામ વિસ્તારમાં સ્થપાયેલા કે સ્થાપવાનાં નગરને લગતી હોઈ, કોરપોરેશનને આ બાબત સીધી રીતે સ્પર્શતી નથી પરંતુ તેણે સૂચવ્યું છે કે નવાં ઉદ્યોગનગરનાં સ્થળ હાલના મ્યુનિસિપલ કે કોરપોરેશન વિસ્તારથી યોગ્ય અંતરે રાખવા જોઈએ. જેથી તે વિસ્તારોની સેળભેળ ન થઈ જાય અને મ્યુનિસિપાલિટી કે કોરપોરેશનને આખરે તે નગરને પોતાના વિસ્તારમાં ભેળવવાનો પ્રશ્ન ઊભો ન થાય.

૩.૧૫. અંકલેશ્વર મ્યુનિસિપાલિટીના પ્રમુખે જણાવ્યું છે કે ગ્રામ પંચાયતની હદમાં ઔદ્યોગિક વસાહત આવેલી હોય ત્યાં તે ઉદ્યોગને વસ્તીના ધોરણે નિયુકિત દ્વારા પ્રતિનિધિત્વ આપી શકાય. એકથી વધુ ગ્રામ પંચાયતની હદમાં ઔદ્યોગિક વસાહત આવી હોય ત્યાં જે ગ્રામ પંચાયતની હદમાં તેનો વધુમાં વધુ વિસ્તાર હોય તેની હદમાં વસાહતનો સમાવેશ કરી શકાય. ઔદ્યોગિક વસાહતની વસ્તી ગ્રામ પંચાયતની વસ્તીથી બમણી હોય ત્યાં જ ઔદ્યોગિક વસાહતનું અલગ એકમ સ્થાપી શકાય.

૩.૧૬. ઉમરેઠ મ્યુનિસિપાલિટીના પ્રમુખે ભલામણ કરી છે કે નાના ઉદ્યોગો તથા ૧,૦૦૦ થી ઓછા કામદાર રોકતા ઉદ્યોગોને અલગ પંચાયત સ્થાપવા માટે ગણતરીમાં લેવાની જરૂર નથી. ૧,૦૦૦ થી વધુ કામદાર ધરાવતા ઉદ્યોગોના અલગ ઝોન રચી તેને ઉદ્યોગનગરનું નામ આપી અલગ એકમ તરીકે માન્ય રાખી શકાય. આવા વિસ્તારને અલગ પાડી, માત્ર ઉદ્યોગનગર વિસ્તારનું બનેલ નવું મહેસૂલી ગામ રચી શકાય.

૩.૧૭. સમિતિને મંતવ્ય મોકલની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત જેવી મોટા ભાગની સંસ્થાઓએ સ્થાનિક સંસ્થાના અધિકારક્ષેત્રમાંથી ઔદ્યોગિક વિસ્તારને અલગ પાડવાની હિમાયત કરી નથી, તેમ છતાં તેમનું મંતવ્ય છે કે ખાનગી પેઢી કે કંપની કે કોરપોરેશનની માલિકીનો ઔદ્યોગિક વિસ્તાર ઔદ્યોગિક વિકાસના યોગ્ય તબકકાએ પહોંચે અને અલગ વહીવટી એકમમાં ફેરવવા યોગ્ય બને ત્યાં, તેને ગ્રામ કે નગર પંચાયત તરીકે અલગ એકમમાં રચી શકાય.

## (ચ) સરકારી અધિકારીઓ દ્વારા રજૂઆત

૩.૧૮. બનાસકાંઠાના કલેકટરે સૂચવ્યું છે કે ૧,૦૦૦થી વધુ વ્યકિતને નોકરીમાં રાખતા અને તેમના રહેઠાણની વ્યવસ્થા કરતા તથા શાળા, દવાખાનું, પાણી, સેનિટેશન વગેરેના જોગવાઈ કરતા ઉદ્યોગને અલગ એકમ તરીકે માન્ય રાખી શકાય તથા તેને ઔદ્યોગિક વિસ્તાર પંચાયતનું નામ આપી શકાય આ પંચાયત (ક) માલિક, (ખ) કર્મચારીઓ, (ગ) બાકીની વસ્તી અને (ઘ) રાજ્ય સરકારના પ્રતિનિધિઓનું પ્રતિનિધિત્વ ધરાવતી નિયુકત-સંસ્થા હોઈ શકે.

૩.૧૯. વડોદરા વિભાગના ભૂતપૂર્વ કમિશનરે જણાવ્યું છે કે ઉદ્યોગનગરો ઔદ્યોગીકરણના ઊંચા સ્તર પર હોય છે અને ગ્રામ પંચાયત સામાન્ય રીતે હલ કરે તે કરતાં વધુ કૂટ પ્રશ્નો ઊભા કરે છે. સાથોસાથ, આવાં નગર ગ્રામ પંચાયતના સ્થાનિક અધિકારક્ષેત્રમાં આવે છે અને તેને કંઈ ખાસ સવલત આપવામાં આવે તેનો પંચાયત વિરોધ કરે છે. તેથી, આ બે વિરોધી દ્રષ્ટિબિંદુનો મેળ બેસાડી શકે તેવો ઉત્તમ માર્ગ શોધવાનો પ્રશ્ન રહે છે. આ માટે, તેમણે નીચેનો કોઈ એક વિકલ્પ સૂચવ્યો છે :—

(૧) જે ગ્રામ પંચાયત કે પંચાયતોનાં અધિકાર ક્ષેત્રમાં ઔદ્યોગિક વસાહત આવેલી હોય તે પંચાયત કે પંચાયતોને, ઔદ્યોગિક વિકાસની જરૂરતોની સલામતિ રાખતો ખાસ દરજ્જો આપવો;

(૨) ઔદ્યોગિક વસાહત એક કે વધુ ગામમાં આવેલી હોય ત્યાં તે જે ગામ કે ગામોમાં આવેલી હોય તેનાથી તેને અલગ પાડી સ્વતંત્ર પંચાયતનું સ્થાન આપવું જોઈએ.

૩.૨૦. સ્વતંત્ર પંચાયત તરીકે સ્થપાયેલ ઔદ્યોગિક વસાહતોને પંચાયત રાજ તંત્રના માળખામાં, જિલ્લા પંચાયતો હેઠળ સીધી જ મૂકવાનું સૂચન પણ કમિશનરે કરેલ છે. આવી પંચાયતોને ઉદ્યોગનગર પંચાયત કહી શકાય અને ઉદ્યોગોને નિયુકિત દ્વારા યોગ્ય પ્રતિનિધિત્વ આપીને તેમનાં હિત જાળવી શકાય.

### (છ) અન્ય વ્યકિત/સંસ્થા દ્વારા રજૂઆત

૩.૨૧. મીઠાપુર અંગે, નગરની વસ્તીને લોકશાહી તંત્ર રચના આપી, પંચાયત રાજના માળખામાં ગ્રામ/નગર પંચાયતના ધોરણે અધિકાર આપવાનું લોકોએ સૂચન કર્યું છે.

૩.૨૨. ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશને જણાવ્યું છે કે તેણે અમદાવાદ નજીક "એ" અને "સી" એમ બે ઔદ્યોગિક ઝોન તથા વલ્લભ વિદ્યાનગર નજીક એક ઔદ્યોગિક વિસ્તાર વિકસાવવાનું નકકી કર્યું છે. ઝોન "એ" આખા ગામ તથા કેટલાક ગામના ભાગને આવરી લે છે. ઝોન "સી" અને વલ્લભવિદ્યાનગર ઔદ્યોગિક વિસ્તાર અનુક્રમે ત્રણ અને ચાર ગામના ભાગમાં આવેલી છે. તેથી, કોરપોરેશને સૂચવ્યું છે કે કોરપોરેશન દ્વારા વિકસાવવાના ઝોન, નગર અને ઔદ્યોગિક વિસ્તારનાં અલગ ઔદ્યોગિક એકમ બનાવવાં અને તેમને શરૂઆતમાં નિર્દિષ્ટ વિસ્તારો ગણી, તે ઝોનના થયેલ વિકાસ પર આધાર રાખી તેમને ગ્રામ કે નગર પંચાયત કે મ્યુનિસિપલ કોરપોરેશનમાં ફેરવી શકાય.

૩.૨૩. ઉધનાના ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ, લિ. દ્વારા એવી રજૂઆત થઈ છે કે ઉધના ખાતેની ઔદ્યોગિક વસાહત, હાલ, ઉધના ગ્રામ પંચાયતના અધિકારક્ષેત્રમાં છે પરંતુ વસાહતના વિકાસનો મુખ્ય બોજો સંઘ પર પડયો છે અને પંચાયત, વસાહત માટે કંઈ કરી શકે તેવી સ્થિતિમાં નથી અને તેણે કંઈ કર્યું પણ નથી. આ વસાહતમાં સંઘે પૂરી પાડેલ સવલતો માટે, વસાહતના સભ્યોને મોટી રકમનો ફાળો આપવો પડયો છે. અને તે ઉપરાંત તેમણે તથા સંઘે ગ્રામ પંચાયતને કરવેરા ચૂકવવા પડે છે. સંઘ, ઔદ્યોગિક વાતાવરણમાં વ્યકિતગત સભ્યની જરૂરત અનુસાર મ્યુનિસિપાલિટીનાં કર્તવ્ય બજાવતું સહકારી તંત્ર છે. હાલના કાયદા હેઠળ રચાયેલ ગ્રામ પંચાયત ઔદ્યોગિક એકમોની જરૂરતો સંતોષી શકે તેમ ન હોવાના કારણે ઉધના ખાતેની ઔદ્યોગિક વસાહત તથા પડોશનાં ઔદ્યોગિક એકમોને મૂળ ગ્રામ પંચાયતથી અલગ ઔદ્યોગિક પંચાયત આપવા માટે, સંઘે સુરતના જિલ્લા વિકાસ અધિકારીને નિવેદન મોકલેલ છે. વધુમાં હાલની ગ્રામાભિમુખ ગ્રામ પંચાયતોને ઉદ્યોગોની જરૂરતોનો પૂરો ખ્યાલ હોતો નથી તથા તેમના સામાજિક-આર્થિક પ્રશ્નો ઉકેલી શકતી નથી સંઘને લાગે છે કે ઉધના ઔદ્યોગિક વસાહત અને પડોશનાં ઔદ્યોગિક એકમો માટે અલગ "ઔદ્યોગિક પંચાયત" રચવામાં આવે તો તેથી ઔદ્યોગિક વિસ્તારનો વધુ વિકાસ થવામાં નડતા અંતરાય દૂર થશે.

૩.૨૪. અખિલ ભારતીય સ્થાનિક સ્વરાજ સંસ્થાના ડાયરેકટર જનરલે સૂચવ્યું છે કે—

(૧) ઉદ્યોગનગરનો વિસ્તાર જે સ્થાનિક તંત્રના વિસ્તારમાં આવેલ હોય તેના ભાગરૂપે તે રહેવો જોઈએ. આ વ્યવસ્થા, આવા નગર જે ગામમાં આવેલા હોય તે ગામોના વિકાસમાં મદદરૂપ બનશે;

(૨) નગરના વિસ્તાર સહિત સ્થાનિક વિસ્તારની વસ્તી પર આધાર રાખીને, ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૯ સાથે વંચાતી કલમ ૧૨ કે કલમ ૧૩ હેઠળ આવા વિસ્તાર માટે ગ્રામ પંચાયત કે નગર પંચાયત રચી શકાય અથવા આવા સ્થાનિક વિસ્તારની વસ્તી ૩૦,૦૦૦ થી વધુ હોય તો મ્યુનિસિપાલિટી રચી શકાય;

(૩) ઉદ્યોગ કે નગરનો વિસ્તાર એકથી વધુ ગામમાં આવેલો હોય અને આ ગામો (ઔદ્યોગિક વિસ્તાર સહિત) ને એક એકમમાં ભેળવવાનું શકય ન હોય ત્યાં, ઔદ્યોગિક વિસ્તારનો મોટો ભાગ જે ગામમાં આવેલો હોય તે ગામમાં આખો ઔદ્યોગિક વિસ્તાર મેળવી શકાય અને સંબંધિત ગામની હદમાં જરૂરી સુધારા કરી શકાય. ત્યારબાદ, જે ગામમાં સમગ્ર ઔદ્યોગિક વિસ્તાર ભેળવ્યો હોય તે ગામ માટે ગ્રામ પંચાયત કે નગર પંચાયત રચી શકાય અને તેની વસ્તી ૩૦,૦૦૦ થી વધુ હોય તો મ્યુનિસિપલ કાયદા હેઠળ આવા વિસ્તાર માટે મ્યુનિસિપાલિટી રચી શકાય;

(૪) સ્થાનિક તંત્રમાં આવા ઔદ્યોગિક વસાહત કે નગરનું પ્રતિનિધિત્વ સાદા પુખ્ત મતાધિકારના ધોરણે હોવું જોઈએ અને ઔદ્યોગિક વસાહત કે નગર સહિત તમામ લોકોને સેવાઓ પૂરી પાડવા માટે સ્થાનિક તંત્ર જવાબદાર હોવું જોઈએ ;

(૫) ઔદ્યોગિક વિસ્તારમાંથી સીધા કરવેરા વસૂલ કરવા અંગે, આવા વિસ્તારમાં પ્રવર્તતી પરિસ્થિતિ ધ્યાનમાં લઈને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૭૯ને યોગ્ય રીતે વિસ્તૃત કરી શકાય. ઔદ્યોગિક વસાહત કે નગર સંબંધે, નગરપાલિકા અધિનિયમમાં પણ જરૂરી હોય તો જોગવાઈ કરી શકાય ;

(૬) ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે નિયત મુદત સુધી કોઈ ખાસ મુક્તિ આપી હોય તે સિવાય ઉદ્યોગે આડકતરા કરવેરા પૂરેપૂરા ચૂકવવાના રહેશે.

૩.૨૫. ઉદ્યોગનગરને લગતા પ્રશ્નનાં જુદા જુદા પાસાં અંગે ભિન્ન પ્રકારનું હિત ધરાવતી અગત્યની સંસ્થા કે તંત્રોએ દર્શાવેલ મંતવ્યો વિગતે આપવાનો અમે પ્રયત્ન કર્યો છે. પ્રશ્નાવલિ અંગે મળેલા તમામ જવાબનો સમાવેશ કરવાથી આ હેવાલનું કદ નાહકનું વધારવા જેવું થાય; સમિતિએ આ ઉત્તરો કાળજીપૂર્વક વાંચ્યા છે અને પોતાની ભલામણો આખરી બનાવતાં પહેલાં તે તે દૃષ્ટિબિંદુની ઘટતી વિચારણા કરી છે. આ ઉત્તરમાંથી ઉદ્ભવતા જુદા જુદા મુદ્દા નીચે પ્રમાણે જૂથવાર ગોઠવી શકાય :—

(૧) ઔદ્યોગિક વિસ્તારને સ્વતંત્ર સ્થાનિક તંત્રમાં ફેરવીને તેની સાથે ખાસ પ્રકારનો વ્યવહારમાં રાખી શકાય કે કેમ અને જો રાખી શકાય તો, તેમ કરવા માટે પૂર્વ-જરૂરી શરતો કઈ હોઈ શકે ?

(૨) કોઈ ઔદ્યોગિક વિસ્તારને સ્વતંત્ર સ્થાનિક તંત્ર તરીકે રચવામાં આવે તો તેમ કરવા માટેની કાર્યપધ્ધતિ કઈ હોઈ શકે તથા આવા સ્થાનિક તંત્રનું નામ, બંધારણ, કર્તવ્યો અને સત્તા શું હોઈ શકે ?

(૩) ઔદ્યોગિક વિસ્તાર, એકથી વધુ સ્થાનિક તંત્રની હદમાં આવેલો હોય તો તેને એકજ સ્થાનિક તંત્રના અધિકારક્ષેત્રમાં લાવવો જોઈએ કે નહીં ?

(૪) આવા ઔદ્યોગિક વિસ્તારના સ્થાનિક તંત્ર અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજ્ય સરકાર વચ્ચેનો સંબંધ શો હોવો જોઈએ ?

(૫) ઔદ્યોગિક વિસ્તારોને અલગ પાડી, સ્વતંત્ર સ્થાનિક તંત્ર રચવાનું ન હોય તો તે વિસ્તારો જે સ્થાનિક તંત્રના અધિકારક્ષેત્રમાં આવેલા હોય તે તંત્રની, તે વિસ્તારો સંબંધી શી સત્તા અને કર્તવ્ય હોવાં જોઈએ ?

(૬) જે સ્થાનિક તંત્રના અધિકાર ક્ષેત્રમાં ઉદ્યોગો આવેલા હોય તે તંત્રને કેટલાક ઉદ્યોગો કરવેરા ચૂકવે છે અથવા ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૭૯ હેઠળ કર-વેરાને બદલે ઊચક રકમનો ફાળો ચૂકવવા આવા તંત્ર સાથે તેમણે કરાર કર્યા હોય છે. આ ઔદ્યોગિક વિસ્તારોને અલગ પાડી, સ્વતંત્ર સ્થાનિક તંત્ર રચવામાં આવે તો આ સ્થાનિક તંત્રોને મહેસૂલમાં જતી ખોટ માટે વળતર આપવું જરૂરી છે કે કેમ અને જરૂરી હોય તો કઈ રીતે આપવું ?

અમે આ તથા સમિતિએ વિચારવાના મુદ્દામાં સમાવિષ્ટ અન્ય મુદ્દા હવે પછીનાં પ્રકરણોમાં તપાસ્યા છે.

પ્રકરણ—૪

## અલગ એકમ તરીકે રચી શકાય તેવા ઔદ્યોગિક વિસ્તારો

૪.૧. કેટલાક ઔદ્યોગિક વિસ્તારોને સ્વતંત્ર સ્થાનિક તંત્રમાં ફેરવવા જોઈએ કે નહીં તે પ્રશ્ન હવે આપણે તપાસીએ. પ્રકરણ ૩માં જણાવ્યા પ્રમાણે જુદા જુદા ઉદ્યોગોએ કરેલ દલીલો અને નિવેદનો પરથી જણાય છે કે તે બધા, ઉદ્યોગનગર માટે, પંચાયતના નિયંત્રણથી મુક્ત અલગ એકમ ઈચ્છે છે. અમે સામાન્ય રીતે આ મંતવ્ય સાથે સહમત છીએ. ઉદ્યોગનગરના પ્રશ્નો ગ્રામ પંચાયતના પ્રશ્નો કરતાં તદ્દન નિરાળા હોય છે. ગ્રામ પંચાયતની વસ્તી મોટે ભાગે વ્યવસાયની દષ્ટિએ એકબીજાથી સ્વતંત્ર હોય છે અને જીવનનિર્વાહનાં આગવાં સાધનો ધરાવે છે, જ્યારે, ઉદ્યોગનગર મોટે ભાગે વ્યવસ્થાપક-મંડળ અને તેના કર્મચારીઓનું બનેલું હોય છે. ગ્રામ પંચાયતમાં, ગ્રામ પંચાયતના ટાંચા સાધનોને કારણે નાગરિક સવલતોનું ધોરણ પ્રમાણમાં નીચું હોય છે. જ્યારે ઉદ્યોગનગરમાં, મોટે ભાગે જુદા જુદા મજૂર કાયદાઓની જોગવાઈને કારણે તેમજ તેમના કારખાનામાં સારા કર્મચારીઓને આકર્ષવા માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા તેના કર્મચારીઓને વિના મૂલ્યે પૂરી પડાતી નાગરિક સવલતોનું ધોરણ પ્રમાણમાં ઊંચું હોય છે. નજીકની ગ્રામ પંચાયતની વસ્તીના અક્ષરજ્ઞાનના પ્રમાણ કરતાં ઉદ્યોગનગરના લોકોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ પણ વધુ હોય છે. વળી, નગરની તમામ જમીન વ્યવસ્થાપક મંડળની માલિકીની હોય છે, જ્યારે ગ્રામપંચાયતમાં, ખેતીની તથા ગામઠાણની જમીનો ધરાવતા કેટલાયે સ્વતંત્ર ખાતેદારો જમીનની માલિકી ધરાવે છે. આજે નાણાકીય તથા ટેકનિકલ દૃષ્ટિએ ઉદ્યોગનગરની સમસ્યાઓ હલ કરવાનું ગજું નથી તેમજ અદ્યતન ઔદ્યોગિક જરૂરતો સંતોષવા જરૂરી નાગરિક સવલતો તે પૂરી પાડી શકે તેમ નથી. કેટલીક રાજ્ય સરકારોએ આવાં ઉદ્યોગનગરનાં ખાસ પાસાં પર વિચારણા કરી, આ વિસ્તારોનાં અલગ એકમ રચ્યાં છે અને સ્થાનિક વહીવટ માટે નિર્દિષ્ટ વિસ્તાર સમિતિઓ નીમી છે. તાતા આર્યન એન્ડ સ્ટીલ કંપની, જમશેદપુર, પશ્ચિમ બંગાળમાં દુર્ગાપુર સ્ટીલ પ્લાન્ટ, ઓરિસ્સામાં રૂરકેલા સ્ટીલ પ્રોજેક્ટ, બિહારમાં રોહતાસ ઈન્ડસ્ટ્રીઝ લિ., મધ્યપ્રદેશમાં ભિલાઈ સ્ટીલ પ્રોજેક્ટ, નાંગલ પંજાબમાં ફર્ટિલાઈઝર કોરપોરેશન, એવાં દષ્ટાંત છે. જ્યાં નગરીના વહીવટ માટે નિર્દિષ્ટ વિસ્તાર સમિતિઓ રચવામાં આવી છે. આમ, ઉદ્યોગનગરના વિસ્તારને વર્તમાન સ્થાનિક તંત્રના અધિકારક્ષેત્રમાંથી અલગ પાડી, સ્વતંત્ર સ્થાનિક તંત્ર હેઠળ મૂકવાની જરૂર, દેશના જુદા જુદા ભાગમાં સ્વીકારાયેલી છે. જુદાં જુદાં હિતના પ્રતિનિધિઓમાંથી મોટા ભાગનો અભિપ્રાય, ઉદ્યોગ કે ઉદ્યોગજૂથની માલિકીના નગર માટે અલગ સ્વતંત્ર સ્થાનિક તંત્ર ઊભું કરવાની તરફેણમાં હતો.

૪.૨. હવે પ્રશ્ન એ થાય છે કે આવો ખાસ દરજ્જો આપવા માટે ઉદ્યોગ કે નગરનું કદ કેટલું હોવું જોઈએ. કેટલાકે સૂચન કર્યું કે ૫૦૦ કે તેથી વધુ કામદાર રોકતા બધા મોટા ઉદ્યોગોને આવો દરજ્જો આપવો જોઈએ. કામદારોની સંખ્યા ૫૦૦ ને બદલે ૧૦૦૦ હોવી જોઈએ એવું સૂચન કેટલાકે કર્યું છે, તો કેટલાકે, ૨૫૦-૩૦૦ કુટુંબો માટે વસવાટ -કોલોની હોય તેવા જ ઉદ્યોગોને આવી ખાસ સવલત માટે પસંદ કરવાનું સૂચન કર્યું છે. ગુજરાત વેપારી મહામંડળે તો વળી એવું સૂચવ્યું છે કે જેનું વાર્ષિક ઉત્પાદન રૂ.૧૦ લાખ કે તેથી વધુ હોય અથવા જે ૧૦ એકરથી વધુ વિસ્તારમાં પથરાયેલ હોય તે ઉદ્યોગનું અલગ એકમ રચવું જોઈએ. અમારા મતે, સ્થાનિક વહીવટ માટે અલગ એકમ તરીકે, ઔદ્યોગિક વિસ્તારને માન્ય રાખવાના ધોરણ તરીકે, રોકાયેલ મૂડીની રકમ કે વાર્ષિક ઉત્પાદનની કિંમત કે રોકવામાં આવેલ કામદારોની સંખ્યા કે ઉદ્યોગે રોકેલ વિસ્તારને જ લઈ શકાશે નહિ. કારણ કોઈ ઉદ્યોગ ઓછા કર્મચારીઓ રોકે અને છતાં યે ગુજરાત વેપારી મહામંડળે સૂચવેલ મર્યાદાથી અનેક ગણી કિંમતનું વાર્ષિક ઉત્પાદન કરે એમ પણ બને. અમારા મતે, ઉદ્યોગે રોકેલ વિસ્તારમાં જેમને માટે રહેઠાણની જોગવાઈ કરવામાં આવી હોય તેવા, ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા પર વધુ ભાર મૂકવો જોઈએ. સામાન્ય રીતે, ૫૦૦ કે તેથી વધુ વસ્તીવાળા વિસ્તાર માટે અલગ ગ્રામ, પંચાયત આપવાનું ધોરણ સરકારે અપનાવ્યું છે. બધી સંબંધિત બાબતો પર વિચારણા કર્યા બાદ, અમે, ઔદ્યોગિક વિસ્તાર સંઘટિત વિસ્તાર હોય અને તે વિસ્તારના નિવાસીઓની ઓછામાં ઓછી સંખ્યા ૫૦૦થી ઓછી ન હોય તો તેને સામાન્ય રીતે અલગ એકમ ગણવાનું સૂચવીએ છીએ. તે વિસ્તાર સંઘટિત ન હોય પરંતુ બીજાની માલિકીની જમીનોથી અલગ પડતા ભાગનો બનેલો હોય તો તે વિસ્તાર માટે અલગ સ્થાનિક તંત્ર રચવાનું શક્ય બનશે નહીં. ઉદ્યોગોની માલિકીના અને બીજાઓની માલિકીની જમીનના બનેલા વિસ્તાર માટે અલગ એકમ રચવાનું પણ ઈચ્છનીય નથી. આવા વિસ્તારને સ્વતંત્ર એકમ તરીકે માન્ય રાખવા પાળવી જોઈતી બીજી અગત્યની શરત, તે વિસ્તારના નિવાસીઓ માટે રસ્તા, પાણી પુરવઠો, દીવાબત્તી,

ડ્રેનેજ, વગેરે જેવી મૂળભૂત સવલતોની જોગવાઇ કરવામાં આવી હોય, એ છે. હવે પછીના પ્રકરણમાં અમે સૂચવ્યું છે કે આવા અલગ એકમને "ઉદ્યોગનગર" નું નામ આપવું જોઇએ.

૪.૩. "ઉદ્યોગનગર" તરીકે ઓળખાનાર અલગ એકમ તરીકે ઔદ્યોગિક વિસ્તારની રચના માટે અનિવાર્ય બનતી શરતો અમે નીચે દર્શાવીએ છીએ :—

(૧) તે વિસ્તાર જુદા જુદા ભાગમાં વહેંચાયેલ નહીં પરંતુ સંઘટિત હોવો જોઇએ.

(૨) વિસ્તારમાં રહેનારાઓની સંખ્યા ૫૦૦ થી ઓછી ન હોવી જોઇએ.

(૩) ઉદ્યોગે ત્યાંના રહેવાસીઓ માટે તે વિસ્તારમાં પાણી પુરવઠો, ડ્રેનેજ, રસ્તા, શેરીની દીવાબત્તી, સેનિટેશન, સફાઈ, પ્રાથમિક શિક્ષણ, દવાખાના જેવી આવશ્યક નાગરિક સવલતો પૂરી પાડી હોવી જોઇએ. તથા આ સેવાઓ પોતાના, ખર્ચે જાળવવાની ઉદ્યોગે બાંયધરી આપવી જોઇએ.

૪.૪. ફકરા ૪.૩ માં સૂચવેલ શરતો એક ઉદ્યોગની માલિકીના અને તેણે વિકસાવેલા વિસ્તારને લાગુ પડે છે. અનેક ઉદ્યોગોની બનેલ ઔદ્યોગિક વસાહતના પ્રશ્નો જુદા પ્રકારની વિચારણા તથા કાર્યવાહી માગી લે છે. આવી ઔદ્યોગિક વસાહતો સામાન્ય રીતે કોરપોરેશન કે સહકારી મંડળીઓ દ્વારા ઊભી કરવામાં આવે છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન વસાહતો સ્થાપી શકે અને વિકસાવી શકે તે માટે, કોરપોરેશનને સ્થાનિક તંત્રની કેટલીક સત્તાઓ આપવા ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવી છે. આમ છતાં, સહકારી મંડળી કે બીજા દ્વારા સ્થપાતી વસાહત, જે પંચાયત કે પંચાયતોની હદમાં આવેલ હોય તેના અધિકારક્ષેત્રને અધીન રહેશે અને આ પ્રકરણના આગળના ભાગમાં અમે ઉલ્લેખેલ મુશ્કેલીઓ આ ઔદ્યોગિક વિસ્તારો અંગે પણ તે જ રૂપમાં વત્તેઓછે અંશે ઊભી થશે. ઔદ્યોગિક વસાહતમાં રહેઠાણનો વિસ્તાર મોટો ન હોય એવું બને પરંતુ તેમાં કેટલાયે ઔદ્યોગિક પ્લોટ ધરાવતા હોય છે તેમ જ વસાહતમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં મોટા પ્રમાણમાં કર્મચારીઓ નોકરી કરતા હોય છે અને વસાહત વિસ્તારમાં પાણી પુરવઠો, ડ્રેનેજ, રસ્તા, શેરીની દીવાબત્તી, સેનિટેશન વગેરે જેવી સેવાઓની જોગવાઇ પણ કરવામાં આવી હોય છે. પૂરેપૂરી વિકસાવાઇ ગઈ હોય અથવા વિકસાવાઇ રહી હોય એવી ઔદ્યોગિક વસાહતને, તે નીચેની શરતનું પાલન કરે તો, તેના પોતાના સ્થાનિક તંત્ર સાથેના અલગ એકમ તરીકે વિચારણામાં લઇ શકાય, એમ અમે માનીએ છીએ :—

(૧) વસાહતમાં નોકરીએ રખાયેલ વ્યકિતઓ સાથે, વ્યકિતગત પ્લોટ ધરાવનારાઓ સહિત વસાહતમાં રહેતી વ્યકિતઓની સંખ્યા ૫૦૦થી ઓછી ન હોવી જોઇએ ;

(૨) વસાહતનો ચાર્જ ધરાવતા તંત્રે, પાણી પુરવઠો, ડ્રેનેજ, રસ્તા, દીવાબત્તી, સેનિટેશન, સફાઈ, દવાખાના જેવી આવશ્યક નાગરિક સવલતોની જોગવાઇ કરી હોવી જોઇએ અથવા ઉકત તંત્રે, વધુમાં વધુ ૩ વર્ષમાં તેના પોતાના ખર્ચે આ સવલતો પૂરી પાડવાની બાંયધરી આપવી જોઇએ.

(૩) વસાહતનો ચાર્જ ધરાવતા તંત્રે, શરત (૨)માં ઉલ્લેખેલ નાગરિક સવલતો તેના પોતાના ખર્ચે જાળવવા બાંયધરી આપવી જોઇએ.

૪.૫. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત એક કે વધુ ગ્રામ પંચાયતની હદમાં આવેલ હોય ત્યારે તે વિસ્તાર કે વસાહત માટે અલગ એકમ સ્થાપવાનો પ્રશ્ન, ઉપરના ફકરાઓમાં અમે વિચાર્યો છે. આવો વિસ્તાર કે વસાહત મ્યુનિસિપાલીટી કે નગર પંચાયતની હદમાં આવેલા હોય અથવા અંશત: આવી હદમાં અને અંશત: પડોશની ગ્રામ પંચાયત કે પંચાયતોની હદમાં આવેલા હોય એવા પ્રસંગ પણ ઊભા થાય. સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ કે સમિતિને પોતાનાં મંતવ્ય મોકલનાર કોઈપણ વ્યકિત કે સંસ્થાએ, મ્યુનિસિપાલિટી કે નગર પંચાયતના વિસ્તારમાં સંપૂર્ણપણે આવેલ ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને અલગ પાડી, તેનું અલગ એકમ રચવાનો આગ્રહ રાખ્યો નથી. મ્યુનિસિપાલિટી કે નગર પંચાયત, તેના કદ

અને પ્રકારને કારણે, તેના અધિકાર ક્ષેત્રમાં આવેલ ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતની નાગરિક જરૂરતો પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકે અને સમિતિના મતે, આવા વિસ્તાર કે વસાહતને અલગ ન પાડતાં, મ્યુનિસિપલ કે નગર પંચાયતના વિસ્તારમાં રહેવા દેવા જોઇએ. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત અંશતઃ મ્યુનિસિપાલિટી કે નગર પંચાયતના વિસ્તારમાં આવેલ હોય અને અંશતઃ પડોશની ગ્રામ પંચાયત કે પંચાયતોના વિસ્તારમાં આવેલી હોય તેવા બીજા કેસોમાં, સંબંધિત ઉદ્યોગ કે ઉદ્યોગો બે કે વધુ સ્થાનિક તંત્રના કરવેરા અને બીજા નિયમન કરતા અધિકાર.ને અધીન રહેવાને કારણે તેમને માટે મુશ્કેલીઓ ઊભી થવાની જ, ઔદ્યોગિક વિકાસના હિતમાં, સમગ્ર ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને આવરી લે તે રીતે મ્યુનિસિપાલિટી કે નગર પંચાયતની હદ વધારીને અને તે અનુસાર જે તે ગ્રામ પંચાયત કે પંચાયતોની હદ ઘટાડીને, જે તે મ્યુનિસિપાલિટી કે નગર પંચાયત જેવા એક જ તંત્રના અધિકારક્ષેત્ર હેઠળ તે વિસ્તાર કે વસાહતને મૂકવાનું અમને જરૂરી લાગે છે.

૪.૬. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત એકથી વધુ ગ્રામ પંચાયતની હદમાં આવેલ હોય અને અલગ ઉદ્યોગનગર રચવા માટે ઉપરના ફકરા ૪.૩ કે ૪.૪ માં અમે સૂચવેલ શરતો સંતોષાતી ન હોય એવા પણ કેસ હશે. આવા કેસમાં, જે તે ગ્રામ પંચાયતની હદમાં યોગ્ય સુધારા કરીને, સમગ્ર ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને એક જ ગ્રામ પંચાયતના અધિકારક્ષેત્ર હેઠળ લાવવા જોઇએ.

૪.૭. અમે વધુમાં સૂચવીએ છીએ કે આખો ઔદ્યોગિક વિસ્તાર કે તેનો ભાગ પંચાયતના અધિકારક્ષેત્રમાંથી અલગ કરવામાં આવે અને પંચાયતનો બાકીનો વિસ્તાર સ્વતંત્ર એકમ તરીકે ચાલુ રહેવા માટે ઘણો નાનો હોય ત્યાં દરેક વ્યકિતગત કેસના સંજોગ ધ્યાનમાં લઇને યોગ્ય જણાય તે પ્રમાણે તેને પડોશની નગર કે ગ્રામ પંચાયતમાં ભેળવી દેવો જોઇએ.

## પ્રકરણ—૫

## ઉદ્યોગ નગર માટે સ્થાનિક તંત્ર

૫.૧. આ રીતે સ્થપાયેલ અલગ એકમ માટે રચવાના સ્થાનિક તંત્રનો પ્રકાર તથા પંચાયત રાજ સંસ્થાઓ અને રાજ્ય સરકાર સાથેના તેના સંબંધ અંગે હવે વિચારીએ.

૫.૨. કેટલાક ઉદ્યોગોએ સૂચવ્યું છે કે અલગ એકમ તરીકે સ્થાપેલ ઔદ્યોગિક વિસ્તારને ગુજરાત પંચાયત અધિનિયમના અધિકારક્ષેત્રની બહાર રાખી રાજ્ય સરકારના સીધા નિયંત્રણ હેઠળના મ્યુનિસિપલ વસ્તાર બરાબર ગણવા જોઈએ. આવા વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર ગણી, નિર્દિષ્ટ વિસ્તાર સમિતિ હેઠળ મૂકવાનું સૂચન પણ કેટલાકે કર્યું છે. આ સૂચન પાછળની મુખ્ય દલીલ એ છે કે આ એકમમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર, તે વિસ્તારમાં નાગરિક સવલતો જાળવવા માટે નાણાં આપવા જવાબદાર ઉદ્યોગ કે ઉદ્યોગોની માલિકીનો હોઈ, તે વિસ્તારને ગુજરાત પંચાયત અધિનિયમની હાલની જોગવાઈઓ અનુસાર, પુખ્ત મતાધિકારના ધોરણે બનેલી પંચાયત હેઠળ મૂકવાનું યોગ્ય બનશે નહીં તથા ઉદ્યોગ અને પંચાયત વચ્ચે મનભેદ કે હિત અંગે વિવાદો ઊભા થશે, જે ઉદ્યોગની કામગીરી પર પ્રતિકૂળ અસર કરશે અને ઔદ્યોગિક ઉત્પાદનમાં અંતરાય રૂપ થશે, અને તેમ થતાં, વિસ્તારનું અલગ એકમ રચવા પાછળનો મૂળ હેતુજ માર્યો જશે.

૫.૩. આ ઔદ્યોગિક એકમો માટેના સ્થાનિક તંત્રનું સ્વરૂપ વિચારતાં, નીચેની ત્રણ મુખ્ય બાબતો ધ્યાનમાં રાખવાનું જરૂરી છે.

એક, પંચાયત કે મ્યુનિસિપલ વિસ્તારથી ઉલટું, આવા એકમનો સમગ્ર વિસ્તાર ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો ચાર્જ સંભાળતા વ્યવસ્થાપક મંડળની માલિકીનો હશે;

બીજી, તે વિસ્તારમાં મૂળભૂત નાગરિક સવલતો પૂરી પાડવા માટે તથા નિભાવવા માટે જરૂરી નાણાંની જોગવાઈ તે વિસ્તારમાંના નિવાસીઓએ નહીં ઉકત વ્યવસ્થાપક મંડળે કરી હશે અને કરવી પડશે.

ત્રીજી, તે વિસ્તારમાં આવેલ ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતમાં સમાવિષ્ટ એકમો, સ્થાનિક તંત્રના વધુ પડતા કરવેરાને અધીન હોવા ન જોઈએ. વધુમાં, ઉદ્યોગ કે વસાહતનું વિસ્તરણ થતાં અને પરિણામે વિસ્તાર વધતાં કે તેની વસ્તી વધતાં, વિસ્તારમાં નાગરિક સવલતો વધારવા માટે જરૂરી નાણાં પણ મુખ્યત્વે તે જ વ્યવસ્થાપક મંડળે કાઢવાના હોય છે. આથી, વ્યવસ્થાપક મંડળ, તે વિસ્તારના નાગરિક વહીવટ ચાલે અને તેના પોતાના હિતથી અસંગત ન હોય તે રીતે તથા તેની જરૂરતો અને તે વિસ્તારની જરૂરિયાત પ્રત્યે યોગ્ય લક્ષ આપીને નાણાં વાપરવામાં આવે તેવી અપેક્ષા રાખશે. અમે માનીએ છીએ કે આ વિસ્તારના વ્યવસ્થાપક મંડળના ખાસ હક અને જવાબદારીઓ માન્ય રાખવાં જોઈએ અને નીચેની બાબતોની ખાતરી કરવા તે વિસ્તારના નાગરિક વહિવટીમાં તેને મુખ્ય હિસ્સો આપવો જોઈએ :—

(૧) તે વિસ્તારમાં નાગરિક સવલતો જાળવવા કે વધારવા માટે તેણે આપેલ નાણાં, જે હેતુ માટે આપવામાં આવ્યા હોય તે હેતુ માટે જ વાપરવામાં આવે,

(૨) તે વિસ્તારમાં જમીનની તેની માલિકીથી ઊભા થતા હક માન્ય રાખવામાં આવે, અને

(૩) તેને અયોગ્ય સ્થાનિક કરવેરા ભરવા ન પડે.

આમ છતાં, અમારા મતે, આ રાજ્યમાં, તા. ૧લી એપ્રિલ, ૧૯૬૩ થી દાખલ કરાયેલ હાલના પંચાયત રાજ સંઘટનના માળખામાં, આ એકમો માટે નાગરિક વહીવટનું યોગ્ય સ્વરૂપ ઘડવાનું શક્ય છે અને બીજા કેટલાક રાજ્યમાં કરવામાં આવ્યું છે તે પ્રમાણે આ વિસ્તારોને નિર્દિષ્ટ વિસ્તાર સમિતિઓ હેઠળ મૂકવાનું કે મ્યુનિસિપલ વિસ્તારના સમકક્ષ અલગ એકમ તરીકે ગણવાનું જરૂરી કે યોગ્ય નથી.

૫.૪. પંચાયતી રાજ તંત્રનું હાલનું સ્વરૂપ વિચારાયું તેના ઘણા સમય પહેલાં, આ વિસ્તારોની ખાસ જરૂરતોને પહોંચી વળવા નિર્દિષ્ટ વિસ્તાર સમિતિનું સ્વરૂપ નક્કી થયું હતું. ભૂતપૂર્વ મુંબઈ જિલ્લા મ્યુનિસિપલ અધિનિયમ, ૧૯૦૧ માં, કેટલાક વિસ્તારને પોતાના સ્થાનિક વહીવટ પર દેખરેખ રાખવા નિર્દિષ્ટ વિસ્તાર સમિતિ તરીકે જાહેર કરવાની જોગવાઈ હતી. આ અધિનિયમ ૧૯૬૩ના ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમથી રદ થયો છે અને નિર્દિષ્ટ વિસ્તારો અંગેની જોગવાઈઓ સદંતર પડતી મૂકવામાં આવેલ છે. ઔદ્યોગિક વિસ્તારોના વહીવટ માટે નિર્દિષ્ટ વિસ્તાર સમિતિઓ નીમવામાં આવી હોય તેવાં બીજાં રાજ્યોમાં પણ, સામાન્ય રીતે તે રાજ્યોમાં પંચાયત રાજ દાખલ થયા અગાઉ તેમ કરવામાં આવેલું હોવાનું જણાય છે. ગુજરાત રાજ્યની સ્થાનિક વહીવટની પધ્ધતિના સંદર્ભમાં નિર્દિષ્ટ વિસ્તાર સમિતિઓ અસંગત બનશે.

૫.૫. આ ઔદ્યોગિક વિસ્તારો તેમના કદ અને વસ્તી. બંનેની દૃષ્ટિ એ મ્યુનિસિપલ વિસ્તાર કરતાં સામાન્ય રીતે ઘણા નાના હશે તેથી તેમને મ્યુનિસિપલ વિસ્તાર જેવો દરજજો આપવાનું અને રાજ્ય સરકારના સીધા નિયંત્રણ હેઠળ રાખવાનું યોગ્ય ઠરશે નહીં એમ પણ અમને લાગે છે. તેમનું શહેરી વાતાવરણ અને તેમાં જોગવાઈ કરાયેલ નાગરિક સવલતો જોતાં, તેમને, વત્તે ઓછે અંશે, ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ નગરની સમકક્ષ ગણી શકાશે.

૫.૬. તમામ સંબંધિત બાબતો ધ્યાનમાં લઈને અમે ભલામણ કરીએ છીએ કે આ ઔદ્યોગિક એકમો માટેની પંચાયતનાં બંધારણ, કર્તવ્યો અને સત્તા અંગે તથા તાલુકા અને જિલ્લા પંચાયત સાથેના તેના સંબંધ અંગે ખાસ જોગવાઈ કરીને નીચલા સ્તરે "ઉદ્યોગનગર" તરીકે ઓળખાનાર એક વધુ કક્ષા ઉમેરીને આ એકમોને પંચાયત રાજ્ય સંઘટનમાં સમાવવા જોઈએ. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને ગ્રામ પંચાયત કે પંચાયતોમાંથી અલગ પાડવામાં આવે અને મહેસૂલી ગામમાં ફેરવવામાં આવે તે પછી, તેને ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ "ઉદ્યોગનગર " તરીકે જાહેર કરવો/કરવી અને તેને માટે અલગ ઉદ્યોગનગર પંચાયત સ્થાપવી.

૫.૭. ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો હવાલો સંભાળતા વ્યવસ્થાપક મંડળે કે તંત્રે નિયત ફોર્મમાં રાજ્ય સરકારને કરવાની અરજી મળતાં, ઉદ્યોગનગરના રૂપમાં અલગ એકમ સ્થાપવા વિચારવું જોઈએ. આવી અરજી પર વિચારણા કરતાં, ફકરા ૪.૩ કે ૪.૪ માં દર્શાવેલી શરતોનું પાલન થતું હોવાની સરકારને ખાતરી થાય તો તેણે, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના કબજામાંના વિસ્તારને ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ ઉદ્યોગનગર તરીકે જાહેર કરવાનો પોતાનો ઈરાદો સરકારી ગેઝેટમાં જાહેર કરવો જોઈએ અને સામાન્ય જનતા તથા ખાસ કરીને આનાથી અસર થવાનો સંભવ હોય એવી પંચાયતો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવાં જોઈએ. મળેલા વાંધા અને સૂચનો પર વિચારણા કર્યા બાદ, તે વિસ્તારને ઉદ્યોગનગર તરીકે જાહેર કરવાનું સરકાર વિચારે તો તેણે, પ્રથમ, તે વિસ્તારને જમીન મહેસૂલ કોડ હેઠળ અલગ મહેસૂલી ગામમાં ફેરવવો અને પછી તે ગામને ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ ઉદ્યોગ નગર તરીકે જાહેર કરવું જોઈએ.

૫.૮. હવે પછીના પ્રકરણમાં, આપણે, ઉદ્યોગનગર પંચાયતનાં બંધારણ, કર્તવ્ય અને સત્તા માટે તથા તાલુકા અને જિલ્લા પંચાયત તથા રાજ્ય સરકાર સાથેના તેના સંબંધ માટે કરવાની ખાસ જોગવાઈનો વિચાર કરીશું.

## પ્રકરણ ૬

## ઉદ્યોગનગર પંચાયતના બંધારણ, કર્તવ્યો તથા સત્તાઓ

૬.૧. હવે આપણે જેને "ઉદ્યોગનગર" કહીશું તેવા અલગ એકમ તરીકે રચનાર ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતનો હવાલો સંભાળનાર સ્થાનિક સંસ્થાના બંધારણ અંગે કેટલાયે સૂચન કરાયાં છે. કેટલાકે સૂચવ્યું છે કે સ્થાનિક સંસ્થા ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો હવાલો સંભાળતા વ્યવસ્થાપક મંડળે નિયુક્ત કરવાની વ્યક્તિઓનું જ બનેલ હોવું જોઈએ, કારણ કે ઉદ્યોગનગરમાં આવી જતી બધી જમીનની વાસ્તવિક માલિકી વ્યવસ્થાપક મંડળની છે તથા તે વિસ્તારમાં નાગરિક સવલતો પૂરી પાડવા તથા જાળવવા માટે મુખ્યત્વે તે જવાબદાર છે. બીજા કેટલાકે સૂચવ્યું છે કે ઉદ્યોગનગર વિસ્તારમાંના ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના હક અને જવાબદારીઓને ધ્યાનમાં લીધા સિવાય, સ્થાનિક સંસ્થાની રચના પુખ્ત મતાધિકારના ધોરણે, ચૂંટણીની સામાન્ય પધ્ધતિએ થવી જોઈએ અને એક કે બીજા વિભાગને અગત્ય મળવી ન જોઈએ. સમિતિ સાથેની ચર્ચા દરમિયાન, ઉદ્યોગ અને મજૂર વર્ગના મોટા ભાગના પ્રતિનિધિઓ તેમજ બીજાઓએ કબૂલ રાખ્યું કે ઉદ્યોગનગરમાંની ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતની ખાસ સ્થિતિ માન્ય રાખવી જોઈએ. પરંતુ સાથે સાથે જણાવ્યું કે સ્થાનિક સંસ્થાને તે વિસ્તારમાં રહેતી વ્યક્તિઓ પર કરવેરા નાખવાની કોઈ સત્તા આપવાની હોય તો તે વિસ્તારના વહીવટમાં તેમને સક્રિય રીતે ભાગ લેવા દેવો જોઈએ અને સ્થાનિક સંસ્થા પર તેમનું યોગ્ય પ્રતિનિધિત્વ હોવું જોઈએ. અમે આ મંતવ્ય સાથે સામાન્ય રીતે સહમત છીએ. હેવાલના ફકરા ૫.૩માં દર્શાવેલ વિચારો ધ્યાનમાં લેતાં, અમને લાગે છે કે (ક) તે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહત અને વસાહતમાંના ઔદ્યોગિક એકમો પર સીધી કે આડકતરી રીતે સ્થાનિક કરવેરા નાખવાને લગતી અને (ખ) તે વિસ્તારમાં નાગરિક સવલતો જાળવવા કે વધારવા માટે વ્યવસ્થાપક મંડળે આપેલ નાણાંના ઉપયોગને લગતી તમામ બાબતોમાં અને ગ્રામ કે નગર પંચાયતના સામાન્ય રીતે અધિકારમાં આવતી તથા પોતાની માલિકીની જમીન પરના, વ્યવસ્થાપક મંડળના હકને સીધી કે આડકતરી રીતે અસર કરે તેવી તમામ બાબતોમાં, જેને માટે ઉદ્યોગનગર રચાયું હોય તે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળને નિર્ણાયક સત્તા હોવી જોઈએ. સાથેસાથ, ત્યાંના લોકો ઉદ્યોગનગરમાં કામકાજના વહીવટમાં સક્રિયપણે સંકળાય અને તેમને, તમામ વ્યક્તિઓ કે અમુક વર્ગની વ્યક્તિઓના લાભ માટે તે વિસ્તારની હાલની સવલતો વિસ્તારવા કે કલ્યાણ પ્રવૃત્તિઓ કરવા માટે નાણાં ઉભાં કરવાં કરવેરા નાખવાનો તથા તે વિસ્તારના ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળના હક અને હિતને અસંગત ન હોય એ રીતે તે નાણાં વાપરવાનો હક મળે તે જરૂરી છે. આ હેતુ લક્ષમાં રાખી ઉદ્યોગનગર પંચાયતના બંધારણ માટે અમે નીચેનાં સૂચન કરીએ છીએ:—

(૧) ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછા ૯ અને વધુમાં વધુ ૧૫ સભ્યો હોય છે, જ્યારે નગર પંચાયતમાં ઓછામાં ઓછા ૧૫ અને વધુમાં વધુ ૩૧ સભ્યો હોય છે. સામાન્ય રીતે ગામની વસ્તી ૫૦૦ થી ૧૦,૦૦૦ સુધીની હોય છે. અમારી ભલામણ પ્રમાણે, ૫૦૦થી ઓછી વસ્તી ન હોય તો ઉદ્યોગનગર સ્થાપી શકાય. આમ, વસ્તી અને વિસ્તાર જોતાં, ઉદ્યોગનગરને ગામ સાથે સરખાવી શકાશે. આથી, સરકાર કે આ અંગે સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારી નક્કી કરે તે મુજબ, ઉદ્યોગનગર પંચાયતમાં પણ ગ્રામ પંચાયતની સભ્ય-સંખ્યા જેટલા જ સભ્યો, એટલે કે ઓછામાં ઓછા ૯ અને વધુમાં વધુ ૧૫ રાખી શકાય.

(૨) ઉદ્યોગનગર પંચાયતના બે તૃતીયાંશ સભ્યો, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે નિયુક્ત કરેલ વ્યક્તિઓમાંથી નીમવા અને બાકીના એક તૃતીયાંશ, ગામ કે નગર પંચાયતની ચૂંટણી માટે અનુસરાતી સામાન્ય કાર્યપધ્ધતિ હેઠળ પુખ્ત મતાધિકારના ધોરણે, ઉદ્યોગનગરના નિવાસીઓએ ચૂંટેલ સભ્યો હોઈ શકે.

(૩) ચૂંટણીથી ભરવાની એક બેઠક, સ્ત્રીઓ માટે અનામત રાખવી.

૬.૨. ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ, જે તે પંચાયત, જુદી જુદી સમિતિઓને સોંપે તેવી, પંચાયતની સત્તાનો અમલ કરવા અને તેવાં પંચાયતનાં કર્તવ્ય અને ફરજો બજાવવા માટે ગ્રામ કે નગર પંચાયતે ઉત્પાદન સમિતિ, શિક્ષણ સમિતિ અને જાહેર આરોગ્ય તથા બાંધકામ સમિતિ, જેવી સમિતિઓ રચવી પડે છે. સમિતિએ પ્રશ્નના આ પાસા અંગે જેમની સાથે ચર્ચા કરી હતી તેવા ઉદ્યોગોના કેટલાક પ્રતિનિધિઓએ એવું મંતવ્ય દર્શાવેલ કે ત્રણ થી ચાર સમિતિઓ નીમવાની હોય તો આવી સમિતિઓ પર કામ કરવા માટે, જુદા જુદા પ્રશ્ન અંગેના જરૂરી જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યક્તિઓ પૂરતી સંખ્યામાં નિયુકત કરવાનું ઉદ્યોગ માટે શકય બનશે નહી. અમારા મતે ઉદ્યોગનગર પંચાયત માટે આટલી બધી સમિતિઓ હોય, એ જરૂરી કે સગવડભર્યું નથી અને, પંચાયતમાં નાણાંના વહીવટ માટે ફકત બે સમિતિઓ નીમવામાં આવે તો પૂરતું થશે. આ નાણાં મુખ્યત્વે બે પ્રકારનાં હશે, એટલે કે:—

(૧) ઉદ્યોગનગર વિસ્તારમાં નાગરિક સવલતો જાળવવા માટે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે જોગવાઈ કરેલાં નાણાં, અને

(૨) તે વિસ્તારની નાગરિક સવલતો વિસ્તારવા કે કલ્યાણ પ્રવૃત્તિઓની જોગવાઈ કરવા માટે સ્થાનિક કરવેરાથી કે અન્યથા પંચાયત ઊભાં કરે તે નાણાં.

પંચાયત ફંડ, જેને ઉદ્યોગનગર ફંડ તરીકે ઓળખી શકાય, તે બે વિભાગ (૧) સામાન્ય ફંડ અને (૨) ખાસ ફંડમાં રાખી શકાય. સામાન્ય ફંડમાં (ક) નાગરિક સવલતો જાળવવા માટે તેમજ પંચાયતના વિસ્તાર કે વસ્તી વધતાં જરૂરી બને તે સવલતો વિસ્તારવા માટે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો હવાલો ધરાવતા વ્યવસ્થાપક મંડળે પૂરાં પાડેલ તમામ નાણાં, અને (ખ) ખાસ ફંડમાં ચૂકવવાપાત્ર હોય તેવી બાબતો સિવાયની, ગામ કે નગર પંચાયતે ચૂકવવાપાત્ર બીજી બધી બાબતોનો સમાવેશ થશે. ખાસ ફંડમાં (ક) પંચાયત દ્વારા નાખવામાં આવે કે પંચાયતને સોંપવામાં આવે તેવા તમામ કરવેરા કે ફીની આવક, અને (ખ) દાન કે ફાળા રૂપે પંચાયતને અપાનાર રકમનો સમાવેશ થશે. સામાન્ય અને ખાસ ફંડના આવક અને ખર્ચના હિસાબ અલગ અલગ રાખવા.

૬.૩ પંચાયત, સામાન્ય ફંડના વહીવટ માટે કારોબારી સમિતિ તરીકે ઓળખાતી સમિતિ તથા ખાસ ફંડના વહીવટ માટે કલ્યાણ સમિતિ નામે ઓળખાતી બીજી સમિતિ નીમી શકે.

કારોબારી સમિતિમાં, પંચાયત નક્કી કરે તે પ્રમાણે ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ આઠ સભ્યો હોઈ શકે. આ સમિતિ, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે મુખ્યત્વે જોગવાઈ કરેલાં નાણાંના ચાર્જમાં હોઈ, સમિતિના નિયુકત અને ચૂંટાયેલા સભ્યોની સંખ્યા, શકય હોય ત્યાં સુધી ઉદ્યોગનગર પંચાયત પરના પ્રમાણ જેટલા જ પ્રમાણમાં હોઈ એ રીતે સમિતિની રચના કરવી. ઉદ્યોગ-નગર પંચાયતના ચેરમેન, હોદ્દાની રૂએ કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

કલ્યાણ સમિતિ, પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યો અને તેટલી જ સંખ્યાના નિયુકત સભ્યોની બનેલી હશે. સમિતિના ચૂંટાયેલા સભ્યોમાંથી એકને આ સમિતિના ચેરમેન નીમવા.

પંચાયત આ સમિતિઓને સોંપે તેવી સત્તાનો તે અમલ કરશે અને એવાં કર્તવ્ય અને ફરજો બજાવશે.

૬.૪. પંચાયતમાં ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનું પ્રતિનિધિત્વ ધરાવતા નિયુકત સભ્યોની બહુમતી હોવાનું અમે સૂચન કર્યું છે. પંચાયત વિસ્તારના રહેવાસીઓનું પ્રતિનિધિત્વ ધરાવતા ચૂંટાયેલ સભ્યો લઘુમતિમાં હશે તેથી પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી બહુમતી સભ્યો સહમત ન થાય

ત્યાં સુધી પંચાયત વિસ્તારમાં રહેતી વ્યકિતઓ કે કોઈ એક વર્ગની આવી વ્યકિતઓ પર સીધી કે આડકતરી રીતે નાણાંકીય બોજો વધારે તેવા કરવેરા કે ફી નાખવામાં ન આવે તે જેવું જરૂરી છે. આવા કરવેરા કે ફીની ઉપજ, પંચાયતના ખાસ ફંડમાં ચૂકવવાપાત્ર હોવી જોઈએ.

૬.૫. ખાસ ફંડનાં નાણાં, ચાલુ કલ્યાણ પ્રવૃત્તિઓ માટે અથવા પંચાયત વિસ્તારના કે તેના એક ભાગના રહેવાસીઓ માટે હાથ ધરાતી કે નવી શરૂ કરાતી કલ્યાણ-પ્રવૃત્તિઓ માટે અથવા વધારાની જે નાગરિક સવલતો માટે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે નાણાંની જોગવાઈ કરવાનું આવશ્યક ન હોય તેની જોગવાઈ કરવા અથવા જે કોઈ ખાસ હેતુ માટે પંચાયતને ચૂકવાયેલ દાન કે ફાળા આ ફંડમાં જમા કરાયેલ હોય તે ખાસ હેતુ માટે અથવા કલ્યાણ સમિતિ માન્ય રાખે તેવા બીજા કોઈ હેતુ માટે જ વાપરવાં જોઈએ. આ માટે નોકરીએ રખાતા સ્ટાફનું ખર્ચ તથા બીજી આનુષંગિક બાબતો પરનું ખર્ચ પણ આ ફંડમાંથી મેળવી શકાય. પંચાયતનું બીજું બધું ખર્ચ સામાન્ય ફંડ ખાતે ઉધારવું.

૬.૬. અમારા મતે, ઉદ્યોગનગર પંચાયતને મ્યુનિસિપાલિટીની સમકક્ષ કેમ ગણી ન શકાય અને રાજ્ય સરકારના સીધા નિયંત્રણ હેઠળ કેમ મૂકી ન શકાય એ અમે અગાઉ સમજાવ્યું છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત બન્નેના અથવા એકલી જિલ્લા પંચાયતના નિયંત્રણ હેઠળ આ પંચાયતો રાખવાની તરફેણની તથા વિરુધ્ધની કેટલીયે દલીલો પર અમે વિચારણા કરી છે. ઉદ્યોગનગર પંચાયતને જિલ્લા પંચાયતના નિયંત્રણ અથવા દેખરેખ હેઠળ મૂકવામાં આવે તો તે મુશ્કેલીમાં મૂકાશે કે તેના હિતને અસર થશે એવી ભીતિ રાખવાનું કોઈ કારણ નથી. ઉલટું વહીવટની દ્રષ્ટિએ તથા ઉદ્યોગનગરના આયોજન અને કાર્યક્રમના, જિલ્લા પંચાયતના આયોજન અને કાર્યક્રમ સાથેના પરસ્પર સંબંધની દ્રષ્ટિએ ઉદ્યોગનગર પંચાયતને જિલ્લા પંચાયત હેઠળ રાખવાનું લાભદાયી બનશે. આ બાબત પંચાયત રાજની હાલની પધ્ધતિ સાથે સુસંગત પણ બનશે. બીજી બાજુ, તાલુકા પંચાયત અને તેના અધિકાર ક્ષેત્રમાં આવેલ ઉદ્યોગનગર પંચાયત વચ્ચે ગાઢ સંપર્કની જરૂર અમે સ્વીકારીએ છીએ તે છતાં, ઉદ્યોગનગર પંચાયતને તાલુકા પંચાયતના નિયંત્રણ અને દેખરેખ હેઠળ મૂકવાનું જરૂરી કે ઈષ્ટ નથી. એમ અમને લાગે છે. ઉદ્યોગનગર શહેર વિસ્તાર હશે અને તાલુકા પંચાયત પોતાની નાણાંકીય મર્યાદામાં રહી સામાન્ય રીતે જોગવાઈ કરે તેવી, ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળની પોતાના અધિકારક્ષેત્રમાં આવતી મોટા ભાગની બાબતો માટે ઉદ્યોગનગર જોગવાઈ કરી શકશે. તદનુસાર અમે ભલામણ કરીએ છીએ કે રાજ્ય સરકારના નિયંત્રણને આધીન રહી ઉદ્યોગનગર પંચાયતને જિલ્લા પંચાયતના સીધા નિયંત્રણ અને દેખરેખ હેઠળ મૂકવી અને તેને તાલુકા પંચાયતની તાબેદાર કે તેના દ્વારા નખાતા કોઈપણ કરવેરાને અધીન રાખવી નહીં. તેમ છતાં, તાલુકા કક્ષાએ સંપર્ક જાળવી રાખવા, ઉદ્યોગનગર પંચાયતના એક પ્રતિનિધિને તાલુકા પંચાયતના સહસભ્ય તરીકે નીમવાનું સૂચન કરીએ છીએ.

૬.૭. ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ, દરેક ગ્રામ અને નગર પંચાયતે નિયત દરે જિલ્લા વિકાસ ફંડમાં, વાર્ષિક ફાળો આપવાનો હોય છે અને આ ફંડ, તે અધિનિયમની અનુસૂચિ ૧માં આવતી કોઈ પણ બાબત માટે ગ્રામ અને નગર પંચાયતને લોન આપવા વાપરવામાં આવે છે. ઉદ્યોગનગર પંચાયતની બાબતમાં પંચાયત વિસ્તારમાં નાગરિક સવલતો જાળવવા અને વધારવા માટે જરૂરી નાણાં, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળ દ્વારા પૂરાં પડાશે અને જિલ્લા વિકાસ ફંડમાંથી લોન લેવાની થશે તો જે હેતુ માટે વ્યવસ્થાપક મંડળે નાણાં પૂરાં પાડવાનાં ન હોય તે ઈતર હેતુઓ માટે જ હશે. પરિણામે, ઉદ્યોગનગર પંચાયતે, ગ્રામ કે નગર પંચાયતને લાગુ પડતા દરે જિલ્લા વિકાસ ફંડમાં ફાળો આપવો પડશે. પરંતુ આવો ફાળો ચૂકવવા માટેની ઉદ્યોગ-નગર પંચાયતની આવક ગણતી વેળા વ્યવસ્થાપક મંડળે જોગવાઈ કરેલાં નાણાં હિસાબમાં લેવાં ન જોઈએ. બીજી રીતે કહીએ તો, આવાં નાણાંનો જિલ્લા વિકાસ ફંડમાં ફાળો ચૂકવવા માટે ઉદ્યોગનગર પંચાયતની આવક પેટે ગણવાં ન જોઈએ.

૬.૮. ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે પોતાના વિસ્તારને ઉદ્યોગનગર તરીકે રચવા માટે રાજ્ય સરકારને કરેલી અરજીમાં તે વિસ્તારમાં નાગરિક સવલતોની જોગવાઈ કરવા અને /અથવા જાળવવા તથા આ માટે જરૂરી નાણાં દરેક નાણાંકીય વર્ષની શરૂમાં ઉદ્યોગનગર પંચાયતને આપવા માટે તેણે આપેલી બાંયધરી પાળવાનું તેને માટે ફરજિયાત બનાવતી ખાસ જોગવાઈ, ગુજરાત પંચાયત અધિનિયમમાં સમાવિષ્ટ કરવાનું પણ અમને જરૂરી જણાય છે. નિયત સમયમાં તેની જવાબદારી અદા કરવા, જિલ્લા પંચાયત તેને જણાવે તેમ છતાં કોઈ પણ સમયે તે તેમ કરવામાં નિષ્ફળ જાય તો તે વિસ્તારમાં નાગરિક સવલતો પૂરી પાડવા અને/અથવા જાળવવા માટે જિલ્લા પંચાયતને, જરૂરી જણાય તેટલી રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વ્યવસ્થા મંડળ પાસેથી વસૂલ કરી, ઉદ્યોગ-નગર પંચાયત હસ્તક મૂકી શકાય.

૬.૯. ઉપર સૂચવેલ ખાસ જોગવાઈને તથા પ્રકરણ ૮માં દર્શાવેલ વધારાની ખાસ જોગવાઈને અધીન રહીને ઉદ્યોગનગર પંચાયત, ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ નગર પંચાયતો જે સત્તાનો અમલ કરે છે અને ફરજો તથા કાર્યો બજાવે છે તે તમામ સત્તાનો અમલ કરશે અને ફરજો તથા કાર્યો બજાવશે.

## પ્રકરણ—૭

## ઉદ્યોગનગરની રચનાથી અસર પામેલી ગ્રામપંચાયતોને નાણાંકીય સહાય

૭.૧. પ્રકરણ ૫માં અમે ભલામણ કરી છે કે ફકરા ૪.૨ કે ૪.૩માં દર્શાવેલી જરૂરી શરતો પરિપૂર્ણ થતી હોય ત્યાં ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને "ઉદ્યોગનગર"માં ફેરવવા અને જ્યાં આ જરૂરી શરતો સંતોષાતી ન હોય અને ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત એકથી વધુ સ્થાનિક તંત્રની હદમાં આવેલ હોય ત્યાં આવા વિસ્તાર કે વસાહતને, જે. તે સ્થાનિક તંત્રની હદમાં યોગ્ય ફેરફાર કરીને એકજ સ્થાનિક તંત્રના અધિકારક્ષેત્ર હેઠળ લાવવા જોઈએ. જે ગ્રામ પંચાયતના વિસ્તારમાં અંશત; કે સંપૂર્ણત: ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત આવેલ હોય તે ગ્રામ પંચાયતને તે વિસ્તારના ઉદ્યોગ કે ઉદ્યોગો કે વસાહત પર કરવેરા, ફી કે સેસ નાખવાનો તથા આવા કરવેરામાંથી આવક મેળવવાનો અથવા વિકલ્પે, પંચાયત નાખી શકે તે તમામ કરવેરા, વગેરેને બદલે ૧૯૬૪ના ગુજરાત પંચાયત (કારખાનાં દ્વારા કરવેરાને બદલે ઊચક રકમના ફાળાની ચૂકવણી) નિયમોની જોગવાઈ અનુસાર જે તે ઉદ્યોગ કે ઉદ્યોગો ઊચક રકમના ફાળા ચૂકવે તે માટે કરાર કરવાનો અધિકાર છે. પંચાયતના અધિકારક્ષેત્રમાં સંપૂર્ણત: કે અંશત: આવેલ ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને અલગ કરી, બીજા સ્થાનિક તંત્ર હેઠળ મૂકવામાં આવે તો તે પંચાયત, આમાંથી મળી શકત તે મહેસૂલ અથવા આવી મહેસૂલ મેળવવાનો હક ગૂમાવશે અને પરિણામે, પંચાયતની મહેસૂલ અને બજેટ પર પ્રતિકુળ અસર પડશે તેથી, આવી પંચાયતને, પોતાના અધિકારક્ષેત્રમાંથી અલગ કરાયેલ વિસ્તારમાંથી કરવેરા, ફી, વગેરે રૂપ મળનાર મહેસૂલની ખરેખર કે સંભવિત ખોટ સંબંધે અથવા આવું મહેસૂલ લેવાનો હક કે ગુમાવવા બદલ સહાય કરવી જોઈએ કે કેમ તે વિચારવાનું જરૂરી છે.

૭.૨. ગ્રામ પંચાયતની આવકનાં મુખ્ય સાધન, જમીન મહેસૂલ ગ્રાન્ટ, ઓકટ્રોય અને જમીન તથા મકાન પરના કરવેરા છે. પંચાયત વિસ્તારમાંથી સમગ્રત: કે અંશત: ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને અલગ પાડવાથી પંચાયતની આવકમાં તુરત જ ઘટાડો થશે અને ભવિષ્યમાં ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતના વિકાસ અને વિસ્તરણમાંથી મળનાર તમામ લાભ પણ જતા રહેશે. પંચાયત, તે વિસ્તારના ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી પ્રમાણમાં સેવાઓ પૂરી પાડી શકી હોય કે ન હોય તે પૂરી પાડી શકે કે ન શકે તે છતાં અમારા મતે, સમાનતાની દ્રષ્ટિએ તેને ખરેખર જતી તેમજ સંભવિત ખોટ માટે પંચાયતને સહાય કરવી જોઈએ.

૭.૩. આવી પંચાયતને આપવાની સહાયની રકમ ગણી કાઢવા માટે પૂરો સંતોષ થાય તેવું સૂત્ર ઘડી કાઢવું મુશ્કેલ છે. ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૭૯ અનુસાર, ગ્રામ કે નગર પંચાયત, નાખવાના તમામ કે કોઈ પણ કરવેરાને બદલે ઊચક રકમનો ફાળો સ્વીકારવા માટે કારખાના સાથે કરાર કરી શકે છે. ૧૯૬૪ના ગુજરાત પંચાયત (કારખાનાં દ્વારા કરવેરાને બદલે ઊચક રકમના ફાળાની ચૂકવણી) નિયમોની જોગવાઈ અનુસાર, કારખાનાના માલિકે જોગવાઈ કરી હોય તે સવલતોનું ખર્ચ બાદ કર્યા બાદ, પંચાયતે નાખ્યા હોય કે સામાન્ય દરે તે નાખી શકે તેમ હોય તે કરવેરા, વગેરે અંગે તેને મળનાર રકમની ગણતરી કરીને, ઊચક રકમનો ફાળો ગણવાનો હોય છે. અમે માનીએ છીએ કે ગ્રામ પંચાયતને ખરેખર જતી કે સંભવિત ખોટ માટે તેને ચૂકવવાની સહાયની રકમ નક્કી કરવા માટે ઉકત અધિનિયમ અને નિયમોમાં ઠરાવેલો, ઊચક રકમનો ફાળો ગણવાનો સિધ્ધાંત અપનાવી શકાય. અગાઉ એકથી વધુ ગ્રામ પંચાયતના વિસ્તારમાથી બનેલ ઉદ્યોગનગરની બાબતમાં, ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતના વ્યવસ્થાપક મંડળે સરકાર નક્કી કરે તે દરે, અસર પામેલ પંચાયત કે પંચાયતોને રાહત આપવા માટે ફાળો આપવો જોઈએ. ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો હવાલો ધરાવતા વ્યવસ્થાપક મંડળ કે સત્તાધિકારી, અસર પામેલ પંચાયત કે પંચાયતોને સરકાર નક્કી કરે તે ફાળો આપવા બાંયધરી આપે તો જ ઉદ્યોગનગરના રૂપમાં અલગ એકમ સ્થાપવા માટેની તેમની અરજી સરકારે વિચારણામાં લેવી જોઈએ.

૭.૪. આમ છતાં, અમે માનીએ છીએ કે પંચાયતને અનિયત કાળ સુધી આવો ફાળો ચૂકવવાની જવાબદારી ઉદ્યોગ માથે નાખવી ન જોઈએ, કારણ કે તેણે પોતાના ઉદ્યોગનગર વિસ્તારમા નાગરિક સવલતો માટે નાણાંની જોગવાઈ કરવી પડશે જ્યારે સંબંધિત પંચાયત પોતાના ક્ષેત્રાધિકારમાંથી

અલગ કરાયેલ વિસ્તાર અંગેની તમામ જવાબદારીમાંથી પૂરેપૂરી છૂટી જશે, તેથી, પંચાયતને મહેસૂલનાં બીજા સાધનોનો આશરો લઈ, જરૂર હોય તો, બજેટ સરભર કરવા માટે પૂરતો સમય મળી રહે તે માટે આ ફાળો મર્યાદિત સમય પૂરતો ચૂકવવાપાત્ર રાખવો જોઈએ, જે સમય દરમિયાન તે ક્રમશઃ ઘટાડાતો જવો જોઈએ. આ માટે પાંચ વર્ષનો સમય પર્યાપ્ત થશે એમ અમને લાગે છે. અને અમે સૂચવીએ છીએ કે આ ફાળો પ્રથમ બે વર્ષ માટે પૂરેપૂરો, તે પછીનાં બે વર્ષ માટે ૫૦ ટકા અને પાંચમા વર્ષ માટે ૨૫ ટકા લેખે ચૂકવવો જોઈએ.

૭.૫. આમ છતાં, આગળના ફકરામાં અમે સુચવ્યા પ્રમાણે, અસર પામેલ પંચાયત કે પંચાયતોને ફાળાની ચૂકવણીની બાબત કાયદેસર અમલમાં મૂકી શકાય તેમ ન હોય તો અમે સૂચવીએ છીએ કે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૦૨ હેઠળ અથવા જરૂરી હોય તો અધિનિયમની કલમ ૧૯૬ કે ૧૯૭માં સુધારો કરીને રાજ્ય સમકારી ફંડ કે જિલ્લા સમકારી ફંડમાંથી જરૂરી હોય તેટલા પ્રમાણમાં આવી પંચાયતને ખાસ ગ્રાન્ટ આપવાનો પ્રશ્ન સરકાર વિચારી શકે અથવા વિકલ્પે, ઉદ્યોગનગરનો વિસ્તાર જેમાથી અલગ પડ્યો હોય તે ગ્રામ/નગર પંચાયત તે વિસ્તાર પર કરવેરા નાખી શકશે નહિ તે હકીકત ધ્યાનમાં લઈને, સરકાર, પોતે નક્કી કરે તેવા યોગ્ય દરે ઉદ્યોગનગર પંચાયત પર ખાસ બિન્-ખેતી સેસ નાખી વસૂલ કરી શકે અને આવા સેસની ઉપજ, આવી પંચાયતના વિસ્તારમાં પાણી પુરવઠો, ડ્રેનેજ, પ્રવેશ માર્ગ, વીજળી, વગેરે જેવી આવશ્યક સેવાઓ માટે નાણાં પૂરાં પાડવા સારું, અસર પામેલ પંચાયત કે પંચાયતો જે જિલ્લા પંચાયતમાં આવેલ હોય તે જિલ્લા પંચાયતને આપી શકે, અસર પામતી પંચાયતોની આવકમાં જનાર ખોટ ગણી કાઢવાનું આ તબક્કે શકય નથી અને તેથી, બિન-ખેતી સેસનો દર અમે સૂચવ્યો નથી.

## પ્રકરણ ૮

## ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં ઉદ્યોગનગર પંચાયતો માટે ખાસ જોગવાઈઓ

૮.૧. પ્રકરણ ૪ અને ૫ માં, અલગ ઉદ્યોગનગર પંચાયત હેઠળ ઉદ્યોગનગરની રચના વાજબી ઠરાવતા સંજોગો તેમજ ઉદ્યોગનગર પંચાયત રચવા માટે સંતોષવી પડે તે પૂર્વ-જરૂરી શરતો તથા જે પધ્ધતિએ એ થવું જોઈએ તે પધ્ધતિ દર્શાવી છે. હાલની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા સરકારી કચેરીઓ સાથેના ઉદ્યોગનગર પંચાયતના સંબંધ અંગે કરાયેલાં કેટલાંયે સૂચનો પર અમે વિચારણા કરી છે અને એવા નિર્ણય પર આવ્યા છીએ કે ઉદ્યોગનગર પંચાયતને, ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં ઠરાવેલા ત્રણ સ્તરના માળખામાં નગર પંચાયતની સમકક્ષ ગણીને મૂળભૂત એકમ તરીકે માન્ય રાખી, રાજ્યના પંચાયત રાજ સંઘટનમાં તેને ગોઠવવી જોઈએ. ઉદ્યોગનગર પંચાયતને જિલ્લા પંચાયતની સીધી દેખરેખ અને નિયંત્રણ હેઠળ મૂકવામાં આવે તે સિવાય તેને નગર પંચાયતના જેવો જ દરજ્જો આપવો જોઈએ અને ઉદ્યોગનગરમાં ઉદ્યોગની અસામાન્ય કહી શકાય તેવી સ્થિતિને કારણે તથા તે વિસ્તારમાંના ઉદ્યોગના હક અને હિત સાથે અને તેમાં નાગરિક સવલતોની જોગવાઈ કરવા તથા જાળવવાની તેની જવાબદારી સાથે સુસંગત રીતે ઉદ્યોગને ખાસ સ્થાન આપવાની જરૂરતને કારણે તેના બંધારણ કર્તવ્ય, સત્તા વગેરે અંગે ખાસ વ્યવસ્થા કરવી જોઈએ.

૮.૨. ઉદ્યોગનગર પંચાયતના બંધારણ, સત્તા. ફરજ, કર્તવ્ય તથા તાલુકા અને જિલ્લા પંચાયત અને રાજ્ય સરકાર સાથેના સંબંધ અંગેની જુદી જુદી બાબતો સંબંધે, નગર પંચાયતને લગતી, ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈઓ જરૂરી સુધારાવધારા સાથે તથા નીચેની બાબતો અંગે ખાસ જોગવાઈઓ સમાવિષ્ટ કરવાની શરતને અધીન રહી, યોગ્ય રીતે અપનાવી શકાય, એમ અમને લાગે છે.

(૧) ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતનું વ્યવસ્થાપક મંડળ તે વિસ્તારનું ઉદ્યોગનગર રચવા માટે રાજ્ય સરકારને અરજી કરે ત્યારે, પ્રકરણ ૫માં દર્શાવેલી શરતોનું પાલન થયાની રાજ્ય સરકારને ખાતરી થાય તો રાજ્ય સરકાર તે વિસ્તારને અલગ મહેસૂલી ગામમાં ફેરવી શકે અને પછી ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ તેને ઉદ્યોગ નગર જાહેર કરી શકે (કલમ ૯ સુધારવાની).

(૨) દરેક ઉદ્યોગનગર માટે એક ઉદ્યોગનગર પંચાયત હોવી જોઈએ, જે જિલ્લા પંચાયતના સીધા નિયંત્રણ હેઠળ રહેશે ( કલમ ૩, ૪, ૫, ૭ અને ૮ સુધારવાની).

(૩) ઉદ્યોગનગર પંચાયતમાં, રાજ્ય સરકાર કે તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારી આ બાબતમાં નક્કી કરે તે પ્રમાણે ઓછામાં ઓછા નવ અને વધુમાં વધુ પંદર સભ્યો રહેશે. આમાંના બે તૃતીયાંશ સભ્યો, ઉદ્યોગનગર રચવા માટે રાજ્ય સરકારને અરજી કરનાર ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતના વ્યવસ્થાપક મંડળે નિયુક્ત કરવા અને બાકીના એકતૃતીયાંશ, સભ્યો, નગર પંચાયતના સભ્યોની ચૂંટણી અંગેની ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈઓ અનુસાર ઉદ્યોગનગરના લાયક મતદારોમાંથી ચૂંટવા જોઈએ. ઉદ્યોગનગર પંચાયતની એક બેઠક સ્ત્રી માટે જ અનામત રાખવી જોઈએ. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠક રાખવાનું જરૂરી નથી. (કલમ ૧૩ યોગ્ય રીતે સુધારવાની).

(૪) ઉદ્યોગનગર પંચાયતના પ્રતિનિધિને તાલુકા પંચાયતના સહ-સભ્ય તરીકે નીમવાની જોગ-વાઈ કરવી જોઈએ (કલમ ૧૪ યોગ્ય રીતે સુધારવાની).

(૫) વહીવટી અને દેખરેખ રાખનાર સ્ટાફ સહિત ઉપરના મુદ્દા (૩)માં ઉલ્લેખેલ ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતનો હવાલો ધરાવતી કે તેમાં નોકરી કરતી વ્યક્તિનો, પંચાયત દ્વારા કરાતા કોઈ કામમાં કે પંચાયત સાથેના કોન્ટ્રાક્ટરમાં અથવા પંચાયતના કોઈ અધિકારી કે કર્મચારીને લોન કે રકમ ધીરીને લેવડદેવડ કરી હોય તેમાં તેનો હિસ્સો કે હિત હોય તે કારણે ઉદ્યોગનગર પંચાયતના

સભ્ય તરીકે નીમવા માટે તે ગેરલાયક ઠરવી ન જોઈએ. તે જ પ્રમાણે, ઉક્ત ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતમાં નોકરી કરતી અને ઉદ્યોગનગરમાં રહેતી વ્યક્તિને, ઉદ્યોગનગર પંચાયતની ચૂંટણી લડવા કે તેમાં કોઈ પ્રકારે ભાગ લેવામાંથી તેની નોકરીની શરતો નિયંત્રિત કરતા નિયમો કે વિનિયમો હેઠળ બાકાત રાખવી ન જોઈએ (કલમ ૨૩ યોગ્ય રીતે સુધારવાની).

(૬) ઉદ્યોગનગર પંચાયતના ચેરમેન અને વાઈસ-ચેરમેન બન્નેની જગ્યાઓ એક સાથે જ ખાલી પડે તો ચેરમેનની ચૂંટણી ન થાય ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારી આ અંગે જે અધિકારીને નીમે તે અધિકારી ચેરમેનની બધી સત્તા ભોગવશે અને તેના તમામ કાર્યો બજાવશે (કલમ ૪૮ (૪) અને ૫૩ (૩) યોગ્ય રીતે સુધારવાની).

(૭) ચૂંટાયેલા સભ્યની ખાલી પડેલ જગ્યા ચૂંટણીથી અને નિયુક્ત સભ્યની ખાલી પડેલ જગ્યા નિયુક્તિથી ભરવી (કલમ ૫૩ યોગ્ય રીતે સુધારવાની).

(૮) પોતાની સત્તાનો યોગ્ય અમલ કરવા અને કર્તવ્યો યોગ્ય રીતે બજાવવા માટે ઉદ્યોગનગર પંચાયતે નીચેની બે સમિતિઓ રચવી જોઈએ :—

(૧) કારોબારી સમિતિ, અને

(૨) કલ્યાણ સમિતિ.

આ સમિતિઓ, ઉદ્યોગનગર પંચાયત તેમને સોંપે તેવી સત્તાનો અમલ કરશે અને તે કર્તવ્યો અને ફરજો બજાવશે (કલમ ૮૨ યોગ્ય રીતે સુધારવાની).

(૯) ઉદ્યોગનગર પંચાયત નક્કી કરે તે પ્રમાણે કારોબારી સમિતિમાં ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ આઠ સભ્યો રહેશે, ચૂંટાયેલા અને નિયુક્ત સભ્યોનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, પંચાયતમાંના પ્રમાણ જેટલું જ રાખવું (કલમ ૮૨ યોગ્ય રીતે સુધારવાની).

(૧૦) કલ્યાણ સમિતિમાં ઉદ્યોગનગર પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યો અને તેટલી જ સંખ્યાના નિયુક્ત સભ્યો રહેશે (કલમ ૮૨ યોગ્ય રીતે સુધારવાની).

(૧૧) દરેક ઉદ્યોગનગર માટે, ઉદ્યોગનગર ફંડ તરીકે ઓળખાતું ફંડ હોવું જોઈએ. આ ફંડ (૧) સામાન્ય ફંડ અને (૨) ખાસ ફંડ તરીકે ઓળખાતા બે વિભાગમાં રાખવું જોઈએ.

(૧) પંચાયત વિસ્તારમાં નાગરિક સવલતોની જોગવાઈ કરવા કે જાળવવા તેમજ પંચાયતનો વિસ્તાર કે તેની વસ્તી વધતાં જરૂરી બને તે સવલતો વિસ્તારવા માટે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે પૂરાં પાડેલાં તમામ નાણાંનો તથા અધિનિયમની કલમ ૯૯ની પેટા કલમ (૨) ના ખંડ (બી) અને (એચ) માં દર્શાવેલ બે બાબતો સિવાય તે પેટા કલમમાં દર્શાવેલ આવકની બધી બાબતનો સામાન્ય ફંડમાં સમાવેશ થવો જોઈએ.

(૨) પંચાયતે નાખેલ કે તેને સોંપાયેલ બધા કરવેરા કે ફીની ઉપજનો તથા કલમ ૯૯ ની પેટા-કલમ (૨) ના ખંડ (બી) અને (એચ) હેઠળ દાન કે ફાળા તરીકે પંચાયતને ચૂકવાયેલ તમામ રકમનો ખાસ ફંડમાં સમાવેશ થવો જોઈએ (કલમ ૯૯ યોગ્ય રીતે સુધારવાની).

(૧૨) ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે જોગવાઈ કરેલાં નાણાં, જિલ્લા વિકાસ ફંડમાં પંચાયતે ચૂકવવા પાત્ર ફાળો નક્કી કરવા માટે ઉદ્યોગનગર પંચાયતની આવક તરીકે ગણાવાં ન જોઈએ (કલમ ૧૦૩ હેઠળના નિયમ યોગ્ય રીતે સુધારવાના).

(૧૩) ઉદ્યોગનગર પંચાયતનાં આવક અને ખર્ચના વાર્ષિક બજેટ અંદાજ, ઉદ્યોગનગર ફંડના બે વિભાગને અનુરૂપ બે વિભાગમાં તૈયાર કરવા જોઈએ અને નિયત તારીખ સુધીમાં જિલ્લા પંચાયતને તે મોકલવા જોઈએ. તે જ પ્રમાણે, ઉદ્યોગનગર પંચાયતનો વાર્ષિક હેવાલ અને વાર્ષિક

હિસાબ-પત્રક જિલ્લા પંચાયતને મોકલવું જોઈએ. તાકીદની પરિસ્થિતિ વખતે, બજેટમાં સમાવિષ્ટ ન હોય તેવી રકમ ખર્ચવાની સત્તા ઉદ્યોગનગર પંચાયતને હોવી જોઈએ, પરંતુ તે પછી શક્ય તેટલું જલ્દી આ પગલાંની જાણ જિલ્લા પંચાયતને તેણે કરવી જોઈએ (કલમ ૧૦૪ અને ૧૦૮ યોગ્ય રીતે સુધારવાની).

(૧૪) મકાનના બાંધકામની પરવાનગી આપવાની ના પાડતા, ઉદ્યોગનગર પંચાયતના હુકમ સામે જિલ્લા પંચાયતોને અપીલ કરી શકાય (કલમ ૯૩ (૨) યોગ્ય રીતે સુધારવાની).

(૧૫) કલમ ૯૪ (૬) અને ૯૪ (૭) હેઠળ તાલુકા પંચાયતને અપાયેલી સત્તાનો અમલ ઉદ્યોગ-નગર પંચાયતની બાબતમાં, જિલ્લા પંચાયત દ્વારા થવો જોઈએ.

(૧૬) ઉદ્યોગનગર પંચાયત, ઉદ્યોગનગર વિસ્તારમાં વસતા લોકો પર સીધી કે આડકતરી રીતે નાણાંકીય બોજો આવે તેવા કોઈ કરવેરા કે ફી કે સેસ, પંચાયતના ચૂંટાયેલા સભ્યોની બહુમતી આવી દરખાસ્ત મંજૂર રાખે તે સિવાય નાખી શકશે નહિ (કલમ ૧૭૮ યોગ્ય રીતે સુધારવાની).

(૧૭) ઉદ્યોગનગર પંચાયતથી આવરી લેવાયેલા વિસ્તાર પર કરવેરા નાખવાની સત્તા તાલુકા પંચાયતને હોવી ન જોઈએ (કલમ ૧૮૩ યોગ્ય રીતે સુધારવાની).

(૧૮) ઉદ્યોગનગર પંચાયતની બાબતમાં, કરવેરા નાખીને પોતાની આવક વધારવાની નગર પંચાયતને ફરજ પાડવા અંગેની તાલુકા પંચાયત હસ્તક રહેતી કલમ ૧૮૨ હેઠળની સત્તા, જિલ્લા પંચાયત હસ્તક રહેવી જોઈએ અને ઉદ્યોગનગરને, જિલ્લા પંચાયતના હુકમ સામે રાજ્ય સરકારને અપીલ કરવાનો હક હોવો જોઈએ.

(૧૯) પંચાયતના સામાન્ય ફંડમાં જમા કરાવવા માટે, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવ-સ્થાપક મંડળે જોગવાઈ કરેલાં નાણાંમાંથી જ અમલમાં મૂકાતું કોઈ કામ કે વિકાસ યોજના ઉદ્યોગનગર પંચાયત હાથ ધરે ત્યારે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૮૯ લાગુ પડવી ન જોઈએ.

(૨૦) ઉદ્યોગનગર પંચાયતના કોઈ હુકમ કે ઠરાવનો અમલ મોકૂફ રાખવાની અને કોઈ કામને અમલમાં મૂકવાની ફરજ પાડવાની, ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૯૪ અને ૨૯૫ હેઠળની સત્તા, ઉદ્યોગનગર પંચાયતની બાબતમાં, જિલ્લા વિકાસ અધિકારી હસ્તક જ રહેવી જોઈએ.

(૨૧) જિલ્લા પંચાયતે ઉદ્યોગનગર પંચાયત સાથે ચર્ચા વિચારણા કર્યા પછી જ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૨૪ હેઠળ ઉદ્યોગનગર પંચાયતના પેટા-કાનૂન ઘડવા જોઈએ.

(૨૨) ફકરા નં. ૭.૩ અને ૭.૪ માં ભલામણ કર્યા પ્રમાણે ઉદ્યોનગરની રચનાથી અસર પામતી ગ્રામ પંચાયતને, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે ફાળો ચૂકવવા માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈએ અથવા આ શક્ય ન હોય તો, સરકારે આવી પંચાયતને ખાસ ગ્રાન્ટ આપવા માટે અથવા સરકાર નક્કી કરે તેવા યોગ્ય દરે ઉદ્યોગનગર પંચાયત પાસેથી ખાસ બિન-ખેતી સેસ લેવા માટે અને અસર પામેલ પંચાયતના વિસ્તારમાં આવશ્યક સેવાઓ માટે નાણાં પૂરાં પાડવા. જિલ્લામાંથી એકઠી થયેલ સેસની ઊપજ જિલ્લા પંચાયતને મોકલી આપવા માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈએ.

(૨૩) ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળના પોતાના ખર્ચે ઉદ્યોગનગર વિસ્તારમાં નાગરિક સવલતો પૂરી પાડવાનું અને/અથવા જાળવવાનું અને આ માટે જરૂરી નાણાં દર વર્ષે ઉદ્યોગ-નગર પંચાયતને આપવાનું તેના માટે ફરજિયાત બનાવવાની, તેમજ વ્યવસ્થાપક મંડળ આ બાબતમાં કંઈ કસૂર કરે તેવા પ્રસંગે, વ્યવસ્થાપક મંડળ પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે એ લેણી રકમ વસૂલ કરી, ઉદ્યોગનગર પંચાયત હસ્તક મૂકવાની સત્તા જિલ્લા પંચાયતને આપવાની ખાસ જોગવાઈનો પણ સમાવેશ કરવો જોઈએ.

## પ્રકરણ—૯

# સમિતિએ વિચારવાના મુદ્દાના જવાબ

આ પ્રકરણમાં, ખેતી અને ગ્રામવિકાસ વિભાગના તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૩ના સરકારી ઠરાવ નં. ડીડીડી. ૧૦૯૩-જીમાં દર્શાવ્યા પ્રમાણે, સમિતિએ વિચારવાના મુદ્દામાં બતાવેલા અગિયાર મુદ્દા હાથ ધરીએ છીએ:—

મુદ્દા

૧. કોઈ એક ઉદ્યોગનો વિસ્તાર, એટલે કે, કારખાનાનો તેમજ તેના કામદાર અને અન્ય કર્મચારીઓ વસતા હોય એવો આજુબાજુનો વિસ્તાર તથા તેની પ્રવૃત્તિ સંબંધે ઉદ્યોગને જરૂરી કે તેની માલિકીનો બીજો વિસ્તાર અથવા ઔદ્યોગિક વિસ્તાર, સંપૂર્ણત: એક જ પંચાયતના અધિકાર ક્ષેત્રમાં આવતા હોય ત્યાં—

(ક) કોઈ ખાસ માન્યતા માટે વિચારણામાં લેવાનું જરૂરી ન હોય એવા ઉદ્યોગનું કદ અને પ્રકાર કેવાં હોવાં જોઈએ, અને

(ખ) કેટલા કદથી મોટા ઉદ્યોગ, ખાસ વિચારણાને પાત્ર ઠરે, અને એમ હોય તો, આવી ખાસ માન્યતા કયા પ્રકારની હોઈ શકે.

ઉદ્યોગના કદ કે પ્રકારના ધોરણે, કોઈ ઔદ્યોગિક વિસ્તારની ખાસ વિચારણા કરવાની કે તેને માન્યતા આપવાની તરફેણમાં અમે નથી. આવી ખાસ માન્યતા આપી શકાય અને ઔદ્યોગિક વિસ્તારને તેના પોતાના સ્થાનિક તંત્ર સાથે અલગ એકમ તરીકે રચી શકાય તે પહેલાં સંતોષવાના ત્રણ સિધ્ધાંત, એટલે કે (૧) વિસ્તાર સુઘટિત હોય, (૨) તેમાં ઓછામાં ઓછી ૫૦૦ની વસ્તી હોય અને (૩) વિસ્તારના રહેવાસીઓ માટે દીવાબત્તી, પાણી પુરવઠો, ડ્રેનેજ જેવી આવશ્યક નાગરિક સવલતોની જોગવાઈ હોય— અમે સૂચવીએ છીએ.

ઔદ્યોગિક વસાહતના કિસ્સામાં, પ્લોટ કે ઔદ્યોગિક એકમના માલિકો તથા વસાહતમાં નોકરીએ રહેલ વ્યકિતઓ સહિત વસાહતમાં વ્યકિતઓની સંખ્યા ૫૦૦ થી ઓછી ન હોય અને વસાહતનો હવાલો ધરાવતા તંત્રે, ઉપર દર્શાવ્યા પ્રમાણેની આવશ્યક નાગરિક સવલતોની જોગવાઈ કરી હોય કે ત્રણ વર્ષમાં જોગવાઈ કરવાની બાંયધરી આપી હોય તો, આવી ખાસ માન્યતા આપી શકાય.

૨. જે ગ્રામ પંચાયતના ક્ષેત્રાધિકારમાં ઉદ્યોગ આવેલ હોય તે ગામની વસ્તી કરતાં ઉદ્યોગની વસ્તી ઘણી વધારે હોય તો ઉદ્યોગના વિસ્તારને ગ્રામવિસ્તારથી અલગ કરી, નવા મહેસૂલી ગામમાં ફેરવવો જોઈએ ?

ઉદ્યોગની વસ્તીના આધારે જ ઉદ્યોગને ગ્રામ વિસ્તારથી અલગ કરી, મહેસૂલી ગામમાં ફેરવવાનું ઉચિત નથી, ઉપર (૧) ના જવાબમાં જણાવ્યા પ્રમાણે, કેટલીક મૂળભૂત નાગરિક સવલતોની જોગવાઈ અંગેની બીજી આવશ્યક શરત પણ સંતોષાવી જોઈએ. વધુમાં, ઉદ્યોગ જે ગામમાં આવેલ હોય તે ગામની વસ્તીને ધ્યાનમાં લીધા સિવાય, જવાબ (૧) માં દર્શાવેલ શરતો સંતોષાતી હોય તો ઉદ્યોગના વિસ્તારને નવા મહેસૂલી ગામમાં ફેરવવો જોઈએ.

૩. ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો વિસ્તાર, એકથી વધુ પંચાયતના ક્ષેત્રાધિકારમાં આવતો હોય ત્યાં જે તે પંચાયતોના જે તે વિસ્તારોમાંથી અલગ વિસ્તાર જુદો પાડી, ઉદ્યોગનગરના જ વિસ્તારને આવરી લેતું નવું મહેસૂલી ગામ બનાવી શકાય કે કેમ ?

એકથી વધુ પંચાયતના ક્ષેત્રાધિકારમાં આવેલ ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત, મુદ્દા (૧) ના જવાબમાં દર્શાવેલ શરતો સંતોષતાં/સંતોષતી ન હોય અને તેના પોતાના સ્થાનિક તંત્ર સાથે તેનું અલગ એકમ

રચવામાં ન આવે તો તેના વિકાસના ગાળામાં તે સ્થિરતાના તબક્કે પહોંચે કે તરત જ ગામોની હદમાં યોગ્ય સુધારાવધારા કરીને એક જ પંચાયતના ક્ષેત્રાધિકાર હેઠળ તેને લાવવો/લાવવી જોઈએ.

૪. જેને અલગ વહીવટી વિસ્તાર બનાવી શકાય, તેવા ખાનગી પેઢી કે કંપની કે કોરપોરેશનની માલિકી હેઠળના ઔદ્યોગિક વિસ્તાર અથવા ઔદ્યોગિક વિકાસની મોટી શકયતાવાળા બીજા કોઈ સ્થાનિક વિસ્તારને, ગ્રામ પંચાયત વિસ્તારથી અલગ પાડવો પડે તેમ હોય તો, તેને ગ્રામ કે નગર પંચાયતમાં ફેરવવો કે અલગ ઔદ્યોગિક એકમ તરીકે રહેવા દેવો જોઈએ ?

તેની જરૂરિયાત સંતોષે તેવા સ્થાનિક વહીવટ સાથે વિસ્તારનું અલગ ઔદ્યોગિક એકમ રચવું જોઈએ.

૫. આવા ઔદ્યોગિક વિસ્તારને અલગ સ્વતંત્ર એકમ તરીકે ગણવાનું સૂચન સ્વીકારવામાં આવે તો તેને પંચાયત રાજ સાથે સુસંગત બનાવવા, ક્યું રૂપ આપવું જોઈએ? આવા એકમનું યોગ્ય નામ શું હોઈ શકે ? તેનીરચના કઈ રીતે કરવી ? તેની ફરજો અને જવાબદારીઓ શી હોઈ શકે? આવા એકમની રચના માટે ચૂંટણી શકય બને ? જો ન બને તો, નિયુકિતનો સિધ્ધાંત અપનાવી શકાય? જો અપનાવી શકાય, તો કોણ કોને નિયુકત કરે ?

અલગ એકમ તરીકે રચાયેલ ઔદ્યોગિક વિસ્તારને ઉદ્યોગનગર કહેવો અને તેનો નાગરિક વહીવટ ઉદ્યોગનગર પંચાયત હસ્તક હોવો જોઈએ. આ પંચાયતે, પંચાયતરાજના માળખામાં રહી કામગીરી બજાવવી જોઈએ. ફકરા ૬.૧ માં સૂચવ્યા પ્રમાણે, ચૂંટણી તેમજ નિયુકત દ્વારા ઉદ્યોગ-નગર પંચાયત રચાવી જોઈએ. તેની ફરજો અને જવાબદારીઓ, પ્રકરણ ૮ માં સૂચવેલ ખાસ જોગવાઈઓને અધીન રહી ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળની નગર પંચાયતની ફરજો અને જવાબદારીઓ જેવી જ રહેશે.

૬. આવું ઔદ્યોગિક એકમ રચવામાં આવે તો તેને ગ્રામ કે નગર પંચાયત સાથે જોડવાને બદલે સીધું તાલુકા પંચાયત સાથે જોડવું જોઈએ ? જો હા, તો; આવાં ઔદ્યોગિક એકમો પાસેથી સીધી રીતે વેરા વસૂલ કરવાની સત્તા તાલુકા પંચાયતને આપવી જોઈએ?

ઉદ્યોગનગર પંચાયત જિલ્લા પંચાયતના સીધા નિયંત્રણ નીચે હોવી જોઈએ, પરંતુ ઉદ્યોગનગર પંચાયતના પ્રતિનિધિને તાલુકા પંચાયતના સહ સભ્ય તરીકે નીમીને જે તાલુકા પંચાયતના ક્ષેત્રા-ધિકારમાં તે આવેલ હોય તેની સાથે સંકળાયેલી હોવી જોઈએ. તાલુકા પંચાયતને ઉદ્યોગનગર પંચાયતના વિસ્તારમાં કરવેરા નાખવાની સત્તા ન હોવી જોઈએ.

૭. આવાં ખાસ એકમોને સીધાં તાલુકા પંચાયતો સાથે જોડવાની ભલામણ કરવામાં આવે તો—

(ક) તાલુકા પંચાયતમાં તેમનું પ્રતિનિધિત્વ કેટલા પ્રમાણમાં અને કયા પ્રકારનું હોવું જોઈએ ?

(ખ) આવાં ઔદ્યોગિક એકમ પર તાલુકા પંચાયતની દેખરેખ અને નિયંત્રણનું પ્રમાણ કેટલું હોવું જોઈએ ? અને

(ગ) આવાં ઔદ્યોગિક એકમો પ્રત્યે તાલુકા પંચાયતની અને તાલુકા પંચાયત પ્રત્યે આવા એકમની ફરજો અને જવાબદારીઓ શી હોવી જોઈએ? આ તથા તાલુકા પંચાયત સાથેના સંબંધ સ્પષ્ટ કરવામાં સહાયરૂપ અન્ય સંબંધિત પાસાં વિચારણામાં લેવાં.

ઉપરના મુદ્દા નં. ૬ ના જવાબમાં જણાવ્યા પ્રમાણે, ઉદ્યોગનગર પંચાયતને તાલુકા પંચાયતની કામગીરી સાથે સાંકળવાની વ્યવસ્થા કરવી જોઈએ, પરંતુ ઉદ્યોગનગર પંચાયત પર તાલુકા પંચાયતનાં દેખરેખ કે નિયંત્રણ હોવાં ન જોઈએ.

૮. ઔદ્યોગિક એકમો પાસેથી લેવાના કરવેરા સામે તાલુકા પંચાયતનાં ખાસ કાર્ય કયાં હોવાં જોઈએ ? તાલુકા પંચાયતે વસૂલ કરેલ આવા કરવેરાની અમુક ટકાવારી, જે વિસ્તારમાં આવાં ઔદ્યોગિક એકમ અસલમાં આવેલાં હતાં, તે વિસ્તારની અથવા તે વિસ્તારમાંથી આવાં ઔદ્યોગિક એકમ અલગ રીતે રચવામાં આવ્યાં હોય તે વિસ્તારની ગ્રામ પંચાયતને આપવી જોઈએ ?

ઉપરના મુદ્દા નં. ૬ નો જવાબ જોતાં, આ મુદ્દો ઉપસ્થિત થતો નથી.

૯. સમિતિએ કરેલ જુદી જુદી ભલામણોના અમલ માટે, ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં કયા કયા ખાસ સુધારા કરવા પડશે ?

આ હેવાલના પ્રકરણ ૮ માં ભલામણ કર્યા પ્રમાણે, ઉદ્યોગનગર પંચાયતનાં બંધારણ, સત્તા, કાર્યો, વગેરેને લગતી ખાસ જોગવાઈઓ સાથે, ગુજરાત પંચાયત અધિનિયમમાં ઉદ્યોગનગર પંચાયત માટે અલગ પ્રકરણ હોવું જોઈએ. વધુમાં, નગર પંચાયતોને લાગુ પડતી બીજી તમામ જોગવાઈઓ, જરૂરી સુધારા વધારા સાથે, ઉદ્યોગનગર પંચાયતોને પણ લાગુ પાડવી જોઈએ.

૧૦. સમિતિએ કરેલ ભલામણોને અમલમાં મૂકવામાં રાજ્ય પર કોઈ આર્થિક જવાબદારી આવતી હોય તો તે કેટલી હશે.

ઉદ્યોગનગરની રચનાથી અસર પામેલ ગ્રામપંચાયત કે પંચાયતોને રાજ્ય સરકારના વિવેકાધિકાર અનુસાર કરવાની ખાસ ગ્રાન્ટ ચૂકવણી સિવાય, સમિતિની ભલામણોને અમલમાં મૂકવામાં રાજ્ય પર કોઈ આર્થિક જવાબદારી આવશે નહિ.

૧૧. ઔદ્યોગિક વસ્તી સામાન્ય રીતે, માલિકો, કર્મચારીઓની તથા થોડા પ્રમાણમાં વેપારીઓ, ટ્રેડ યુનિયનો તથા અન્ય મંડળોની બનેલી હોઈ, આવાં નગરનું પ્રતિનિધિત્વ, આખા નગરને એક મતદાર-મંડળ ગણીને પુખ્ત મતાધિકારના સાદા ધોરણે રાખવું કે જુદા જુદા હિત પર આધારિત જુદાં જુદાં મતદાર મંડળ દ્વારા જુદા જુદા હિતના પ્રતિનિધિત્વવાળું રાખવું તે વિચારવું જોઈએ. જો આમ કરવાનું હોય તો આવા પ્રતિનિધિત્વ માટેનું ધોરણ અને તેનું પ્રમાણ શું હોઈ શકે?

જુદાં જુદાં હિતને ઉદ્યોગનગર પંચાયત પર કઈ રીતે પ્રતિનિધિત્વ આપવું, એ બાબત પ્રકરણ ૬માં દર્શાવી છે.

## પ્રકરણ ૧૦

## મુખ્ય ભલામણો અથવા તારણો

૧. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત નીચેની શરતો સંતોષતો/તી હોય તો તેમના પોતાના સ્થાનિક તંત્ર સાથે અલગ એકમ તરીકે તેમની રચના કરવી જોઈએ :—

(૧) વિસ્તાર જુદા જુદા ભાગમાં વહેંચાયેલ નહીં પરંતુ સંઘટિત હોવો જોઈએ ;

(૨) ઔદ્યોગિક વિસ્તારના કિસ્સામાં ત્યાંના રહેવાસીઓની સંખ્યા અને ઔદ્યોગિક વસાહતના કિસ્સામાં પ્લોટના વ્યક્તિગત માલિકો તથા વસાહતમાં કામે રખાયેલ વ્યક્તિઓ સહિત તે વસાહતમાં રહેતી વ્યક્તિઓની સંખ્યા ૫૦૦ થી ઓછી ન હોવી જોઈએ ;

(૩) ઔદ્યોગિક વિસ્તારના કિસ્સામાં, ઉદ્યોગે પાણી પુરવઠો, ડ્રેનેજ, રસ્તા શેરીની દીવાબત્તી, સેનિટેશન, સફાઈ દવાખાના, જેવી આવશ્યક નાગરિક સવલતો પૂરી પાડી હોવી જોઈએ. ઔદ્યોગિક વસાહતના કિસ્સામાં, વસાહતનો હવાલો ધરાવતા તંત્રે ઉકત આવશ્યક નાગરિક સવલતો પૂરી પાડી હોવી જોઈએ અથવા ઓછામાં ઓછા ત્રણ વર્ષના ગાળામાં તે સવલતો પૂરી પાડવાની બાંયધરી આપી, તે સવલતો પૂરી પાડવા જવાબદાર રહેવું જોઈએ.

(૪) ઉદ્યોગે અથવા વસાહતનો હવાલો ધરાવતા તંત્રે, ઉપરના (૩) માં ઉલ્લેખેલ નાગરિક સવલતો, તેના પોતાના ખર્ચે જાળવવાની બાંયધરી આપી તે માટે જવાબદાર રહેવું જોઈએ (૪.૩ અને ૪.૪).

૨. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત સંપૂર્ણત : મ્યુનિસિપાલિટી કે નગર પંચાયતની હદમાં આવેલ હોય અથવા અંશત: આવી હદમાં અને અંશત: પડોશની ગ્રામ પંચાયત કે પંચાયતોની હદમાં આવેલ હોય ત્યાં સમગ્ર ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને એકજ સ્થાનિક તંત્ર, એટલે કે, મ્યુનિસિપાલિટી કે નગર પંચાયતના અધિકારક્ષેત્ર હેઠળ લાવવાં જોઈએ (૪.૫).

૩. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહત બે કે વધુ ગ્રામ પંચાયતની હદમાં આવેલ હોય અને તેને અલગ એકમ તરીકે રચવા માટે સૂચવાયેલ શરતો સંતોષાતી ન હોય ત્યાં, ગ્રામ પંચાયતોની હદમાં યોગ્ય સુધારા કરીને સમગ્ર ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને એકજ ગ્રામ પંચાયતના અધિકારક્ષેત્ર હેઠળ લાવવા જોઈએ (૪.૬).

૪. આખો ઔદ્યોગિક વિસ્તાર કે તેનો ભાગ, પંચાયતના અધિકારક્ષેત્રમાંથી અલગ કરવામાં આવ્યા પછી આવી પંચાયતનો બાકીનો વિસ્તાર સ્વતંત્ર એકમ તરીકે ચાલુ રહેવા માટે ઘણો નાનો હોય તો યોગ્ય જણાય તે પ્રમાણે તેને પડોશની નગર કે ગ્રામ પંચાયતમાં ભેળવી દેવો જોઈએ (૪.૭).

૫. અલગ એકમ તરીકે રચવામાં આવેલ ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતને, પંચાયત રાજ સંઘટનના નીચલા સ્તરે "ઉદ્યોગનગર" તરીકે ઓળખાતી એક વધુ કક્ષા ઉમેરીને તે સંઘટનમાં સમાવવા જોઈએ (૫.૬).

૬. ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતનું ઉદ્યોગનગરના રૂપમાં અલગ એકમ રચવા માટે, ઔદ્યોગિક વિસ્તાર કે વસાહતનો હવાલો સંભાળતા વ્યવસ્થાપક મંડળે કે તંત્રે નિયત ફોર્મમાં રાજ્ય સરકારને અરજી કરવી જોઈએ અને આવી અરજી મળ્યે, ફકરા ૪.૩ કે ૪.૪ માં દર્શાવેલી શરતોનું પાલન થતું હોવાની રાજ્ય સરકારને ખાતરી થાય તો તે ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના કબજામાંના વિસ્તારને ઉદ્યોગનગર તરીકે જાહેર કરવાનો પોતાનો ઈરાદો સરકારી ગેઝેટમાં જાહેર કરી, વાંધાઓ અને સૂચનો મંગાવશે (૬.૭).

૭. રાજ્ય સરકાર, અનેક વાંધા અને સૂચનો પર વિચારણા કર્યા બાદ, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના કબજામાંના વિસ્તારને અલગ એકમ તરીકે ગણવાનું નક્કી કરે તો તેણે, તે વિસ્તારને જમીન મહેસૂલ કોડ હેઠળ અલગ મહેસૂલી ગામમાં ફેરવવો જોઈએ અને પછી, ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ "ઉદ્યોગનગર" તરીકે જાહેર કરવો જોઈએ. (૫.૭)

૮. દરેક "ઉદ્યોગનગર" માટે ઉદ્યોગનગર પંચાયત રચવી જોઈએ. તેમાં ઓછામાં ઓછા ૯ અને વધુમાં વધુ ૧૫ સભ્યો હોવા જોઈએ (૬.૧)

૯. ઉદ્યોગનગર પંચાયતની બે-તૃતીયાંશ બેઠક, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે નિયુકત કરેલ વ્યકિતઓથી ભરવી અને બાકીની એક તૃતીયાંશ બેઠક, ઉદ્યોગનગરના નિવાસીઓમાંથી ચૂંટણી દ્વારા ભરવી જોઈએ. ચૂંટણીથી ભરવાની એક બેઠક, સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈએ.

૧૦. ઉદ્યોગનગર ફંડ બે વિભાગમાં એટલે કે (૧) સામાન્ય ફંડ, અને (૨) ખાસ ફંડમાં રાખવું જોઈએ.

સામાન્ય ફંડમાં, પંચાયત વિસ્તારમાં નાગરિક સવલતો પૂરી પાડવા કે જાળવવા તેમજ આ સવલતો વિસ્તારવા માટે, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે પૂરાં પાડેલ તમામ નાણાં તથા ખાસ ફંડમાં ચૂકવવાપાત્ર હોય તેવી બાબતો સિવાયની, ગ્રામ કે નગર પંચાયતને ચૂકવવા પાત્ર બીજી બધી બાબતોનો સમાવેશ થવો જોઈએ.

ખાસ ફંડમાં પંચાયત દ્વારા નાખવામાં આવે કે પંચાયતને સોંપવામાં આવે તેવા તમામ કરવેરા કે ફીની આવક અને દાન કે ફાળા રૂપે પંચાયતને આપવામાં આવે તે રકમનો સમાવેશ થવો જોઈએ (૬.૨)

૧૧. ઉદ્યોગનગર પંચાયતમાં, (૧) સામાન્ય ફંડના વહીવટ માટે કારોબારી સમિતિ અને (૨) ખાસ ફંડના વહીવટ માટે કલ્યાણ સમિતિ એમ બે સમિતિઓ હોવી જોઈએ.

કારોબારી સમિતિમાં, પંચાયત નક્કી કરે તે પ્રમાણે ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ આઠ સભ્યો હોવા જોઈએ; સમિતિ પરના નિયુકત અને ચૂંટાયેલા સભ્યોની સંખ્યા, શકય હોય ત્યાં સુધી, ઉદ્યોગનગર પંચાયત પરના પ્રમાણ જેટલા જ પ્રમાણમાં રહે. ઉદ્યોગનગર પંચાયતના ચેરમેન, હોદ્દાની રૂએ કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

કલ્યાણ સમિતિ, પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યો અને તેટલી જ સંખ્યાના નિયુકત સભ્યોની બનેલી હોવી જોઈએ. આ સમિતિના ચેરમેન, સમિતિના ચૂંટાયેલા સભ્યોમાંથી નીમવા જોઈએ (૬.૩)

૧૨. પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી બહુમતી સભ્યો સહમત ન થાય તો પંચાયત વિસ્તારમાં રહેતી વ્યકિતઓ કે કોઈ વર્ગની આવી વ્યકિતઓ પર સીધી કે આડકતરી રીતે નાણાકીય બોજો વધારે તેવા કરવેરા કે ફી નાખી શકાશે નહિ (૬.૪)

૧૩. ખાસ ફંડનાં નાણાં, પંચાયત વિસ્તારના રહેવાસીઓના લાભ માટે કોઈ સવલતની જોગવાઈ કરવા કે કોઈ કલ્યાણ પ્રવૃત્તિ ચલાવવા અથવા પંચાયતને જે ખાસ હેતુ માટે દાન કે ફાળા ચૂકવાયા હોય તે ખાસ હેતુ માટે અને કલ્યાણ સમિતિ બહાલ રાખે તેવા અન્ય હેતુ માટે જ વાપરવા જોઈએ (૬.૫)

૧૪. ઉદ્યોગનગર પંચાયત, જિલ્લા પંચાયતના સીધા નિયંત્રણ અને દેખરેખ હેઠળ હોવી જોઈએ તે, તાલુકા પંચાયતની તાબેદાર કે તેના કોઈ કરવેરાને આધીન હોવી ન જોઈએ. (૬.૬)

૧૫. તાલુકા કક્ષાએ સંપર્ક સાધવા માટે ઉદ્યોગનગરના પંચાયતના પ્રતિનિધિ તાલુકા પંચાયતના સાથીસદસ્ય તરીકે નીમવો જોઈએ. (૬.૬)

૧૬. નાગરિક સવલતો જાળવવા અને વિસ્તારવા માટે, ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતના વ્યવસ્થાપક મંડળે જોગવાઈ કરેલાં નાણાં, ઉદ્યોગનગર પંચાયતે જિલ્લા વિકાસ ફંડમાં ચૂકવવાપાત્ર ફાળો નક્કી કરવા માટે તેની આવક તરીકે ગણવાં ન જોઈએ (૬.૭ )

૧૭. ગ્રામ પંચાયતના અધિકારક્ષેત્રના આવેલ વિસ્તાર, ઉદ્યોગનગર રચવા માટે અલગ પાડવામાં આવે ત્યાં ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનું વ્યવસ્થાપક મંડળ, અસર પામેલ ગ્રામ પંચાયત કે પંચાયતોને સરકાર નક્કી કરે તેટલો ફાળો પાંચ વર્ષના મર્યાદિત સમય સુધી ઘટતા જતા દરે આપે અથવા આ શકય ન હોય તો સરકાર આવી પંચાયતોને ખાસ ગ્રાન્ટ આપી શકે. અથવા, સરકાર પોતે નક્કી કરે તેવા યોગ્ય દરે ઉદ્યોગનગર પંચાયત પર ખાસ બિન-ખેતી સેસ નાખી, જિલ્લામાંથી એકઠી થયેલ સેસની ઊપજ, અસર પામેલ પંચાયતોના લાભ માટે, જિલ્લા પંચાયતને ચૂકવી શકે (૭.૩,૭.૪ અને ૭.૫)

૧૮. ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની, નગર પંચાયતોને લગતી જોગવાઈઓ, ભલામણ ૮.૨ માં દર્શાવેલી ખાસ જોગવાઈઓને અધીન રહી, યોગ્ય સુધારાવધારા સાથે ઉદ્યોગનગર પંચાયતને લાગુ પાડવી જોઈએ.

# પરિશિષ્ટ ૧

(ફકરો ૧.૫)

## પ્રશ્નાવલી

(૧) સામાન્ય

૧. ઉદ્યોગનગર જે નામે ઓળખાતું હોય તે નામ.

૨. હાલનું પૂરું સરનામું—

(ક) રજિસ્ટર્ડ ઓફિસ.

(ખ) કારખાનું.

૩. ખાનગી સંસ્થા છે કે કેમ.

૪. જાહેર સંસ્થા છે કે કેમ.

૫ જોઈન્ટ સ્ટોક કે ભાગીદારી કંપની છે.

૬. એક વ્યકિતની માલિકીની અને તેના દ્વારા ચલાવવામાં આવે છે કે કેમ.

૭. મેનેજિંગ એજન્ટ હોય તો તેનું નામ, રહેવાનું સ્થળ કે રજિસ્ટર્ડ ઓફિસ અને સરનામું.

(૨) ભૌગોલિક બાબતો

૮. જે ગ્રામ અથવા નગરની હદમાં આ નગર આવેલ હોય તે ગ્રામ અથવા નગરનું નામ, તેની વસ્તી અને એકર વિસ્તાર.

૯. જે તાલુકા પંચાયતની હદમાં આ નગર આવેલ હોય તે તાલુકા પંચાયતનું નામ.

૧૦. જે જિલ્લા પંચાયતની હદમાં આ નગર આવેલ હોય તે જિલ્લા પંચાયતનું નામ.

૧૧. નગરનો વિસ્તાર, એકરમાં.

૧૨. નગરના વિસ્તાર અને હદ તથા પડોશનાં ગામ કે નગરથી અંતર દર્શાવતો નકશો આપવો.

૧૩. નગરના વિસ્તારમાં ખેત જમીનનો સમાવેશ થાય છે કે કેમ, જો થતો હોય તો, કેટલા એકર.

૧૪. ખેત જમીનમાંથી વસૂલ કરાતી જમીન મહેસૂલની વાર્ષિક સરેરાશ રકમ.

૧૫. નગર વસેલ હોય તે જમીનના ઈલાખાનો પ્રકાર અને વિગતો, કોઈ શરતો હોય તો તે સાથે.

૧૬. કોઈ પણ સ્થાનિક તંત્રે નાખેલ કરવેરા અને ફી ભરવામાંથી નગરને મુકિત મળેલ છે કે કેમ. જો મળી હોય તો, કાયમ માટે કે નિયત મુદત માટે ?

## (૩) ઉદ્યોગ સંબંધી બાબતો

૧૭. ઉદ્યોગ નીચેનાને લગતો છે કે કેમ તે અંગેની વિગતો સાથે ઉદ્યોગનો પ્રકાર.

(ક) ઉત્પાદન કરતો.
(ખ) પ્રક્રિયા કરતો.
(ગ) ખેતી
(ડ) બીજો કોઈ પ્રકાર.

૧૮. નગરમાંનો ઉદ્યોગ—

(ક) બરાબર જામી ગયો છે કે કેમ, જો એમ હોય તો તેની સ્થાપનાની તારીખ આપવી.
(ખ) ઠીક ઠીક પ્રમાણમાં જામી ગયો છે કે કેમ, જો એમ હોય તો તેની સ્થાપનાની તારીખ આપવી.
(ગ) નવો સ્થપાયેલ છે કે કેમ, જો એમ હોય તો તેની સ્થાપનાની તારીખ આપવી.

૧૯. નગરનું કેપિટલ ખર્ચ.

૨૦. ૧૯૬૨-૬૩ દરમિયાન ખરેખર ખર્ચ—

(ક) આવર્તક
(ખ) અનાવર્તક

૨૧. ૧૯૬૨-૬૩ દરમિયાન ખરેખરી આવક.

૨૨. ૧૯૬૨--૬૩ દરમિયાન ચોકખો નફો કે ખોટ.

૨૩. છેલ્લો વાર્ષિક વહીવટ-હેવાલ પ્રસિધ્ધ કર્યો હોય તો તે મોકલવો.

૨૪. ૧૯૬૧ના વસ્તી-પત્રક અનુસાર, નગરની વસ્તી—

(ક) કર્મચારીઓ અને તેમનાં કુટુંબની.
(ખ) અન્ય, હોય તો.

૨૫. કર્મચારીઓ અને કામદારોની સંખ્યા—

(ક) વહીવટી
(ખ) કુશળ
(ગ) બિન-કુશળ.

૨૬. આ નગર, પડોશની પંચાયતોના બેરોજગાર અથવા અંશત: રોજગાર મેળવવા મજૂરોને નોકરીમાં રાખે છે કેમ.

૨૭. ઉદ્યોગ વિસ્તારમાંના તેના કર્મચારીઓ અને કામદારો માટે તે નગરમાં મકાનો બાંધ્યા છે કે કેમ, બાંધ્યા હોય તો તેની વિગત આપવી.

૨૮. નગરમાં સક્રિય મજૂર સંઘના નામ.

૨૯. દરેક મજૂર સંઘના હોદ્દેદારોનાં નામ.

૩૦. ૧૯૬૨-૬૩ દરમિયાન, નગરના કામદારોમાંથી દરેક મજૂર સંઘના સભ્યોની સંખ્યા.

૩૧. સંયુકત કામદાર અને વ્યવસ્થાપક મંડળ સમિતિ સહિત, નગરમાં કામ કરતી જુદી જુદી સમિતિનાં નામ.

૩૨. આ સમિતિઓના કાર્ય.

૩૩. આ સમિતિઓના હોદ્દેદારોનાં નામ.

૩૪. નગર દ્વારા પાણી, સેનિટેશન, વીજળી, રસ્તા વગેરે જેવી કોઈ નાગરિક સવલત પૂરી પાડવામાં આવે છે કે કેમ, જો હા તો, પૂરતી વિગત આપો.

૩૫. નગર, શૈક્ષણિક અને તબીબી સવલતો પૂરી પાડે છે કે કેમ, વિગતો આપવી.

૩૬. નગર, વિસ્તારમાં બીજી કોઈ સગવડ કે સવલત પૂરી પાડે છે કેમ.

૩૭. નગર, ગ્રામ કે પંચાયતને કોઈ કરવેરા કે ફી ચૂકવે છે કે કેમ અને ચૂકવતું હોય તો કયા? આવી ગ્રામ, નગર પંચાયત સાથેના કરાર કે વ્યવસ્થાની વિગત આપવી.

(૪) ખાસ બાબતો.

૩૮. હાલ પૂરતું માન્યતા માટે વિચારવા જરૂરી ન હોય તેવા ઉદ્યોગનું કદ, પ્રકાર અને વર્ગ કયા હોવા જોઈએ ?

૩૯. કેટલા કદથી મોટા ઉદ્યોગને હાલ પૂરતો વિચારણામાં લેવો જોઈએ અને આવી માન્યતાનો પ્રકાર શો હોવો જોઈએ ?

૪૦. જે પંચાયતના અધિકારક્ષેત્રમાં ઉદ્યોગ આવેલ હોય તે ગામની વસ્તી કરતાં ઉદ્યોગની વસ્તી ઘણી વધારે હોય તો ઉદ્યોગને ગામ વિસ્તારમાંથી અલગ કરી, નવું મહેસૂલી ગામ રચવું જોઈએ ?

૪૧. ઉદ્યોગ કે ઔદ્યોગિક વસાહતનો વિસ્તાર, એકથી વધુ પંચાયતના અધિકાર ક્ષેત્રમાં આવતો હોય ત્યાં જે તે પંચાયતોના જે તે વિસ્તારોમાંથી, વિસ્તાર અલગ પાડી, ઉદ્યોગનગરના વિસ્તારને જ આવરી લેતું નવું મહેસૂલી ગામ રચી શકાય કે નહિ ?

૪૨. અલગ વહીવટી વિસ્તાર તરીકે રચી શકાય તેવા ખાનગી પેઢી કે કંપની કે કોરપોરેશનની માલિકીના આવા ઔદ્યોગિક વિસ્તારને અથવા ઔદ્યોગિક વિકાસની સારી એવી શકયતા-વાળા બીજા કોઈ સ્થાનિક વિસ્તારને, ગ્રામ પંચાયત વિસ્તારમાંથી અલગ પાડવામાં આવે તો ગ્રામ કે નગર પંચાયત તરીકે તેની રચના કરવી કે તેને સ્વતંત્ર ઔદ્યોગિક એકમ તરીકે રહેવા દેવો જોઈએ ?

૪૩. આવા ઔદ્યોગિક વિસ્તારને સ્વતંત્ર ઔદ્યોગિક એકમ તરીકે ગણવાની દરખાસ્ત સ્વીકા-રવામાં આવે તો તેને પંચાયત રાજ સાથે સુસંગત બનાવવા, તેને કયું રૂપ આપવું જોઈએ? આવા એકમનું યોગ્ય નામ શું હોઈ શકે ? તેની રચના કઈ રીતે કરવી જોઈએ ? તેની ફરજો અને જવાબદારીઓ શી હોઈ શકે ? આવા એકમની રચના માટે ચૂંટણી શકય બને ? તેમ ન બને તો, નિયુકિતનો સિધ્ધાંત અપનાવવો જોઈએ ? જો હા તો કોણ કોને નિયુકત કરે ?

૪૪. આવું ઔદ્યોગિક એકમ રચવામાં આવે તો તેને ગ્રામ કે નગર પંચાયતને બદલે સીધું તાલુકા પંચાયત સાથે જોડવું જોઈએ? અને તો આવા ઔદ્યોગિક એકમ પાસેથી સીધા જ કરવેરા વસૂલ કરવાની સત્તા તાલુકા પંચાયતને આપવી જોઈએ ?

૪૫. આવા ખાસ એકમને તાલુકા પંચાયત સાથે સીધા સાંકળવાની ભલામણ કરવામાં આવે તો—

(ક) તાલુકા પંચાયતમાં કેટલા પ્રમાણમાં અને કઇ રીતે તેમનું પ્રતિનિધિત્ત્વ હોવું જોઇએ.

(ખ) આવા ઔદ્યોગિકએકમ પર, તાલુકા પંચાયતનું દેખરેખ અને નિયંત્રણ કેટલા પ્રમાણમાં હોવાં જોઇએ.

(ગ) આવા ઔદ્યોગિક એકમ પ્રત્યે તાલુકા પંચાયતની અને તાલુકા પંચાયત પ્રત્યે આવા ઔદ્યોગિક એકમની ફરજો અને જવાબદારીઓ શું હોઇ શકે?

(ઘ) તાલુકા પંચાયત સાથેના સંબંધની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં સહાયરૂપ અન્ય સંબંધિત પાસાં વિગતવાર જણાવવાં.

૪૬. ઔદ્યોગિક એકમ પાસેથી કરવેરા રૂપે મળેલ રકમના બદલામાં તાલુકા પંચાયતે સંભાળવાનાં ખાસ કાર્ય કયાં હોવાં જોઈએ ? તાલુકા પંચાયતે વસૂલ કરેલ આવા કરવેરાની અમુક ટકા રકમ, આવાં ઔદ્યોગિક એકમ શરૂઆતમાં જે ગ્રામ પંચાયતના વિસ્તારમાં આવેલાં હોય અથવા જેના વિસ્તારમાંથી આ ઔદ્યોગિક એકમોની અલગ રીતે રચના કરવામાં આવી તે ગ્રામ પંચાયતને આપવી જોઈએ ?

૪૭. કરવામાં આવેલ ભલામણોને અમલમાં મૂકવામાં જરૂરી બનતા કયા ખાસ સુધારા ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં કરવા જોઈએ?

૪૮. આ ભલામણોને અમલમાં મૂકવામાં રાજ્ય પર કશી નાણાકીય જવાબદારી આવતી હોય તો તે કેટલી હશે?

૪૯. ઔદ્યોગિક વસ્તી, સામાન્ય રીતે, માલિકો, કર્મચારીઓ અને થોડા પ્રમાણમાં વેપારીઓ, મજૂર સંઘ અને બીજાં સંઘટનોની બનેલી હોઈ, આખા નગરને એક મતદાર મંડળ ગણીને સાદા પુખ્ત મતાધિકારના ધોરણે અથવા જુદા જુદા હિતનું તે પ્રતિનિધિત્વ કરે તે રીતે અથવા આવા જુદા જુદા હિત પર આધારિત અલગ મતદાર મંડળ દ્વારા આવા નગરનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ કે કેમ તે જણાવવું. જો એમ થાય તો, આવા પ્રતિનિધિત્વનું ધોરણ અને તેનું પ્રમાણ શું હોઈ શકે?

૫૦. પ્રસ્તુત વિષય સાથે સીધી કે આડકતરી રીતે સંબંધ ધરાવતી અન્ય કોઈ આનુષંગિક બાબત.

## પરિશિષ્ટ-૨

(ફકરો ૧.૫)

### જેમને પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી તે અધિકારીઓ, સંસ્થાઓ વગેરેની યાદી

૧. બધા મંત્રીશ્રીઓ
૨. બધા નાયબ મંત્રીશ્રીઓ
૩. સચિવાલયના બધા વિભાગ
૪. બધાં ખાતાંના વડા
૫. ઉદ્યોગ-નિયામક
૬. વિભાગોના કમિશનર
૭. બધા કલેક્ટર
૮. ગુજરાત રાજ્યના બધા સંસદ-સભ્યો
૯. વિધાનસભાના બધા સભ્યો
૧૦. રાજ્ય પંચાયત પરિષદના બધા સભ્યો
૧૧. ડાયરેક્ટર જનરલ, અખિલ ભારત સ્થાનિક સ્વરાજ સંસ્થા, મુંબઈ
૧૨. નિયામક, અખિલ ભારત સ્થાનિક સ્વરાજ સંસ્થાની ગુજરાત શાખા, અમદાવાદ.
૧૩. માહિતી નિયામક
૧૪. રાજ્યની બધી નગરપાલિકાઓના પ્રમુખ
૧૫. મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન
૧૬. ગુજરાત રાજ્યનાં બધાં મજૂર અને કર્મચારી સંઘટનો
૧૭. ગુજરાત રાજ્યના બધાં વેપારી મંડળ
૧૮. મજૂર કમિશનર
૧૯. કારખાનાંના મુખ્ય નિરીક્ષક
૨૦. સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર, અમદાવાદ.
૨૧. સમાજ કલ્યાણ નિયામક, અમદાવાદ.
૨૨. તબીબી અને આરોગ્ય સેવાઓના નિયામક, અમદાવાદ
૨૩. ખેતી નિયામક, અમદાવાદ
૨૪. ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન, અમદાવાદ.
૨૫. ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ.
૨૬. અમદાવાદ મિલ માલિક મંડળ, અમદાવાદ.
૨૭. અમદાવાદ ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ.
૨૮. ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લિ., ઔદ્યોગિક વસાહત, ઉધના.
૨૯. નવસારી ઉદ્યોગનગર સહકારી સંઘ લિ., નવસારી
૩૦. વલસાડ વેપારી મહામંડળ
૩૧. ભરૂચ વેપારી મંડળ.
૩૨. અતુલ પ્રોડક્ટસ લિ., અતુલ
૩૩. તાતા કેમિકલ્સ લિ., મીઠાપુર
૩૪. દિગ્વિજય સિમેન્ટ કું. લિ., સિક્કા
૩૫. દિગ્વિજય ટાઈલ્સ એન્ડ પોટરી વર્ક્સ, વગડિયા.
૩૬. પરશુરામ પોટરી વર્ક્સ, મોરબી
૩૭. સૌરાષ્ટ્ર સિમેન્ટ એન્ડ કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ, રાણાવાવ
૩૮. એસોસિયેટેડ સિમેન્ટ કું. લિ., દ્વારકા
૩૯. એસોસિયેટેડ સિમેન્ટ કું. લિ., પોરબંદર
૪૦. વડોદરા ઈન્ડસ્ટ્રીઝ કોરપોરેશન, વડોદરા
૪૧. ઉધના ઉદ્યોગનગર, ઉધના
૪૨. નવસારી ઉદ્યોગનગર સહકારી સંઘ, નવસારી

૪૩. વલસાડ વેપારી મહામંડળ
૪૪. ભરૂચ વેપારી મંડળ
૪૫. અશ્વિન ઈન્ડસ્ટ્રીઝ, સમલાયા
૪૬. એસોસિયેટેડ સિમેન્ટ કું. લિ., સેવાલિયા
૪૭. ગુજરાત વેપારી મહામંડળ, વડોદરા
૪૮. ચરોતર ગ્રામોદ્યોગ સહકારી મંડળી, વિદ્યાનગર
૪૯. દિગ્વિજય સિમેન્ટ કું. લિ.,
૫૦. ગુજરાત સ્ટીલ ટ્યુબ્ઝ લિ., અમદાવાદ
૫૧. અંબિકા સ્ટીલ ટ્યુબ્ઝ
૫૨. એસ. એલ. એમ. માણેકલાલ ઈન્ડસ્ટ્રીઝ
૫૩. ટેસ્ટીલ લિ., દહેગામ
૫૪. સી. એમ. સી., ઈન્ડિયા લિ., અમદાવાદ
૫૫. ઈન્ડિયન ઈલેકટ્રો કેમિકલ્સ લિ., અમદાવાદ
૫૬. એર કંટ્રોલ એન્ડ કેમિકલ્સ એંજિનિયરીંગ કું. લિ., અમદાવાદ.
૫૭. એસોસિયેટેડ કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., અમદાવાદ
૫૮. મધુસૂદન વેજીટેબલ પ્રોડકટસ લિ., અમદાવાદ
૫૯. ઈન્ડિકવીપ એન્જિનિયરિંગ લિ., અમદાવાદ
૬૦. શકિત પેઈન્ટસ, અમદાવાદ.
૬૧. હિંદુસ્તાન ઓકસિજન ગેસ કું. લિ., અમદાવાદ
૬૨. ગુજરાત મેટલ બોક્સ કું. અમદાવાદ
૬૩. અમદાવાદ ઈગલ એંજિનિયરિંગ એન્ટરપ્રાઈઝિઝ, અમદાવાદ
૬૪. ગુજરાત પેપર બોર્ડ મિલ્સ લિ., બારેજડી
૬૫. ફાઈબ્રાક પ્રા. લી., કઠવાડા
૬૬. અમદાવાદ ફલેકસીબલ ટ્યુબ મેન્યુફેકચરીંગ કું., કઠવાડા
૬૭. પ્રદીપ એન્જિનિયરીંગ કોરપોરેશન, સૈજપુર બોઘા
૬૮. સેલ્યુલોઝ પ્રોડક્સ ઓફ ઈન્ડિયા લિ., કઠવાડા
૬૯. સુહદ ગાઈગી લિ., વડોદરા
૭૦. મફતલાલ ફાઈન સ્પિનિગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કું., નવસારી
૭૧. કુલીન ઈન્ડસ્ટ્રીઝ, જામનગર
૭૨. એચ. સી. શાહ, ઠે. ધી સ્ટાન્ડર્ડ એન્જિનિયરિંગ પ્રોડકટસ, મુંબઈ
૭૩. ઓખામંડળ તાલુકા પંચાયત, દ્વારકા
૭૪. સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી
૭૫. બધી જિલ્લા પંચાયતોના પ્રમુખ
૭૬. બધી તાલુકા પંચાયતના પ્રમુખ
૭૭. નાયબ ઉદ્યોગ નિયામક, વડોદરા અને રાજકોટ.
૭૮. બધા જિલ્લા વિકાસ અધિકારી.

## પરિશિષ્ટ ૩

(ફકરો ૧.૬)

### પ્રશ્નાવલિના વિગતે જવાબ મોકલનાર અધિકારીઓ અને સંસ્થાઓની યાદી

૧. એસોસીએટેડ સિમેન્ટ કું. લિ., સેવાલિયા.

૨. એસોસીએટેડ સિમેન્ટ કું. લિ., દ્વારકા.

૩. એસોસીએટેડ સિમેન્ટ કું. લિ., પોરબંદર.

૪. દિગ્વિજય સિમેન્ટ કું. લિ., સિક્કા (જિ. જામનગર).

૫. સૌરાષ્ટ્ર સિમેન્ટ એન્ડ કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ, રાણાવાવ.

૬. તાતા કેમિકલ લિ., મીઠાપુર.

૭. અતુલ ઈન્ડસ્ટ્રીઝ લિ., અતુલ.

૮. સેલ્યુલોઝ પ્રોડકટસ ઓફ ઈન્ડિયા લિ., કઠવાડા.

૯. ગુજરાત રાજ્ય ફર્ટિલાઈઝર કું. લિ., અમદાવાદ.

૧૦. ઈન્ડિયન રેયોન કોરપોરેનશ લિ., વેરાવળ.

૧૧. બરોડા રેયોન કોરપોરેશન લિ., વડોદરા.

૧૨. પરશુરામ પોટરી વર્કસ કું. લિ., મોરબી.

૧૩. મફતલાલ ફાઈન સ્પિનિંગ એન્ડ મેન્યુફેકચરિંગ કું. લિ., નવસારી.

૧૪. ગુજરાત વેપારી મહામંડળ, અમદાવાદ.

૧૫. ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન, અમદાવાદ.

૧૬. ગુજરાત રાજ્ય વીજળી બોર્ડ, વડોદરા (ધુવારણ થર્મલ સ્ટેશન માટે).

૧૭. અખિલ ભારત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા, મુંબઈ.

૧૮. નવસારી ઉદ્યોગનગર સહકારી સંઘ લિ., નવસારી.

૧૯. ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લિ., ઉધના.

૨૦. ઉદ્યોગનગર સહકારી સંઘ લિ. વલસાડ.

૨૧. નાના ઉદ્યોગ સહકારી વસાહત, જામનગર.

૨૨. જામનગર સહકારી ઉદ્યોગનગર સંઘ લિ., જામનગર.

૨૩. કમિશનર, વડોદરા વિભાગ, વડોદરા.

૨૪. કમિશનર, અમદાવાદ વિભાગ, અમદાવાદ.

૨૫. કલેક્ટર, બનાસકાંઠા.

૨૬. જિલ્લા ગ્રામ પંચાયત અધિકારી, સુરત.

૨૭. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.

૨૮. ગાંધીનગર બરો મ્યુનિસિપાલિટી, ગાંધીનગર.

૨૯. અંકલેશ્વર મ્યુનિસિપાલિટી.

૩૦. ઉમરેઠ મ્યુનિસિપાલિટી.

૩૧. તાલુકા પંચાયત, જંબુગામ.

૩૨. દહેગામ નગર પંચાયત.

૩૩. વીંઝોળ ગ્રામ પંચાયત (તા. દસક્રોઈ).

૩૪. નાંદેજ ગ્રામ પંચાયત (તા. દસક્રોઈ).

૩૫. કમોડ ગ્રામ પંચાયત (તા. દસક્રોઈ).

૩૬. ઘોડાસર ગ્રામ પંચાયત (તા. શહેરા).

૩૭. રખિયાલ ગ્રામ પંચાયત (તા. દહેગામ).

૩૮. નરોડા ગ્રામ પંચાયત.

૩૯. સૈજપુર(બોઘા) ગ્રામ પંચાયત.

૪૦. નિકોલ ગ્રામ પંચાયત.

૪૧. ઉધના ગ્રામ પંચાયત.

૪૨. કુડા ગ્રામ પંચાયત.

## પરિશિષ્ટ-૫

### (ફકરો ૧.૭)

**ઉદ્યોગનગર સમિતિએ મુલાકાત લીધેલ ઉદ્યોગો, ઔદ્યોગિક વસાહતો વગેરેની યાદી.**

૧. ધુવારણ થર્મલ પાવર પ્રોજેક્ટ, ધુવારણ
૨. કોયલી રિફાઈનરી, કોયલી
૩. ગુજરાત રાજ્ય ફર્ટિલાઈઝર કું. લિ., ની ફર્ટિલાઈઝરના કારખાનાની જગ્યા
૪. ઉધના ઉદ્યોગનગર, ઉધના
૫. બરોડા રેયોન કોરપોરેશન લિ., ઉધના
૬. નવસારી ઉદ્યોગનગર સહકારી સંઘ લિ., નવસારી
૭. અતુલ પ્રોડક્ટસ લિ., અતુલ
૮. નાના ઉદ્યોગ સહકારી વસાહત, જામનગર
૯. હાપા સહકારી ઔદ્યોગિક વસાહત
૧૦. દિગ્વિજય સિમેન્ટ કું. લિ., સિક્કા
૧૧. એસોસિયેટેડ સિમેન્ટ કું. લિ., દ્વારકા
૧૨. તાતા કેમિકલ્સ લિ., મીઠાપુર,
૧૩. સૌરાષ્ટ્ર કેમિકલ્સ લિ., પોરબંદર,
૧૪. એસોસીએટેડ સિમેન્ટ કું. લિ., પોરબંદર,
૧૫. સૌરાષ્ટ્ર સિમેન્ટ એન્ડ કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., રાણાવાવ

સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ